આરાધનાપ્રિય આત્માઓને માટે ત્રિકાળ આરાધનાનું સ્વરૂપ દર્શાવનાર સુપ્રસિદ્ધ

"અમૃતવેલ" નામની સજઝાય

ચેતન! જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોળતું વાળીએ, પાળીયે સહજગુણ આપ રે. ચે૦ ૧

ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ચે૦ ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીયે, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત-રત્ન રુચિ જોડીએ,છોડીએ કુમતિ મતિ કાચ રે. ચે૦ ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારના શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે. ચે૦ ૪

જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ચે૦ ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન-આનંદ ભરપૂર રે. ચે૦ ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભવ નિર્ગ્રંથ રે. ચે૦ ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે;
સુખહેતુ જિનવર કહ્યું, પાપજલ તારવા નાવ રે. ચે૦ ૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આ[illegible]

ચર્યો, પાપ અધિકરણ મિથ્યાત રે,
ઘણા, નિંદિયે તેહ ગુણ ઘાત રે ચે૦ ૧૦

અવગણી, ગુથીયા આપ મતજાલ રે,
ળ્યા, નિંદિયે તેહ જંજાલ રે. ચે૦ ૧૧

આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે,
રખીયા, દીધલો કામ ઉન્માદ રે ચે૦ ૧૨

ક્રો ધરી, સેવિયા ચાર કષાય રે,
વા, જે કિયો કઠલ ઉપાય રે ચે૦૧૩

। દિવા, જે કર્યો પિશુનતા પાપ રે,
મૃષા, વળિય મિથ્યાત્વ સંતાપ રે ચે૦ ૧૪

સેવિયાં, તેહ નિંદિયે ત્રિહુ કાલ રે,
એ, જિમ હોયે કર્મ વિસરાલ રે ચ૦ ૧૫

ન કરે, સાર જિન નામ સંયોગ રે;
ાયે, પુણ્ય અનુબંધ શુભયોગ રે. ચે૦ ૧૬

ના, ક્ષય થકી ઉપની જેહ રે;
ને, ચરણવન સિંચવા મેહ રે ચે૦ ૧૭

ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે,
ના, મૂલ ઉત્તર ગુણ ધામ રે. ચે૦ ૧૮

ક તણી જેહ સમકિતી સદાચાર રે,
ણો, તેહ અનુમોદિયે સાર રે ચે૦ ૧૯

ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
રે, સમકિત-બીજ નિરધાર રે ચે૦ ૨૦

નિત્ય મનન કરવા લાયક ભાવના

દુહા.

અરિહંત અરિહંત સમરતાં, લામે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેહનાં સરશે કામ.

સૂતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખીયાના દુઃખ ભાંગશે, લેશે સુખ અનંત.

આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ;
જેમ જગમાં સુખીયા થયા, પામ્યા લીલ વિલાસ.

ચેતન તેં એસી કરી, જેસી ન કરે કોઈ;
વિષયારસને કારણે, સર્વસ્વ બેઠો ખોઈ.

જો ચેતાય તો ચેતજે, જો બુઝાય તો બુઝ;
ખાનારા સો ખાઈ જશે, માથે પડશે તુજ.

મુનિવર ચૌદ હજારમાં, શ્રેણીક સભા મોઝાર;
વીર જિણંદ વખાણીયો, ધન્ય ધન્નો અણગાર.

રાત્રિ ગમાઈ સોવતે, દિવસ ગમાયા ખાય;
હીરા જેસા મનુષ્ય ભવ, કવડી બદલે જાય.

જસ ઘર જિનપૂજા નહી, નહી સુપાત્રે દાન;
તે કેમ પામે બાપડા, વિદ્યારૂપ નિધાન.

અનંત ચોવિસી જિન નમું, સિદ્ધ અનંતી કોડ;
કેવળનાણી મુગતે ગયા, વંદું બે કર જોડ.

બે કોડી કેવળધરા, વિહરમાન જિન વીશ;
સહસ કોડી યુગલ નમું, સાધુ નમું નિશદિન.

જે ચારિત્રે નિર્મળા, તે પંચાનન સિંહ,
વિષય કષાયને ગંજીયા, તે પ્રણમું નિશદિન ૧૧
રાંક તણી પરે રળવળ્યો, નિધણીયો નિરધાર,
શ્રી સીમંધર સાહિબા, તુમ વિણ ઇણે સંસાર ૧૨
સકલ સમીહિત પૂરવા, કલ્પવૃક્ષ અવતાર;
પાર્શ્વ પ્રભુ પ્રસન્ન સદા, શંખેશ્વર સુખકાર ૧૩
પ્રભુપૂજા ભાવે કરો, પ્રેમ ધરી મન રંગ,
દુઃખ દોહગ દૂરે ટળે, પામે સુખ મન ચંગ ૧૪
પ્રભુપૂજનકું હું ચલ્યો, કેશર ચંદન ઘનસાર,
નવ અંગે પૂજા કરી, સફળ કરું અવતાર ૧૫
શ્રી જિનેશ્વર પૂજના, ઉત્કૃષ્ટે પરિણામ,
કરતાં કેઈ જીવ પામીઆ, સ્વર્ગ-મોક્ષના ધામ ૧૬
સમકિતને અજુવાળવા, ઉત્તમ એહ ઉપાય,
પૂજાથી તમે ઓળખો, મનવાંછિત સુખ થાય ૧૭
પૂજા કુમતિની અર્ગલા, પુણ્ય સરોવર પાળ;
શિવગતિની સાહેલડી, આપે મંગળમાળ. ૧૮
જિન દર્શન પૂજન વિના, જેહના દહાડા જાય;
તે સર્વ વાંઝિયા જાણીએ, વળી જન્મ નિરર્થક થાય ૧૯
સમકિત પામે જીવને, ભવગણતીએ ગણાય;
જે વળી સંસારે ભમે, તો પણ મુક્તે જાય. ૨૦
સમકિત વિણ નવપૂરવી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય. ૨૧

વીર જિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૨૨

જ્ઞાન સમું કોઇ ધન નહિ, સમતા સમું નહિ સુખ;
જીવિત સમી આશા નહિ, લોભ સમું નહિ દુઃખ. ૨૩

સાહમ્મીના સગપણ સમું, અવર ન સગપણ હોય;
ભક્તિ કરો સાહમ્મી તણી, સમકિત નિરમળ હોય. ૨૪

પુણીઆ શ્રાવકને નમું, વીરે વખાણ્યો જેહ;
દોકડા સાડા બારમાં, સાહમ્મી ભક્તિ કરેહ. ૨૫

વિઘ્ન ટળે તપ-ગુણ થકી, તપથી જાય વિકાર;
પ્રશંસ્યો તપ-ગુણ થકી, વીરે ધન્નો અણગાર. ૨૬

કર્મ ખપે તપ જોગથી, તપથી જાય વિકાર;
ભાવમંગળ તપ જિન કહ્યો, શિવસુખનો દાતાર. ૨૭

શીલે સદ્ગતિ પામીએ, શીલે સુધરે કાજ;
શીલે સુરનર સંપદા, શીલે શિવપુર રાજ. ૨૮

જિનપ્રતિમા જિન-મંદિરા, કંચનના કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શિયળ સદેહ. ૨૯

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગજીવડા, ન લહે તત્ત્વ સંકેત. ૩૦

પ્રભુ-ભક્તિ.

શાસનનાયક સમરીએ, શ્રી મહાવીર ભગવાન;
ચોવીસે જિનરાજને, નિત્ય નમું બહુમાન ૧

અશરણ ભાવનાની સજ્ઝાય.

પલપલ છીજે આઉખું, અંજલી જલ જ્યું એહ;
ચલતે સાથે સંબલો, લેઇ શકે તો લેહ. ૧

લે અચિંત્ય ગલગ્રું ગ્રહી, સમય સીંચાણો આવી;
શરણ નહિ જિનવયણ વિણુ, તેણે હવે અશરણ ભાવિ. ૨

બીજી અશરણ ભાવના, ભાવો હૃદયમઝાર રે, ધરમ વિના પરભવ જતાં, પાપે ન લહીશ પાર રે; જાઈશ નરક દુવાર રે, તિહાં તુજ કવણ આધાર રે, ૧ લાલ સુરંગા રે પ્રાણીઆ, મૂકને મોહ જંજાળ રે; મિથ્યામતિ સવિ ટાળ રે, માયા આળ પંપાળ રે. લાલ૦ ૨ માત પિતા સુત કામિની, ભાઈ ભયણી સહાય રે; મેં મેં કરતાં રે અજ પરે, કર્મે ગ્રહ્યો જીવ જાય રે; તિહાં આડો કો નવિ થાય રે, દુઃખ ન લીયે વહેંચાય રે. લાલ૦ ૩ નંદની સોવન ડુંગરી, આખર નાવી કો કાજ રે, ચક્રી સુભૂમ તે જલધિમાં, હાર્યો ષટખંડ રાજ રે; બૂડયો ચરમ જહાજ રે, દેવ ગયા સવિ ભાજ રે, લોભે ગઈ તસ લાજ રે. લાલ૦ ૪. દ્વીપાયન દહી દ્વારિકા, બલવંત ગોવીંદ રામ રે; રાખી ન શકયા રે રાજવી, માત પિતા સુત ધામ રે; તિહાં રાખ્યાં જિન નામ રે, શરણ કીઓ નેમિસ્વામ રે, વ્રત લેઈ અભિરામ રે, પહોતા શિવપુર ઠામ રે. લાલ૦ ૫ નિત્યમિત્ર સમ દેહડી, સયણાં પર્વ સહાય રે, જિનવર ધર્મ ઉગારશે, જિમ તે વંદનિક ભાયરે; રાખે મંત્રી ઉપાય રે, સંતોષ્યો વળી રાય રે, ટાળ્યા તેહના અપાય રે. લાલ૦ ૬ જન્મ જરા મરણાદિકા, વયરી લાગ્યા

છે કેડ રે અરિહંત શરણ તું આદરી ભવભ્રમણ દુઃખ ફેડ રે; શિવસુંદરી ઘર તેડ રે, નેહ નવલ રસ રેડ રે, સિંચી સુકૃત સુરપેડ રે. લાલ૦ ૭

ઉંચા મંદિર માળીયા

ઉંચા મંદિર માળીયા, સોડ વાળીને સુતો,
કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ ન્હોતો ૧

એક રે દિવસ એવો આવશે, મન સબળોજી સાલે;
મંત્રી મળ્યા સવિ કારમા, તેનું કાંઈ ન ચાલે એક રે૦ ૨

સાવ સોનાનાં રે સાંકળાં, પહેરણ નવનવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા એક રે૦ ૩

ચરૂ કઢાઈઆ અતિઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું એક રે૦ ૪

કોના છોરૂ ને કોના વાછરૂ, કોના માય ને બાપ;
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ એક રે૦ ૫

સગી રે નારી એની કામિની, ઉભી ટગમગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહિ, બેઠી ધ્રુસકે રુવે એક રે૦ ૬

વ્હાલાં તે વ્હાલાં શું કરો, વ્હાલાં વોળાવી વળશે;
[illegible] તે વનનાં લાકડાં, તે તો સાથે જ બળશે એક રે૦ ૭

નાપો નહિ તું બની, નથી તરવાનો આરો;
ઉદય રત્ન કહે પ્રભુ, મને પાર ઉતારો એક રે૦ ૮

ગુરુજીની પધરામણી વખતે બોલવાની ગહુંલી.

થાય છે થાય છે થાય છે રે, આજ આનંદ ઓચ્છવ થાય છે; સદ્ગુરુ દર્શન થાય છે રે, આજ આનંદ ઓચ્છવ થાય છે, દેહ રોમાંચિત થાય છે રે, આજ આનંદ ઓચ્છવ થાય છે. એ આંકણી. ૧ સોનાનો સૂરજ અંબર ઉગ્યો, મોતીનો મેહ વરસાય છે રે; આજ૦ કલ્પતરુવર આંગણે ફળીયો, કામિત કામકુંભ થાય છે રે. આજ૦ ૨ રત્ન ચિંતામણિ આવીને મળીયું, દારિદ્ર દુઃખ દબાય છે રે; આજ૦ કામધેનુ મુજ આંગણે આવી; મનવાંછિત ફળ થાય છે રે. આજ૦ ૩ ચિત્રાવેલી મળી ઝંખના કરતાં, હવે શું બાકી રહી જાય છે રે ?; આજ૦ તેથી અધિક વાંછિત ફળદાતા, જ્ઞાની ગુરુ કહેવાય છે રે. આજ૦ ૪ તેવા ગુરુ આજ ગામે પધાર્યા; જય જયકાર બોલાય છે રે; આજ૦ આનંદ મંગલ દિવસ આજે, ગુરુના ગીત ગવાય છે રે. આજ૦ ૫. જ્ઞાની ગુરુનો આધાર લઇને ભવજળ પાર જવાય છે રે; આજ૦ આજે ગુરુજીના દર્શન કરતાં, હર્ષ અતિ ઉભરાય છે રે. આજ૦ ૬ દર્શન કરતાં ધર્મ ફરસતાં ચિત્તની શુદ્ધિ કરાય છે રે; આજ૦ પંચમ કાળમાં પૂર્ણ આલંબન, ગુરુનું નામ ઉચ્ચરાય છે રે આજ૦ ૭ સદ્ગુરુ દર્શન વંદન વાણી, દુર્લભ અતિ ગણાય છે રે; આજ૦ મેળાપ કરવો જ્ઞાની ગુરુનો, પૂર્વના પુણ્યે પમાય છે રે; આજ૦ ૮ પુન્ય પનોતા પગલાં

ગુરુની ગોઠડી દિ૦ ૮. સંયમ કરશો જો ભાવે, ભવ સાત આઠ શિવ જાવે. દિ૦ ૯. તે કરીકે મુક્તિ લેવી. આરાધો દીક્ષા દેવી દિ૦ ૧૦. તે દીક્ષાની અધિકારી. પાપી પાવન કરનારી દિ૦ ૧૧. જો આત્મભાવના જાગે, તો દીક્ષા સુલભ લાગે. દિ૦ ૧૨. જે મોહે બહુ મુંઝાયા, તેની સુણતાં કંપે કાયા. દિ૦ ૧૩. દીક્ષાની રઢ જો લાગી, મુક્તિની નોબત વાગી. દિ૦ ૧૪. નમે રાજા ને મહારાજા, દીક્ષા વગડાવે વાજા. દિ૦ ૧૫. ભવસાગર તરવા હોડી, છે નહિ દીક્ષાની જોડી. દિ૦ ૧૬. સૂરિ લબ્ધિ જગતનો દીવો, શિશુ પદ્મ કહે ઘણું જીવો. દિ૦ ૧૭.

શ્રી રત્નાકર પચ્ચીસી

મંદિર છો મુક્તિ તણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાનકળાતણા. ૧

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરુણાતણા,
વળી વૈદ્ય હે દુર્વાર, આ સંસારના દુઃખોતણા;
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું. ૨

શું બાળકો માબાપ પાસે, બાળક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?;
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહીં ને, શીયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં, શુભ ભાવ પણ ભાવ્યો નહીં,
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈપણ પ્રભુ નવ કર્યું,
મ્હારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?,
મન મારું માયાજાળમાં, મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે ૫

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહીં,
તેથી કરી સંસારમાં સુખ, અલ્પ પણ પામ્યો નહીં,
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહીં મુજ મન અરેરે !, શું કરું હું તો વિભુ,
પથ્થર થકી પણ કઠણ મારું, મન ખરે ક્યાંથી દ્રવે ?
મરકટ સમા આ મનથકી, હું તો પ્રભુ હાર્યો હવે ૭

ભમતાં મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણા,
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ ! કહું છું ખરું,
કોની કને કિરતાર આ, પોકાર હું જઈને કરું ? ૮

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા
ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા

નહીં ચિંતવ્યું મેં નર્ક—કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહીં, ભય માત્ર હું ભૂલી ગયો. ૨૦

હું શુદ્ધ આચારો વડે, સાધુ-હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પરઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઇ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે ! આ લક્ષ, ચોરાશીતણા ફેરા ફર્યા. ૨૧

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહીં અને,
દુર્જનતણાં વાક્યો મહીં, શાંતિ મળે ક્યાંથી મને ?;
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહીં જરી,
તુટેલ તળીઆનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? ૨૨

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી ?;
ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે ભવ, નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું ?;
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરું શું માત્ર આ;
જ્યાં ક્રોડનો હિસાબ નહીં, ત્યાં પાઇની તો વાત ક્યાં ? ૨

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ !,
મ્હારાથી નહીં અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ!;
મુક્તિમંગળ સ્થાન ! તોય મુજને, ઇચ્છા ન લક્ષ્મીતણી,
સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી.

સિદ્ધાચલ મહાતીર્થ યાત્રા વિધિ

શ્રી સિદ્ધગિરિજીના પાંચ ચૈત્યવંદનો

વિધિ સહિત

પ્રથમ ખમાસમણ દઇ, ઇરિયાવહી પડિક્કમી યાવત્ લોગસ્સ કહી, ત્રણ ખમાસમણ દઈ બે ઢીંચણ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી,-'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્ય, વંદન કરૂં ?-'ઇચ્છં ' કહી ચૈત્યવંદન કરવું

સૂચના—

ચૈત્યવંદન કરતી વખતે, ચૈત્યવંદન બોલતાં પહેલા નીચેની સ્તુતિ (શ્લોક) બોલવામા આવે છે

સકલકુશલવલ્લી-પુષ્કરાવર્ત્તમેઘો, દુરિતતિમિરભાનુ , કલ્પવૃક્ષોપમાન । ભવજલનિધિપોત , સર્વસંપત્તિહેતુ , સ ભવતુ સતતં વ શ્રેયસે શાંતિનાથ ॥ ૧ ॥

ચૈત્યવંદન—પહેલું

(તલાટીએ કરવાનું)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે; ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે ૧ અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ-તીરથનો રાય; પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય ૨ સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ; નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩ હાથલ નિત્ય નમું, પ્રહ ઉગમતે સૂર; ભાવ ધરીને દુ:ખ જાયે અતિ દૂર ૪

મ્હારો૦ ૪. અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે, વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે મ્હારો૦ ૫.

(ત્યારબાદ-જયવીયરાય૦-અરિહંત ચેઈયાણં-અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારી-નમોઽર્હત્૦ કહી સ્તુતિ કહેવી.)

શ્રી શાંતિનાથસ્વામીની સ્તુતિ

શાંતિજિનેશ્વર સમરીએ, જેની અચિરા માય, વિશ્વસેનકુળ ઉપન્યા, મૃગ લંછન પાય; ગજપુરી નગરીનો ધણી, કંચનવરણી છે કાય; ધનુષ ચાલીસ તસ દેહડી, લાખ વરસનું આય. ૧.

ચૈત્યવંદન—ત્રીજું

(રાયણ પગલાનું)

વિમલગિરિવર સચલ અઘહર ભવિકજન-મનરંજનો,
નિજ રૂપ ધારી પાપ ટારી આદિ-જિન મદભંજનો;
જગ જીવ તારે ભસ્મ ક્ષારે સચલ અરિદલ-ગંજનો,
પુંડરીક-ગિરિવર શૃંગ શોભે, આદિનાથ નિરંજનો. ૧

અજ અમર અચલ આનંદ રૂપી, જન્મમરણ-વિહંડનો,
સુર-અસુર ગાવે ભક્તિભાવે વિમલગિરિ જગમંડનો;
પુંડરીક-ગણધર રામ પાંડવ આદિ જે બહુ મુનિવરા,
જિહાં મુક્તિ રામા વર્યા રંગે કર્મ કંટક સહુ જરા. ૨

કોઈ તીર્થ જગમાં અન્ય નાંહી, વિમલગિરિ સમ તારકં
વેયા જે અભવિયા સદા દૃષ્ટિ નિવારકં;

એક ત્રીજે પચમે ભવ વરે શિવ દુખવારક,
ષટ આશ ધારી શરણ થારી આતમા હિતકારક ૩

(પછી જ કિંચિ-નમુત્થુણ૦-જાવ તિ-કહી ખમાસમણ દઈ જાવત૦ અને નમોઽર્હત૦ કહી સ્તવન કહેવુ)

રાયણ પગલાનુ સ્તવન

નીલુડી રાયણ તરુ તળે-સુણસુદરી, પીલુડા પ્રભુના પાય રે-ગુણમજરી, ઉજ્જ્વલધ્યાને ધ્યાઇએ સુણ૦ એહી જ મુક્તિ ઉપાય રે ગુણ૦ ૧ શીતળ છાયાએ બેસીએ સુણ૦ રાતડો કરી મન રગ રે ગુણ૦ પૂજીએ સોવન ફુલડે સુણ૦ જેમ હોય પાવન અગ રે ગુણ૦ ૨ ખીર ઝરે જેહ ઉપરે સુણ૦ નેહ ધરીને એહ રે ગુણ૦ ત્રીજે ભવે તે શિવ લહે સુણ૦ થાયે નિમળ દેહ રે ગુણ૦ ૩ પ્રીત ધરી પ્રદક્ષિણા દીએ૦ દીએ એહને જે સાર રે ગુણ૦ અભગ પ્રીતિ હોય તેહને સુણ૦ ભવ ભવ તુમ આધાર રે ગુણ૦ ૪ કુસુમ-પત્ર ફળ મજરી સુણ૦ શાખા થડ ને મૂળ રે ગુણ૦ દેવ તણા વાસાય છે, સુણ૦ તીરથને અનુકૂળ રે ગુણ૦ ૫ તીરથ ધ્યાન ધરો મુદા સુણ૦ સેવા એહની છાય રે ગુણ૦ જ્ઞાન વિમલ ગુણ ભાખીયો સુણ૦ શત્રુજય-માહાત્મ્યમાંહી રે ગુણ૦ ૬

(ત્યાર બાદ-જય વીયરાય૦-અરિહતચેઈયાણ૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી-નમોઽર્હત૦-કહી સ્તુતિ કહેવી)

પુંડરીક-ગણપતિ સિદ્ધિ પામી, કોડી પણ[1] મુનિ મનહર; શ્રી વિમલગિરિવરશૃંગ સિદ્ધા-નમો આદિ૦ ૪

નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં; મુક્તિ રમણી વર્યા રંગે-નમો આદિ૦ ૫

પાતાળ નર સુર લોકમાંહી, વિમલગિરિવરતો પરં; નહી અધિક તીરથ તીર્થંપતિ કહે, નમો આદિ૦ ૬

એમ વિમલગિરિવર-શિખર મંડણ, દુઃખવિહંડણ ધ્યાઇયે; જિન શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઇયે. ૭

જિતમોહ-કોહ-વિછોહ નિદ્રા, પરમ પદ સ્થિત જયકરં; ગિરિરાજસેવા-કરણતત્પર, પદ્મવિજય સુહિતકરં. ૮

(પછી-જંકિંચિ૦ નમુત્થુણં૦-જાવંતિ૦ કહી, ખમાસમણ દઈ, જાવંત૦ અને નમોડર્હત્૦-કહી સ્તવન કહેવું.)

શ્રી ઋષભદેવસ્વામીનું સ્તવન

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણુંજી; મારૂં દિલ લોભાણુંજી. દેખી૦ કરુણાના ગર કરૂણાસાગર, કાયા કંચનવાન; ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન. માતા૦ ૧. ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર; જોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા૦ ૨. ઉર્વશી રૂડી અપચ્છરા ને, રામા છે મન રંગ; પાયે નેપુર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦ ૩. તુંહી બ્રહ્મા

---

૧ પણ એટલે પાંચ, પુંડરીક ગણધરે પાંચ ક્રોડ મુનિવરો સાથે સિદ્ધિ ગતિ મેળવી.

તુહી વિધાતા, તુ જગતારણહાર, તુજ સરીખો નહી દેવ જગતમાં, અડવડીયા આધાર માતા૦ ૪ તુહી ભ્રાતા તુહી માતા, તુહી જગતનો દેવ, સુર નર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ માતા૦ ૫ શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા ઋષભજિણંદ, કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવોભય ફંદ માતા૦ ૬

(પછી જય વીયરાય૦ અરિહંત ચેઈયાણં અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો કાઉસ્સગ્ગ પારી, નમોઽર્હત્૦ કહી સ્તુતિ કહેવી)

શ્રી ઋષભદેવસ્વામીની સ્તુતિ

શ્રીસિદ્ધાચલમંડણ ઋષભજિણંદ દયાલ, મરૂદેવાનંદન, વંદન કરૂં ત્રણ કાલ, એ તીરથ જાણી પૂર્વ નવાણું વાર, આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર ૧

શ્રી સિદ્ધાચલ-શત્રુંજય મહાતીર્થની

નવાણું યાત્રાની વિધિ

નવાણું યાત્રા કરનારે નીચે લખેલા પાંચ સ્થળે દરરોજ ચૈત્યવંદન કરવું જોઇએ

૧ ૧ ગિરિરાજ સન્મુખ તળેટીએ ૨ શ્રી શાન્તિનાથ ભગવાનના દેરાસરે, ૩ શ્રી રાયણ પગલા તરફ ૪ શ્રી પુંડરીકસ્વામીના દેરાસરે, ૫ મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના દેરાસરે તથા એક વખત આ પાંચે સ્થળે રનાત્ર ભણાવવું જોઈએ

૨. નવાણું કરનારે દરરોજ ૧૦ બાંધી નવકારવાળી ગણવી. એટલે નવાણું પૂર્ણ થતાં એક લાખ નવકાર પૂરા થાય.

૩. નવાણું યાત્રા કરનાર મનુષ્યે હંમેશા બે વખત પડિક્કમણું કરવું, સચિત્તત્યાગ, બ્રહ્મચર્યનું પાલન અને શક્તિ હોય તો એકાસણું કરવું, ભૂમિએ સંથારો કરવો, પગે ચાલીને યાત્રા કરવી.

૪. ૯૯ યાત્રાઓ ગિરિરાજની કરવી. ઉપરાંત બીજી ઘેટી પાગની નવ મળી કુલ ૧૦૮ યાત્રાઓ કરવી.

૫. યથાશક્તિ રથયાત્રાનો વરઘોડો ચઢાવવો. નવાણું પ્રકારી પૂજા ભણાવવી તથા આંગી રચાવવી.

૬. હંમેશાં ત્રણ પ્રદક્ષિણા તથા એકવાર દાદાજીના મંદિરને ફરતી ૧૦૮ પ્રદક્ષિણા દેવી.

૭ નવ સાથીઆ તથા નવ ફળ તથા નૈવેદ્ય મૂકવાં.

૮. શ્રી 'શત્રુંજયતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગ' કહી નવ લોગસ્સનો કાઉસ્સગ્ગ દરરોજ કરવો.

૯. હંમેશાં યથાશક્તિ અષ્ટપ્રકારી પૂજા કરવી.

૧૦. એક વખત ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૧૧. શક્તિ હોય તો ચઉવિહારો છઠ્ઠ કરીને સાત યાત્રા કરવી.

બે અટ્ઠમ તથા સાત છટ્ઠની વિધિ

ક્ર	નામ	ન	સા	ખ
૧	શ્રી સહસ્રકમલાય નમઃ	૨૦	૨૧	૨૧
૨	શ્રી ઋષભ સર્વજ્ઞાય નમઃ	૨૦	૨૧	૨૧
૩	શ્રી પુંડરીક ગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧
૪	શ્રી વિપુલ ગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧
૫	શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ	૨૦	૨૧	૨૧
૬	શ્રી દરિગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧
૭	શ્રી બાહુબલીગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧
૮	શ્રી સહસ્રાદિગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧
૯	શ્રી કોટિગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧

આ છટ્ઠ-અટ્ઠમ વખત બે વખતે પડિક્કમણાં, બે વખત પડિલેહણ, ત્રણ વખત દેવ વાંદે વિગેરે પુર્વ કરે

૧૨ ઘેટીની પાયગે, રોહીશાળાની પાયગે અને શેત્રુંજી નદીની પાયગેથી એકવાર તો અવશ્ય જાત્રા કરવી તથા બાર ગાઉ, છ ગાઉ ને દોઢ ગાઉની પ્રદક્ષિણા કરવી
આ રીતે બધી મળીને કુલ ૧૦૮ યાત્રા કરવી

૧૩ નવ વખત નવ ટુંકના દર્શન કરવા, નવટુંકમાં દરે

ટુંકના મૂળનાયકની પાસે ચૈત્યવંદન કરવું.

૧૪. દરરોજ નવ ખમાસમણ આ રીતે દુહા બોલીને દેવા-

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્યજન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢયો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહી, એનો એળે ગયો અવતાર. ૨

શેત્રુંજી નદીમાં નાહીને, મુખ બાંધી મુખકોશ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૩

એકેકું ડગલું ભરે, શેત્રુંજા સામું જેહ;
ઋષભ કહે ભવ કોડનાં, કર્મ ખપાવે તેહ. ૪

શેત્રુંજા સમો તીરથ નહી, ઋષભ સમો નહિ દેવ;
ગૌતમ સરિખા ગુરુ નહિ, વળી વળી વંદું તેહ. ૫

જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬

સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, મુનિવર કોડી અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવી ભગવંત. ૭

શત્રુંજયગિરિ–મંડણો, મરુદેવાનો નંદ;
યુગલાધર્મ નિવારણો, નમો યુગાદિ જિણુંદ. ૮

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ;
વળી વળી એ ગિરિ વંદતાં, શિવરમણી સંયોગ. ૯

એકવીશ ખમાસમણના દુહા

સિદ્ધાચળ સમરું સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુંવાર હજાર. ૧

અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર,
ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર ૨

કાર્તિક શુદિ પૂનમ દિને દશ, કોડી પરિવાર,
દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર ૩

તીણે કારણ કાર્તિકી દિને, સંઘ સકળ પરિવાર,
આદિ જિન સનમુખ રહી, ખમાસમણ બહુવાર ૪

એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલુ અભિધાન,
શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુમાન ૫ (૧)

આહીંયા 'સિદ્ધાચળ સમરૂ સદા' એ
દુહો પ્રત્યેક ખમાસમણ દીઠ કહેવો

સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યુ, સુરનર સભા મોઝાર ૬

ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડી મુનિ સાથશુ, મુક્તિનિલયમાં વાસ
તિણ કારણ પુંડરીકગિરિ, નામ થયુ વિખ્યાત;
મન વચ કાયે વંદીએ, ઉઠી નિત્ય પ્રભાત. ૮ (૨)

વીશ કોડીશુ પાંડવા મોક્ષ ગયા ઇણે ઠામ;
એમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ ૯ (૩)

અડસઠ તીરથ ન્હાવતા, અંગ રંગ ઘડી એક,
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલધામ;

અગલ પદે વિમલ થયા, તેણે વિમલાચલ નામ. ૧૧ (૪)
પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨
અથવા ચૌદે ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક. ૧૩ (૫)
એંશી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ. ૧૪ (૬)
ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક;
જેહવો તેહવો સંયમી, વિમલાચલ પૂજનિક. ૧૫
વિપ્ર લોક વિષધર સમ, દુઃખિયા ભૂતળ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી. તિણે પુણ્યરાશિ નામ. ૧૭ (૭)
સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવલ લક્ષ્મી નિધાન. ૧૮
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર. ૧૯ (૮)
શ્રી સીમંધરસ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇંદ્રની આગે વર્ણવ્યો, તિણે એ ઇંદ્રપ્રકાશ. ૨૦ (૯)
દશ કોટી અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર;
જૈન તીર્થયાત્રા કરે, લાભ તણો નહિ પાર. ૨૧
તેહ થકી સિદ્ધાચળે, એક મુનિને દાન;

દેતા લાભ ઘણો હુવે, મહાતીરથ અભિધાન ૨૨ (૧૦)
પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત,
શત્રુંજયમહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત ૨૦ (૧૧)
ગૌ નારી બાળક મુનિ, ચઉ હત્યા કરનાર,
યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર ૨૪
જે પરદારાલંપટી, ચોરીના કરનાર,
દેવદ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર ૨૫
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઇણે ઠામ,
તપ તપતાં પાતિક ગળે, તેણે દઢશક્તિ નામ ૨૬ (૧૨)
ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચાસુત જેહ,
સહસમુનિશું શિવ વર્યા મુક્તિનિલયગિરિ તેહ ૨૭ (૧૩)
ચંદા સૂરજ બેઉ જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ,
વધાવીયો વર્ણન કરી, પુષ્પદંતગિરિ રંગ ૨૮ (૧૪)
કર્મ કાટ ભવજલ તજી, ઇહાં પામ્યા શિવસદ્મ,
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ ૨૯ (૧૫)
શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચીયો સાર,
મુનિવર વર બેઠક ભણી, પૃથ્વીપીઠ મનોહાર ૩૦ (૧૬)
શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળ રૂપ,
જલ તરુ રજ ગિરિવરતણી, શિશ ચઢાવે ભૂપ ૩૧ (૧૭)
વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીયે ભવી કૈલાસ ૩૨ (૧૮)
બીજા નિરવાણી પ્રભુ, ગઇ ચોવીશી મોઝાર,

તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલવિલાસ. ૩૪ (૧૯)
પાતાળે જસ મૂળ છે, ઉજ્જ્વલગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોય સંસાર. ૩૫ (૨૦)
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ. ૩૬
વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ્ માસ;
તેજ અપૂરવ વિસ્તરે, પૂગે સઘળી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ. ૩૮
સર્વકામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રી 'શુભવીરવિજય' પ્રભુ, નમતા ક્રોડ કલ્યાણ. ૩૯ (૨૧)

૧૦૮ ખમાસમણના દુહા

શ્રી આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહોનિશ;
પરમાતમ પરમેસરુ, પ્રણમું પરમ મુનીશ. ૧
જય જય જગપતિ જ્ઞાનભાન, ભાસિત લોકાલોક;
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક. ૨
શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિ નરેસર નંદ;
મિથ્યામતિ-મત-ભંજણો, ભવિકુમુદાકરચંદ. ૩
પૂર્વ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણમિએ, ભક્તે જોડી હાથ. ૪

અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર,
તે સિદ્ધાચળ પ્રણમિએ, લહિએ મંગળમાળ ૫

જસ શિર મુકુટ મનોહરૂ, મરુદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણમિએ, ઋદ્ધિ સદા સુખવૃંદ ૬

મહિમા જેહનો દાખવા, સુરગુરુ પણ મતિમંદ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પ્રગટે સહજાનંદ ૭

સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડૂર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, નાસે અઘ સવિ દૂર ૮

કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામીજે સુખવાસ ૯

પરમાણંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતિક દૂર પલાય ૧૦

શ્રદ્ધા ભાસન રમણના, રત્નત્રયીને હેતુ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, ભવ-મકરાકર-સેતુ ૧૧

મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સહાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સુરનર જસ ગુણ ગાય. ૧૨

પુંડરીક ગણધર પ્રમુખ, સિદ્ધા સાધુ અનેક;
તે તીર્થેશ્વર પ્રણમિએ, આણી હૃદય વિવેક. ૧૩

ચંદ્રશેખર સ્વસાપતિ, જેહને સંગે સિદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમિએ પામીજે નિજ ઋદ્ધ. ૧૪

પાલિતાણા પુર શાલું, સરોવર સુંદર પાલ;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, જાયે સકલ જંજાલ. ૩૭
મનમોહન પાગે ચડે, પગ પગ કર્મ ખપાય;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, ગુણ ગુણી ભાવ લખાય. ૩૮
જેહ ગિરિ રૂખ સોહામણા, કુંડે નિર્મળ નીર;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, ઉતારે ભવ તીર. ૩૯
મુક્તિ મંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, લહિયે શિવપુર રાજ. ૪૦
કર્મ કોટી અઘ વિકટ ભટ, દેખી ધ્રૂજે અંગ;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, દિન દિન ચઢતે રંગ, ૪૧
ગોરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, સુખે શાસન રીત. ૪૨
કુવડજક્ષ રખવાલ જસ, અહોનિશ રહે હજુર;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, અસુરા રાખે દૂર. ૪૩
ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્ન નિવારણહાર;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, સંઘ તણી કરે સાર. ૪૪
સુરવરમાં મઘવા થયા, ગ્રહગણમાં જિમ ચંદ;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, તિમ સવી તીરથ ઈંદ. ૪૫
દીઠે દુર્ગતિવારણો, સમર્યો સારે કાજ;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, સવિ તીરથ શીરતાજ. ૪૬
પુંડરીક પંચ કોડીશું, પામ્યા કેવલનાણ;
તે તીર્થેશ્વર પ્રણુમિએ, કર્મ તણી હોય હાણ. ૪૭

મુનિવર કોડી દસ સહિત, દ્રાવિડ ને વારિખેલ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ચડિયા શિવ નિ શ્રેણ ૪૮

નમિ વિનમિ વિદ્યાધરા, કોય કોડી મુનિ સાથ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા શિવપુર આથ ૪૯

ઋષભવંશીય નરપતિ, ઇણે ગિરિ પહોતા મોક્ષ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, ટાલ્યા પાતિક દોષ. ૫૦

રામ ભરત બિહુ બાંધવા, ત્રણ કોડી મુનિ યુત્ત,
તે તીર્થેશ્વર પ્રણમિએ, ઇણે ગિરિ શિવસંપત્ત ૫૧

નારદ મુનિવર નિમલો, સાધુ એકાણુ લાખ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પ્રવચન પ્રગટ એ ભાખ ૫૨

શાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠ કોડી;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પૂરવ કર્મ વિછોડ ૫૩

થાવચ્ચાસુત સહસશું, અણસણ રંગે લીધ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, વેગે શિવપદ લીધ. ૫૪

શુક પરિવ્રાજક વળી, એક સહસ અણગાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા શિવપુર દ્વાર ૫૫

સેલગસૂરિ મુનિ પાચસે, સહિત હુઆ શિવનાહ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, અંગે ધરી ઉત્સાહ ૫૬

ઇમ બહુ સિધ્યા ઇણે ગિરિ, કહેતા નાવે પાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, શાસ્ત્રમાંહે અધિકાર. ૫૭

બીજ ઇહાં સમકિતતણું, રોપે આતમ ભોમ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ટાલે પાતક સ્તોમ. ૫૮

બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગોહત્યા, પાપે ભારિત જેહ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પહોતા શિવપુર ગેહ. ૫૯

જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, તીર્થ માંહે ઉક્ટિ(?)ઠું. ૬૦

ધન્ય ધન્ય સોરઠ જિહાં, તીરથ માંહે સાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જનપદમાં શિરદાર. ૬૧

અહોનિશ આવત હુંકડા, તે પણ જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા શિવવધૂ રંગ. ૬૨

વિરાધક જિન આણના, તે પણ હુઆ વિશુદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા નિર્મળ બુદ્ધ. ૬૩

મહામ્લેચ્છ શાસનરિપુ, તે પણ હુઆ ઉપસંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મહિમા દેખે અનંત. ૬૪

મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુએ જિણ ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતકહારી નામ. ૬૫

સુમતિ સુધારસ વરસતે, કર્મદાવાનલ સંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ઉપશમ તસ ઉલસંત. ૬૬

શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ગ્રહે ગુણયુત શ્રોતાર. ૬૭

પ્રિયમેલક ગુણગણ તણું, કીરતિકમલા સિંધુ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, કલિકાલે જગબંધુ. ૬૮

શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ;
તીર્થેશ્વર પ્રણમિએ, દિન દિન મંગલમાલ. ૬૯

શ્વેત ધ્વજા જસ લહકતી, ભાખે ભવિને એમ,
તે તીર્થેશ્વર પ્રણમિએ ભ્રમણ કરો છો કેમ ? ૭૦

સાધન સિદ્ધદશા ભણી, આરાધે એક ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સાધક પરમ પવિત્ત. ૭૧

સંઘપતિ થઈ એહની, જે કરે ભાવે યાત્ર,
તે તીર્થેશ્વર પ્રણમિએ, તસ હોય નિમલ ગાત્ર ૭૨

શુદ્ધાતમગુણરમણતા, પ્રગટે જેહને સંગ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, જેહનો જસ અભંગ ૭૩

રાયણવૃક્ષ સોહામણુ, જિહાં જિનેશ્વર પાય,
તે તીર્થેશ્વર પ્રણમિએ, સેવે સુર નર રાય. ૭૪

પગલાં પૂજી ઋષભના, ઉપશમ જેહને અંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સમતા પાવન અંગ ૭૫

વિદ્યાધર જ મિલે બહુ, વિચરે ગિરિવર શૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ચઢતે નવરસ રંગ ૭૬

માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પૂજો ભવિ જિન અંગ ૭૭

અજિત જિનેશ્વર જીહાં રહ્યા, ચોમાસુ ગુણગેહ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, આણી અવિહડ નેહ ૭૮

શાંતિ જિનેશ્વર સોલમા સોલ કષાય કરી અંત,
તે તીર્થેશ્વર પ્રણમિએ, ચાતુર્માસ રહંત ૭૯

નેમ વિના જિનવર સવે, આવ્યા છે ઇણે ઠામ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, શુદ્ધ કરે પરિણામ. ૮૦

બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગોહત્યા, પાપે ભારિત જેહ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પહોતા શિવપુર ગેહ. ૫૯
જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, તીર્થ માંહે ઉક્કિટ્ઠ. ૬૦
ધન્ય ધન્ય સોરઠ જિહાં, તીરથ માંહે સાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જનપદમાં શિરદાર. ૬૧
અહોનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા શિવવધૂ રંગ. ૬૨
વિરાધક જિન આણના, તે પણ હુઆ વિશુદ્ધ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા નિર્મળ બુદ્ધ. ૬૩
મહામ્લેચ્છ શાસનરિપુ, તે પણ હુઆ ઉપસંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મહિમા દેખો અનંત. ૬૪
મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુએ જિણ ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતકહારી નામ. ૬૫
સુમતિ સુધારસ વરસતે, કર્મદાવાનલ સંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ઉપશમ તસ ઉલસંત. ૬૬
શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ગ્રહે ગુણયુત શ્રોતાર. ૬૭
પ્રિયમેલક ગુણગણ તણું, કીરતિકમલા સિંધુ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, કલિકાલે જગબંધુ. ૬૮
શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, દિન દિન મંગલમાલ. ૬૯

પર્વત સહુ માંહે વડો, મહાગિરિ તિણે કહંત,
તે તીર્થેશ્વર પ્રણમિએ, દર્શન લહે પુણ્યવંત ૯૨
પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, નામ ભલુ પુણ્યરાશ ૯૩
લક્ષ્મીદેવીએ કર્યો, કુંડે કમલ નિવાસ,
તે તીર્થેશ્વર પ્રણમિયે, પદ્મનામ સુવાસ ૯૪
સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત,
તે તીર્થેશ્વર પ્રણમિએ, પર્વતઇંદ્ર વિખ્યાત ૯૫
ત્રિભુવનમાં તીરથ સવે, તેહમાં મોટો એહ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, મહાતીરથ જસ રેહ ૯૬
આદિ અંત નહિ જેહનો, કોઇ કાલે ન વિલાય,
તે તીર્થેશ્વર પ્રણમિએ, શાશ્વતગિરિ કહેવાય ૯૭
ભદ્ર ભલા જે ગિરિવરે, આવે હોય અપાર,
તે તીર્થેશ્વર પ્રણમિએ, નામ સુભદ્ર સભાર ૯૮
વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, નામે જે દૃઢશક્તિ ૯૯
શિવગતિ સાધે જે ગિરિ, તે માટે અભિધાન,
તે તીર્થેશ્વર પ્રણમિએ, મુક્તિનિલય ગુણખાણ ૧૦૦
ચંદ્ર સૂરજ સમકિતધરા સેવ કરે શુભચિત્ત,
તે તીર્થેશ્વર પ્રણમિએ, પુષ્પદંત વિદિત ૧૦૧
જલ થકી, જે ગિરિ લહે નિવાસ,
પ્રણમિએ, મહાપદ્મ સુરવિલાસ ૧૦૨

નમિ નેમિજિન અંતરે, અજિત શાંતિસ્તવ કીધ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, નંદિષેણ પ્રસિદ્ધ. ૮૧
ગણધરમુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા કેઈ લાખ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જ્ઞાન અમૃતરસ ચાખ. ૮૨
નિત્ય ઘંટ ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, દુંદુભિ માદલ વાદ. ૮૩
જેણે ગિરિ ભરત નરેસરે, કીધો પ્રથમ ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મણિમય મૂરતિ સાર. ૮૪
ચૌમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, અક્ષય સુખ દાતાર. ૮૫
ઈણ તીરથ મ્હોટા કહ્યા, સોલ ઉદ્ધાર સફાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, લઘુ અસંખ્ય વિચાર. ૮૬
દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, શત્રુંજય સમરંત. ૮૭
પુંડરીક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પુંડરીકગિરિ નામ. ૮૮
કાંકરે કાંકરે ઈણ ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સિદ્ધક્ષેત્ર સમચિત્ત. ૮૯
મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાયે દૂર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, વિમલાચલ સુખ પૂર. ૯૦
સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, સુરગિરિ નામ પ્રમાણ. ૯૧

શ્રી સિદ્ધાચલજીના ચૈત્યવંદનો

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ,
મન વચ કાય એકાગ્રશું, નામ જપો એકવીશ ૧
શત્રુંજયગિરિ વંદિએ, બાહુબલી શિવઠામ,
મરુદેવ પુંડરીકગિરિ, રૈવતગિરિ વિશ્રામ ૨
વિમલાચલ સિદ્ધરાજજી, નામ ભગીરથ સાર,
સિદ્ધક્ષેત્ર ને સહસ્રકમલ, મુક્તિનિલય જયકાર ૩
સિદ્ધાચલ શતકૂટગિરિ, ઢંક ને કોડિનિવાસ,
કદંબગિરિ લોહિત નમું, તાલધ્વજ સુખવાસ ૪
મહાબળ દૃઢશક્તિ સહી, એ એકવીશે નામ,
સાતે શુદ્ધિ સમાચરી, નિત્ય કીજે પ્રણામ ૫
દગ્ધ શૂન્ય ને અવિધિદોષ, અતિપરિણતિ જેહ,
ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણગેહ ૬
માનવભવ પામી કરી એ, સદ્ગુરુ તીરથજોગ,
શ્રી શુભવીરને શાસને, શિવરમણી સંજોગ ૭

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જિનરાજ નમો,
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિદ્ધા સઘળા કાજ નમો
પ્રભુ પારંગત પરમ મહોદય અવિનાશી અકલંક નમો,
અમર અદ્‌ભુતઅતિશયનિધિ, પ્રવચનજલધિ મયંક નમો
ભવિજન મનવંછિત, પૂરણ દેવ રસાલ નમો,
શ્રી પાય નમું હું ભાવે કરજોડી ત્રિકાલ નમો
સિદ્ધ બુદ્ધ જગજનસજ્જન, નયનાનંદન દેવ નમો,
સુરાસુર નરવર નાયક, સારે અહોનિશ સેવ નમો

ભૂમિ ભલી જે ગિરિતણે, ઉદધિ ન લોપે લીહ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, પૃથિવિપીઠ અનીહ. ૧૦૩

મંગલ સવિ મલવાતણું, પીઠ એહ અભિરામ;
તે તીર્થેશ્વર પ્રણમિયે, ભદ્રપીઠ જસ નામ. ૧૦૪

મૂલ જસ પાતાલમેં, રત્નમય મનોહાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતાલમૂલ વિચાર. ૧૦૫

કર્મક્ષય હોયે જિહાં, હોય સિદ્ધ સુખકેલ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, અકર્મક મન મેલ. ૧૦૬

કામિત સવિ પૂરણ હોયે, જેહનું દરિસન પામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સર્વ કામ મન ઠામ. ૧૦૭

ઈત્યાદિક એકવીશ ભલાં, નિરુપમ નામ ઉદાર;
જે સમર્યા પાતક હરે, આતમશક્તિ અનુસાર. ૧૦૮

કલશ

ઇમ તીર્થનાયક સ્તવન લાયક, સંથુણ્યો શ્રી સિદ્ધગિરિ,
અટ્ઠોત્તરસય ગાહ સ્તવને, પ્રેમ-ભક્તે મન ધરી;
શ્રી કલ્યાણસાગરસૂરિ શિષ્યે, શુભ જગીશે સુખકરી,
પુણ્ય મહોદય સકલ મંગલ, વેલી 'સુજસે' જયસિરિ. ૧



શાશ્વત પગલે પૂજતાએ, રત્ન પ્રતિમા ઈન્દ્ર,
જ્યોતિમાં જ્યોતિ મીલે, પૂજે મીલે ભવિસુખ ૭
ઋદ્ધિ સિદ્ધિ ઘર સંપજે એ, પહોચે મનની આશ,
ત્રિકરણ શુધ્ધે પૂજતા, જ્ઞાનવિમલ પ્રકાશ ૮

(૪)

શત્રુંજયગિરિ વંદિએ, સકલ તીરથ જગસાર,
આતમ પાવન કારણે, એટી જ તીર્થ નિરધાર. ૧
શિવગિરિ સેવી શિવ વર્યા, મહાત્મા અનંતાનંત,
એહ તીર્થની ફરસના, અમ હોજો સુખવંત. ૨
તીર્થનામ યથાર્થ તે, જેહથી ભવ તરાય;
વિષય કષાય મૂલ ભવતણા, તીર્થ ભકતે છેદાય ૩
સ્થાવર જંગમ ભેદથી, દુવિધ તીર્થ ગણાય,
જિન ગણધરાદિ મુનિવરા, જંગમ તીર્થ કહાય ૪
સિદ્ધાચળ અષ્ટાપદ ગિરિ, આબુ સમેત સાર,
રૈવતગિરિ આદે સવે, સ્થાવર તીર્થ અવધાર ૫
ચિત્ત ચિદ્રૂપે શુદ્ધ સાધ્યશું, તન્મય સ્વરૂપાધાર,
એક જ વાર એમ સેવતાં, પામે ભવનો પાર ૬
સેવના એગ અસંખ્ય છે, પણ શક્તિ અંગ બળવાન,
તે માટે રૂપ ઓળખી, શામલ કરે ગુણગાન. ૭

(૫)

કલ્પવૃક્ષની છાયડી, નાનડીયો રમતો;
સોવન હિંડોળે હિંચતો, માતાને મનગમતો ૧

સો દેવી બાળક થઈ, ઋષભજીને તેડે;
વહાલા લાગો છો હરી, હૈડાશું ભીડે. ૨
જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઇંદ્રે ઘાટયો માંડયો, વિવાહના મંડાણ. ૩
ચોરી બાંધી ચિહું દિશે, સુરગોરી ગીત ગાવે;
સુનંદા ને સુમંગલા, પ્રભુજીને પરણાવે. ૪
સયલ સંગ છંડી કરી, કેવલજ્ઞાનને કાજે;
અષ્ટકર્મનો ક્ષય કરી પહોંચ્યા શિવપુર ધામે. ૫
ભરતે બિંબ ભરાવીયાએ, શત્રુંજય ગિરિરાય;
વિજયપ્રભસૂરિતણા, ઉદયરત્ન ગુણ ગાય. ૬

(૬)

સકલ સુહંકર સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સૂણીયે;
સુર નર નરપતિ અસુર ખેચર, નિકરે જે થુણીયે. ૧
સકલ તીરથ અવતાર સાર, બહુ ગુણ ભંડાર;
પુંડરીક ગણધર જબ, પામ્યા ભવપાર. ૨
ચૈત્રીપૂનમને દિને એ, કર્મ મર્મ કરી દૂર;
તે તીરથ આરાધિએ, દાન સુયશ ભરપૂર. ૩

(૭)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સાચો;
આદીશ્વર જિનરાયનો, જિહાં મહિમા જાચો. ૧
ઈહાં અનંત ગુણવંત સાધુ, પામ્યા શિવવાસ;
એહ ગિરિ સેવાથી અધિક, હોય લીલવિલાસ. ૨

(૧૧)

પ્રેમે પ્રણમો પ્રથમ દેવ, શત્રુંજયગિરિ મંડન;
ભવિયણ મન આનંદકરણ, દુઃખ દોહગખંડન. ૧
સુરનર કિન્નર નમે તુજ, ભગતિશું પાયા;
પાપપંક દૂરે સગાળ, પ્રભુ ત્રિભુવન રાયા. ૨
જ્ઞાનવિમલ પ્રભુ તુમ તણો, ચરણે શરણે રાખો;
કર જોડીને વિનવું, મુક્તિ માર્ગ મુજ દાખો. ૩

(૧૨)

શત્રુંજય શિખરે ચઢિયા સ્વામી, કહીએ હું અર્ચિશું;
રાયણ તરુવર તલે પાય, આણંદે અરચિશું.
ન્હવણ વિલેપન પૂજના, કરી આરતી ઉતારીશ;
મંગલ દીપક જ્યોતિ શુતિ, કરી દુરિત નિવારીશ.
ધન્ય ધન્ય તે દિન માહરોએ, ગણીશ સફળ અવતાર;
નય કહે આદીશ્વર નમો, જિમ પામો જયકાર.

(૧૩)

એ તીરથની ઉપરે, અનંત તીર્થંકર આવ્યા;
વળી અનંતા આવશે, સમતારસ ભાવ્યા.
આ ચોવીસી માંહિ એક, નેમીશ્વર પાખે;
જિન ત્રેવીશ સમોસર્યા, એમ આગમ ભાખે.
ગણધર મુનિવર કેવળી, સમોસર્યા ગુણવંત;
ગિરિ પ્રણમતાં. હરખે દાન હસંત. ૩

(१४)

સદ્ભક્ત્યાનતમૌલિનિર્જરવરભ્રાજિષ્ણુમૌલિપ્રભા,–
સંમિશ્રાઽરુણદીપ્તિશોભિચરણામ્ભોજદ્વય સર્વદા,
સર્વજ્ઞ પુરુષોત્તમ સુચરિતો ધર્માર્થિના પ્રાણિના,
ભૂયાદ ભૂરિવિભૂતયે મુનિપતિ શ્રીનાભિસૂનુર્જિન ૧
સદ્બોધોપચિતા સદૈવ દધતા પ્રૌઢપ્રતાપશ્રિયો,
યેનાઽજ્ઞાનતમોવિતાનમખિલ વિક્ષિપ્તમન્ત ક્ષણમ્,
શ્રી શત્રુજયપૂર્વશૈલશિખર ભાસ્વાનિવોદ્ભાસયન્,
ભવ્યામ્ભોજહિત મ એષ જયતુ શ્રીમારુદેવપ્રભુ ૨
યો વિજ્ઞાનમયો જગત્ત્રયગુરુ–ય સર્વલોકા શ્રિતા,
સિદ્ધિર્યેન વૃતા સમસ્તજનતા યસ્મૈ નતિ તન્વતે,
યસ્માન્મોહમતિગતા મતિભૃતા યસ્યૈવ નેત્ર્ય વચો,
યસ્મિન્ વિશ્વગુણાસ્તમેવ સુતરા વદે યુગાદીશ્વરમ્ ૩

(૧૫)

એહ ગિરિ ઉપર આદિદેવ, પ્રભુ પ્રતિમા વંદો;
રાયણ હેઠે પાદુકા, પૂજી આણંદો ૧
એહ ગિરિનો મહિમા અનંત, કુણ કરે વખાણ,
ચૈત્રી પુનમને દિવસે, તેહ અધિકો જાણ ૨
એહ તીરથ સેવો સદાએ, આણી ભક્તિ ઉદાર;
શ્રી શત્રુંજય સુખદાયકો, દાનવિજય જયકાર. ૩

(૧૬)

ચૈત્રી પુનમને દિવસે, શત્રુંજય ભેટે;
ભક્તિ ધરે જે ભવ્યલોક, તે ભવદુખ મેટે ૧

આદીશ્વર જિનની અષ્ટપ્રકારી, પૂજા વિરચાવે;
ઈતિ ભીતિ સઘળી ટળે, સુખ સંપદ પાવે. ૨
પરમાતમ પરકાશગીતિ, પ્રગટે પરમાનંદ;
શ્રી વિજયરાજસૂરીશ્વરુ, દાન અધિક આનંદ. ૩

શ્રી સિદ્ધાચલજીનાં સ્તવનો

ચાલો ચાલો વિમલગિરિ જઈએ રે, ભવજલ તરવાને, તુમેં જયણાએં ધરજો પાય રે, પાર ઉતરવાને. (એ આંકણી) બાળ કાળની ચેષ્ટા ટાળી, હાંરે હું તો ધર્મયૌવન હવે પાચો રે, ભવ૦ ભૂલ અનાદિની દૂર નિવારી, હાંરે હું તો અનુભવમાં લય લાયો રે, પાર ઉતારવાને, ચાલો ચાલો વિમલ૦ ૧. ભવતૃષ્ણા સવિ દૂર કરીને, હાંરે મારી જિન ચરણે લય લાગી રે, ભ૦ સંવરભાવમાં દિલ હવે ઠરીઉં, હાંરે મારી જિન ચરણે લય લાગીરે, પાર૦ ચાલો૦ ૨. સચિત્ત સર્વનો ત્યાગ કરીને, હાંરે નિત્ય એકાસણાં તપકારી રે, ભવ૦ પડિક્કમણાં દોય વિધિશું કરશું, હાંરે ભલી અમૃત ક્રિયા દિલ ધારી રે, પાર૦ ચા૦ ૩. વ્રત ઉચ્ચરશું ગુરુની સાખેં, હાંરે હું તો યથાશક્તિ અનુસાર રે, ભવ૦ ગુરુ સંઘાતે ચઢશું ગિરિપાજે, હાંરે એ તો ભવોદધિ બુડતાં તારે રે, પાર૦ ચા૦ વિ૦ ૪. ભવતારક એ તીરથ ફરસી, હાંરે હું તો સૂરજકુંડમાં નાહી રે, ભવ૦ અષ્ટપ્રકારી શ્રી આદિજિણંદની, હાંરે હું તો પૂજા કરીશ લય લાહી રે. પાર૦ ચાલો૦ ૫. તીરથપતિને તીરથ સેવા, હાંરે એ તો મીઠા મોક્ષના મેવા રે, ભવ૦ સાત ય અઠ્ઠમ કરીને, હાંરે મને સ્વામીવાત્સલ્યની હેવા રે,

૬ પ્રભુપદપદ્મ રાયણતળે પૂજી, હારે હું તો
ખ અપાર રે, ભવ૦ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયે,
[illegible] પામીશ સુખ શ્રીકાર રે, પાર ઉતારવાને, ચાલો
[illegible] વિમલગિરિ જઈએરે, ભવજલ તરવાને, તુમે જયણાએ
ધરજો પાય રે, પાર ઉતરવાને૦ ૭

(૨)

જાત્રા નવાણુ કરીએ વિમલગિરિ, જાત્રા નવાણુ કરીએ
(એ આંકણી) પૂરવ નવાણુ વાર શેત્રુંજાગિરિ, ઋષભજિણંદ
સમોસરીએ વિ૦ જા૦ ૧ કોડી સહસ ભવ પાતક તુટે,
શત્રુંજય સામો ડગ ભરીયે વિ૦ જા૦ ૨ સાત છઠ્ઠ દોય
અઠ્ઠમ તપસ્યા, કરી ચઢિયે ગિરિવરીયે વિ૦ જા૦ ૩ પુંડરીક
પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ વિ૦ જા૦
૪ પાપી અભવ્ય નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીએ વિ૦
જા૦ ૫ ભૂમિસંથારો ને નારીતણો સંગ, દૂર થકી પરિહરીએ
વિ૦ જા૦ ૬ સચિત્તપરિહારી ને એકલ આહારી, ગુરુ સાથે
પદ ચરીયે વિ૦ જા૦ ૭ પડિક્કમણાં દોય વિધિશું કરીએ,
પાપ પડલ વિખરીએ વિ૦ જા૦ ૮ કલિકાલે એ તીરથ
મોટું, પ્રવહણ જિમ ભર દરીયે. વિ૦ જા૦ ૯ ઉત્તમ એ
ગિરિવર સેવતાં, પદ્મ કહે ભવ તરીયે વિ૦ જા૦ ૧૦

(૩)

આંખડીયે રે મેં આજ શત્રુંજય દીઠો રે, સવા લાખ
ટકાનો દહાડો રે લાગે મને મીઠો રે (એ આંકણી) સફલ
થયો મારા મનનો ઉમાહો, વ્હાલા મારા ભવનો સં

ભાંગ્યો રે; નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુ
લાગ્યો રે, શત્રુંજય દીઠો રે. ૨ માનવભવનો લાહો લીજે,
વા૦ દેહડી પાવન કીજે રે; સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે
પ્રદક્ષિણા દીજે રે. શ૦ ૨ દુધડે પખાળી ને કેશર ઘોળી
વા૦ શ્રી આદીશ્વર પૂજ્યા રે; શ્રી સિદ્ધાચલ નયણે જોતાં
પાપ મેવાસી ધ્રૂજ્યા રે. શ૦ ૩ શ્રી મુખ સુધર્મા સુરપતિ
આગે, વા૦ વીર જિણંદ એમ બોલે રે; ત્રણ ભુવનમાં તી
મોટું, નહિ કોઈ શત્રુંજય તોલે રે. શ૦ ૪ ઇન્દ્ર સરી
એ તીરથની, વા૦ ચાકરી ચિત્તમાં ચાહે રે; કાયાની
કાસલ કાઢી, સૂરજકુંડમાં નાહે રે. શ૦ ૫ કાંકરે કાંકરે
સિદ્ધક્ષેત્રે, વા૦ સાધુ અનંતા સિદ્ધા રે; તે માટે એ તી
મહોટું, ઉદ્ધાર અનંતા કીધા રે. શ૦ ૬ નાભિરાયાસુત ન
જોતાં, વા૦ મેહ અમીરસ વુઠયા રે; ઉદયરતન કહે
ચારે પોતે, શ્રી આદીશ્વર તૂઠયા રે. શ૦ ૭

(૪)

સિદ્ધાચલ વંદો રે નરનારી, સિદ્ધા૦ નાભિરાયા મ
દન, ઋષભદેવ સુખકારી. સિદ્ધા૦ ૧ પુંડરીક પમુહા મુનિવર
દ્ધા, આતમતત્વ વિચારી. સિદ્ધા૦ ૨ શિવસુખકારણ
વદુઃખવારણ, ત્રિભુવન જન હિતકારી. સિદ્ધા૦ ૩ સમકિત
દ્ધ કરણ એ તીરથ, મોહ મિથ્યાત્વ નિવારી. સિદ્ધા૦ ૪
ાન ઉદ્યોત પ્રભુ કેવળ ધારી, ભક્તિ કરું એકતારી. સિદ્ધા૦ ૫

(૫)

મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, દેખીને હરખિ
ાય; વિધિશું કીજે રે જાત્રા એહની રે, ભવભવનાં દુઃ

જય મા૦ ૧ પંચમે આરે રે પાવન કારણે રે, એ સમો
તીરથ ન હોય, મોટો મહિમા રે જગમાં એહનો રે, આ
રને ઈહાં જોય મા૦ ૨ ઈણ ગિરિ આવ્યા રે જિનવર
ગણધરા રે, સિધ્યા સાધુ અનંત, કઠિણ કરમ પણ એ ગિરિ
ફરસતાં રે, હોવે કરમ નિશાંત મા૦ ૩ જૈન ધરમને
સાચો જાણીને રે, માનવ તીરથ એ સ્તંભ, સુર નર કિન્નર
નૃપ વિદ્યાધરા રે, કરતાં નાટારંભ મા૦ ૪ ધન્ય ધન્ય
દહાડો રે ધન્ય વેળા ઘડી રે, ધરીએ હૃદય મોઝાર, જ્ઞાન
વિમળસૂરિ ગુણ એહના ઘણા રે, કહેતાં નાવે હો પાર
મા૦ ૫

(૬)

વિમળાચલ નિત્ય વંદીએ, કીજે એહની સેવા, માનું
હાથ એ ધર્મનો, શિવતરુફળ લેવા વિમલા૦ ૧ ઉજ્જ્વળ
જિનગૃહમંડળી, તિહાં દીપે ઉત્તંગા, માનું હિમગિરિ વિભ્રમે,
આઈ અંબરગંગા વિમલા૦ ૨ કોઈ અનેરું જગ નહીં,
એ તીરથ તોલે, એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર
બોલે વિમલા૦ ૩ જે સઘળાં તીરથ કહ્યાં, જાત્રાફળ કહીએ,
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ વિમલા૦
૪ જનમ સફળ હોય તેહનો જે એ ગિરિ વંદે, સુજસ
વિજય સંપદ લહે તે નર ચિર નંદે વિમલા૦ ૫

(૭)

સુણ જિનવર શેત્રુંજાધણીજી, દાસ તણી અરદાસ, તુજ
આગળ બાળક પરેજી, હું તો કરૂં વેખાસ રે જિનજી !
મુજ પાપીને તાર તું તો કરુણારસે ભર્યોજી, તું સહુનો

દિલદાર રે. જિનજી ! મુજ૦ ૧. હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહીં લવલેશ; પરગુણ પેખી નવિ શકુંજી, કેમ સંસાર તરેશ ? રે જિનજી ! મુજ૦ ૨. જીવતણા વધ મેં કર્યા જી, બોલ્યા મૃષાવાદ; કપટ કરી પરધન હર્યાં જી, સેવ્યા વિષય સંવાદ રે. જિનજી ! મુજ૦ ૩ હું લંપટ હું લાલચુંજી, કર્મ કીધાં કેઇ ક્રોડ; ત્રણ ભુવનમાં કો નહીંજી, જે આવે મુજ જોડ રે. જિનજી ! મુજ૦ ૪. છિદ્ર પરાયાં અહોનિશેજી, જોતો રહું જગનાથ; કુગતિતણી કરણી કરીજી, જોડયો તેહશું સાથ રે. જિનજી ! મુજ૦ ૫ કુમતિ કુટીલ કદાગ્રહીજી, વાંકી ગતિ મતિ મુજ; વાંકી કરણી માહરીજી, શી સંભળાવું તુજ રે. જિનજી ! મુજ૦ ૬. પુન્ય વિના મુજ પ્રાણીઓજી, જાણે મેલું રે આથ; ઉંચા તરુવર મોરીચાંજી, ત્યાંહી પસારે હાથ રે. જિનજી ! મુજ૦ ૭. વિણ ખાધા વિણ ભોગવ્યાજી, ફોગટ કર્મ બંધાય; આર્ત્તધ્યાન મીટે નહીંજી, કીજે કવણ ઉપાય રે, જિનજી ! મુજ૦ ૭. કાજળથી પણ શામળાજી, મારા મન-પરિણામ; સુહણામાંહી તાહરૂંજી, સંભારૂં નહીં નામ રે. જિનજી ! મુજ૦ ૯. મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ, કૂડ કપટ બહુ કેળવીજી, પાપ તણો કરું સંચ રે. જિનજી ! મુજ૦ ૧૦. મન ચંચળ ન રહે કિમેજી, રાચે રમણી રે રૂપ; કામ વિટંબણ શી કહુંજી, પડીશ હું દુર્ગતિ કૂપ રે. જિનજી મુજ૦ ૧૧ કિસ્યા કહું ગુણ માહરાજી, કિસ્યા કહું અપવાદ; જેમ જેમ સંભારૂં હિયેજી, તેમ તેમ વધે વિખવાદ રે. જિનજી મુજ૦ ૧૨. ગિરૂઆ તે નવિ લેખવેજી, નિર્ગુણ સેવકને

વાત, નીચ તણે પણ મંદિરેજી, ચંદ્ર ન ટાળે જ્યોત રે. જિનજી ! મુજ૦ ૧૩ નિગુણો તો પણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ, કૃપા કરી સંભારજો જી, પૂરજો મુજ મન આશ રે. જિનજી ! મુજ૦ ૧૪ પાપી જાણી મુજ ભણી જી, મત મૂકો રે વિસાર, વિષ હળાહળ આદર્યોજી, ઇશ્વર ન તજે તાસ રે, જિનજી ! મુજ૦ ૧૫ ઉત્તમ ગુણકારી તું એજી, સ્વાર્થ વિના સુજાણ, કરસણ સિંચે સર ભરેજી, મેહ ન માગે દાણ રે જિનજી ! મુજ૦ ૧૬ તું ઉપગારી ગુણનીલોજી, તું સેવક પ્રતિપાળ, તું સમરથ સુખ પૂરવાજી, કર માહરી સંભાળ રે જિનજી ! મુજ૦ ૧૭ તુજને શું કહીએ ઘણુ જી, તું સહુ વાતે રે જાણ, મુજને થાજો-સાહિબાજી ! ભવ ભવ તારી આણ રે જિનજી ! મુજ૦ ૧૮ નાભિરાયાકુળ ચંદલોજી, મરૂદેવીનો રે નંદ, કહે જિન હરખ નિવાજજોજી, દેજો પરમાનંદ રે. જિનજી ! મુજ૦ ૧૯

(૮)

શ્રી રે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહ્યો; ઋષભ દેવ પૂજા કરી, લીજે ભવનપ્રો લાહો શ્રી૦ ૧ મણિમય મૂરતિ શ્રી ઋષભની, નીપાઈ અભિરામ; ભવન કરાવ્યા કનકનાં, રાખ્યાં ભરતે નામ શ્રી૦ ૨ નેમિ વિના ત્રેવીસ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી; શેત્રુંજા સમુ તીરથ નહી, બોલ્યા સીમંધર વાણી શ્રી૦ ૩ પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી ઋષભજિણંદ; રામ પાંડવ મુગતે ગયા પામ્યા પરમાનંદ શ્રી રે૦ ૪ પૂરવ પુણ્ય પસાઉલે પુંડરીકગિરિ પાયો; કાંતિવિજય હરખે કરી, શ્રી સિદ્ધાચલ ગાયો. શ્રી રે૦ ૪

(૯)

મનના મનોરથ સવિ ફળ્યા એ, સિધ્યાં વાંછિત કાજ; પૂજો ગિરિરાજને રે. પ્રાયે એ ગિરિ શાશ્વતો એ, ભવજલ તરવા જહાજ. પૂજો૦ ૧ મણિ માણિક મુક્તાફળે એ, રજત કનકનાં ફુલ; પૂજો૦ કેસર ચંદન ઘસી ઘણાં એ, બીજી વસ્તુ અમૂલ. પૂજો૦ ૨ છઠ્ઠે અંગે દાખીઓ એ, આઠમે અંગે ભાખ, પૂજો૦ સ્થિરાવલિપયન્ને વરણવ્યો એ, એ આગમની સાખ. પૂજો૦ ૩ વિમલ કરે ભવિલોકને એ, તેણે વિમલાચલ જાણ; પૂજો૦ શુક-રાજાથી વિસ્તર્યો એ, શત્રુંજય ગુણખાણ. પૂજો૦ ૪ પુંડરીક ગણધરથી થયો એ, પુંડરીકગિરિ ગુણધામ; પૂજો૦ સુરનર-કૃત એમ જાણીએ એ, ઉત્તમ એકવીશ નામ. પૂજો૦ ૫ એ ગિરિવરના ગુણ ઘણા એ, નાણીએ નવિ કહેવાય; પૃજો૦ જાણે પણ કહી નવિ શકે એ, મૂક ગુડને ન્યાય. પૂજો૦ ૬ ગિરિવર ફરસન નવિ કર્યો એ, તે રહ્યો ગરભાવાસ; પૂજો૦ નમન દર્શન ફરશન કર્યો એ, પૂરે મનની આશ. પૂજો૦ ૭ આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ; પૂજો૦ મણિ ઉદ્યોત ગિરિ સેવતાં એ, ઘેર ઘેર મંગલમાળ. પૂજો૦ ૮

(૧૦)

ખાપલડાં રે પાતિકડાં તમે શું કરશો હવે રહીને રે; શ્રી સિદ્ધાચલ નયણે નિરખ્યો, દૂર જાઓ તમે વહીને રે, ખાપલડાં૦ ૧ કાલ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીને રે; આજ થકી પ્રભુ ચરણે રહેવું, એમ શીખવીયું મનને રે; ખાપલડાં૦ ૧ દુઃષમકાળે ઇણે ભરતે, મુક્તિ

રદી સઘયણને રે, પણ તુમ ભક્તિ મુક્તિને એંચે, ચમક ઉપલ જેમ લોહને રે, આપવડાઇ૦ ૩ શુદ્ધ સુવાસન ચૂરણ આપ્યું, મિથ્યા-પંક શોધનને રે, આતમભાવ થયો મુજ નિર્મળ, આનંદમય તુજ ભજને રે આપવડાઇ૦ ૪ અખય-નિધાન તુજ સમકિત પામી, કુણ વછે ચલ ધનને રે, શાન્ત સુધારસ નયન કચોળે, સિંચો સેવક તનને રે આપવડાઇ૦ ૫ બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોવે મુજને રે, સેવક સુખીયો સુજસ-વિલાસી, તે મહિમા પ્રભુ તુજને રે આપવડાઇ૦ ૬ નામમંત્ર તુમારો સાધ્યો, તે થયો જગમોહનને રે, તુજ મુખમુદ્રા નિરખી હરખું, જિમ ચાતક જલધરને રે આપવડાઇ૦ ૭ તુજ વિણુ અવરને દેવ કરીને નવિ ચાહું ફરી ફરીને રે, જ્ઞાનવિમલ કહે ભવજલ તારો, સેવક બાંહ ગ્રહીને રે આપવડાઇ૦ ૮

(૧૧)

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા! સિદ્ધગિરિ ધ્યાવો, ઘેર બેઠાં પણ બહુ ફળ પાવો ભવિકા! બહુ ફળ પાવો નંદીશ્વર યાત્રાએ જે ફળ હોવે, તેથી બમણેરું ફળ કુંડલગિરિ હોવે ભ૦ કુ૦ ૧ ત્રિગુણ રુચકગિરિ ચૌગુણ ગજદંતા તેથી બમણેરું ફળ જંબૂ મહંતા ભ૦ જં૦ ૨ ષટ્ગુણા ધાતકી ચૈત્ય જુહારે, છત્રીશ ગણેરું ફળ પુષ્કર વિહારે ભ૦ પુ૦ ૩ તેથી શતગુણ ફળ મેરુ ચૈત્ય જુહારે સહસગણું ફળ સમેતશિખરે ભ૦ સ૦ લાખગણેરું ફળ અંજનગિરિ જુહારે, દશલાખગણેરું ફળ અષ્ટાપદ ગિરનારે ભ૦ અ૦ ૪ ક્રોડગણેરું

તીર્થરાજ સમરો સદા, આપે વાંછિત કાજ;
દુઃખ દોહગ દૂરે કરી, આપે શિવપુર રાજ. સ્વા૦ ૫
ગગન અભિતાણી આણીયા, વંદે ભવિજન ગુણવંત;
માણેક મુનિ ગિરિ ધ્યાનથી, ભાંગે ભવોભવ દુઃખડાં. સ્વા૦ ૬

(૧૮)

ચાલો ગાલોને જઈએ સોરઠ દેશમાં રે, જિહાં પુંડરીક ગિરિ પ્રખ્યાત; નમો નેહ ધરી ગિરિરાજને રે. એ તરણ તારણ તીર્થ જાણીએ રે, ગિરિ મહિમા અપરંપાર. નમો૦ ૧

(સાખી) અનંતા મુનિવર એ ગિરિ, પામ્યા શિવવધૂ નાર, વળી અનંતા અહીં કને; પામશે ભવનો પાર, નહિ સંદેહ એમાં આણશો રે; જેની શાસ્ત્રમાં છે ઘણી શાખ. નમો૦ ૨

(સાખી) અઢાર કોડાકોડી સાગરૂ, નાભિરાયા કુલચંદ; પ્રથમ ધર્મ ચલાવતા, મરૂદેવીનો નંદ; લાખ ત્યાશી પૂરવ ઘરમાં રહી રે, પ્રભુ દે છે વરશીદાન. નમો૦૩

(સાખી) રાજ ભળાવી ભરતને, લેવે સંજમભાર; વરસીતપનું કર્યું પારણું, શ્રી શ્રેયાંસકુમાર; લેવે શેરડી રસ પ્રભુ સુજતો રે, રૂડી અક્ષયત્રીજ મનોહાર નમો૦૪

(સાખી) પ્રથમ જિનેશ્વર આવીયા, પૂર્વ નવાણુંવાર; રાયણ હેઠે સમોસરી, કીધો ગિરિ વિસ્તાર; સુણી ભરત સંઘ લઈ આવતા રે; તીરથ ફરસીને કરતા ઉદ્ધાર. નમો૦ ૫

(સાખી) ચૈત્ર શુદની પુનમે, પાંચકોડ મુનિ સાર, પુંડરીક ગણધર એ ગિરિ, ઝાલ્યો શિવવધૂ હાથ; એથી

પુંડરીકગિરિ નામ સ્થાપિયે રે, ઈહાં તીર્થપતિ શ્રી આદિનાથ નમો૦ ૬

(સાખી) પ્રથમ પ્રભુના પોતરા, દ્રાવીડ ને વારીખીલ, સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, કાર્તિક પુનમ દિન, પ્રભુ અજિત શાંતિ દોય જાણુ, આવી ચાતુરમાસ તિહાં રાય નમો૦ ૭

(સાખી) ફાગણ શુદની દશમે, નમિ વિનમિ બે ભેદ્ અણુસર કરી શિવવધૂ વર્યા સાથ મુનિ બે ક્રો, સિદ્ધ થયા વીસક્રોડી અણગારથી રે, પાંચ પાંડવ એ ગિરિરાજ નમો૦ ૮

(સાખી) નેમિ પુત્રી ચોસઠ કહી, કરતી આતમ કામ, ધીનર વદની ચૌદશે, પામી અવિચળ ધામ, રામ ભરત મુનિ ત્રણ ક્રોડશું રે, કર્મ કાપી પામ્યા સિદ્ધરાજ નમો૦ ૯

(સાખી) ફાગણ ઉજળી તેરશે શાંબ પ્રદ્યુમ્ન રહેવાય, સાડી આઠ ક્રોડ મુનિવરૂ, શત્રુંજે શિવપુર જાય, ઇણ નારદ એકાણુ લાખથી રે; ગિરિ ઉપર વર્યા શિવનાર, નમો૦ ૧૦

(સાખી) ચઈ ચોવીશીના પ્રભુ, બીજા નિરવાણી નાથ, કદંબ ગણધર ક્રોડીશું, બરતા મુક્તિસે સાથ, તેને કદંબગિરિ બોલતા રે, જેના નામથી નવનિધ થાય નમો૦ ૧૧

(સાખી) એમ અસંખ્ય મુનિવરૂ, એ તીરથ મેં ઝાઝા, ક્યા ને વળી સિદ્ધશે, મહિમા અપરંપાર, આ બે દાન દયા ભાસનો રે, શિષ્ય સૌભાગ્યવિમળ સુખકાર નમો૦ ૧૨

(૧૭)

પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે, મન હરખે ઘણું રે લોલ; પ્રભુજી સંઘ ઘણેરાં આવે કે, એ ગિરિ ભેટવા રે લોલ. પ્રભુજી આવ્યું પાલીતાણા શહેર કે, તલાટી શોભતી રે લોલ; પ્રભુજી ગિરિવર ચઢંતાં કે, મન હરખે ઘણું રે લોલ. પ્રભુજી આવ્યો હીંગલાજનો હડો કે, કેડે હાથ દઈ ચડો રે લોલ. પ્રભુજી આવી રામ જ પોલ કે, સામી મોતીવસહી રે લોલ; મોતીવસહી દીઠે ઝાકઝમાલ કે. જોવાની જુગતી ભલીરે લોલ, પ્રભુજી આવી વાઘણ પોળ કે, ડાબા ચક્રેશ્વરી રે લોલ; ચક્રેશ્વરી જિનશાસન રખવાળ કે, સંઘની સહાય કરે રે લોલ, પ્રભુજી આવી હાથણ પોળ કે, સામા જગધણી રે લોલ. પ્રભુજી આવ્યા મૂલ ગભારે કે, આદીશ્વર ભેટીયા રે લોલ, આદીશ્વર ભેટે ભવદુઃખ જાય કે, શિવસુખ પામીયે રે લોલ. પ્રભુજીનું મુખડું પૂનમ કેરો ચંદકે, મોહ્યો સુરપતિ રે લોલ. પ્રભુજી તુમ થકી નહીં રહું દૂર કે ગિરિપંથે વસ્યા રે લોલ; એવી વીરવિજયની વાણી કે શિવસુખ આપજો રે લોલ.

(૧૮)

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી; જિનજી પ્યારા ! આદિનાથને વંદન હમારા. પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે અમીરસધારા; જિનજી પ્યારા ! આદિનાથને વંદન હમારા. ૧ પ્રભુજીનું મુખડું છે મનક મિલાકર, દિલમેં ભક્તિ જ્યોત જલાકર; ભજલે પ્રભુજીને ભાવે, [illegible] ફરી ન આવે; જિનજી પ્યારા ! આદિનાથને વંદન

હમારા ૨ જમીને લાખ ચોરાશી હું આવ્યો, પુન્યે દરિસન તુમારૂ પામ્યો, ધન્ય દિન મારો, ભવનો ફેરો ટાળો, જિનજી પ્યારા ! આદિનાથને વંદન હમારા ૩ અમે તો માયાના વિલાસી, તુમે તો મુક્તિપુરીના વાસી, કર્મબંધન કાપો, મોક્ષસુખ આપો, જિનજી પ્યારા ! આદિનાથને વંદન હમારા ૪ અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તુમારી, કહે હર્ષ સાચા સ્વામી તુમે, પૂજન કરીએ અમે, જિનજી પ્યારા ! આદિનાથને વંદન હમારા. ૫

(૧૯)

દાદા આદીશ્વરજી, દૂરથી આવ્યો, દાદા દરિશન દીયો, કોઈ આવે હાથી ઘોડે, કોઇ આવે ચડે પલાણે; કોઇ આવે પગપાળે, દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર; દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિશન દિયો ૧ શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચડે પલાણે; હું આવું પગપાળે, દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર દાદા આદીશ્વરજી૦ ૨ કોઈ મૂકે સોના રૂપા, કોઇ મૂકે મહોર; કોઇ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર દાદા આદીશ્વરજી૦ ૩ શેઠ મૂકે સોના રૂપા, રાજા મૂકે મહોર, હું મૂકું ચપટી ચોખા, દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર દાદા આદીશ્વરજી૦ ૪ કોઇ માગે કંચનકાયા, કોઈ માગે આંખ; કોઈ માગે ચરણની સેવા, દાદાને દરબાર હાં હાં દાદાને દરબાર દાદા

આદીશ્વરજી૦ ૫ પાંગળો માગે ડંગનકાયા, આંધળો માં
આંખ; હું માંગું તારાની સેવા, દાદાને દરબાર.
ડા દાદાને દરબાર. દાદા આદીશ્વરજી૦ ૬ હીરવિજય
ગુરુ હીરલો ને વીરવિજય ગુણ ગાય, શત્રુંજયના દર
કરતાં આનંદ અપાર. હાં હાં આનંદ અપાર. ૬
આદીશ્વરજી, હરખી આવ્યો દાદા દરિશન દીયો.

(૨૦)

(રાગ- દુર્ગા)

ક્યું ન ભયે હમ મોર વિમલગિરિ, ક્યું ન ભયે
મોર. (૧) સિદ્ધવડ રાયણ રુખકી શાખા, ઝુલત કરત ઝ
વિમલ૦ (૨) આવત સંઘ રચાવત અંગીઆ, ગાવત
ઘમઘોર. વિમલ૦ (૩) હમ ભી છત્ર કલા કરી નિર
કટને કર્મ કઠોર. વિમલ૦ (૪) મૂરત દેખ સદા મન હ
જૈસે ચંદ ચકોર. વિમલ૦ (૫) શ્રી રિસહેસર દાસ તિહ
અરજ કરત કર જોર. વિમલ૦ (૬)

(૨૧)

સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા,
ઈણ રે ડુંગરિયામાં ઝીણી ઝીણી કોરણી, ઉપર શિ
બિરાજે મોરા૦ (૨) કાને કુંડલ માથે મુગુટ બિરાજે,
બાજુબંધ છાજે મોરા૦ (૩) ચોમુખ બિંબ અનોપમ દ
અદ્‌ભુત દીઠે દુઃખ ભાંજે મોરા૦ (૪) ચુવા ચુવા ચ
ઔર અગરજા, કેસર તિલક વિરાજે. મોરા૦ (૫) ઈણ
સાધુ અનંતા સિધ્યા, કહેતાં ન આવે પાર. મોરા૦

જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે, આ ભવપાર ઉતારો મોરા૦ ૭

(૨૨)

આવી કડી ભગતિ મે પહેલા ન જાણી,
પહેલા ન જાણીરે પ્રભુજી, પહેલા ન જાણી,
સંસારની માયામાં મેં વલોવ્યુ પાણી આવી૦ ૧
શત્રુંજય ગિરિવર જઈએ, નવાણુ વદીએ;
આતમશુદ્ધ કરીને એ તો, પાવન થઈએ આવી૦ ૨
ઋષભ જિણેસર સ્વામી મારા, ભેટવા ભલે ભાવે,
નાભિનરેસર નંદન દીઠા, હરખ્યો તે વારે આવી૦ ૩
ચોરાશી લાખ જીવાયોનિમાં, ભમિયો કાલ અનંતા,
વિદા ભાવભિત્તને નવિ પેખ્યો, એવા અરિહંતા આવી૦ ૪
કામક્રોધ માન માયા લોભે, અતિ રડવડીયો,
એકેન્દ્રિ બેઇન્દ્રિ તેઇન્દ્રિમાંહિ, તું નવિ પેખ્યો આવી૦ ૫
જ્ઞાનવિમલસૂરિ ઈમ જંપે, મુને એટવા દેવા,
મોક્ષમાર્ગના સ્વામિ આપો, મુજને મેવા આવી૦ ૬

(૨૩)

(વીર કને જઈ વસીયે એ રાગેને સખિ—એ દેશી)

વિમલાચલ જઈ વસીયે, ચાલોને સખી! વિમલાચલ જઈ વસીયે, આદિ અનાદિ નિગોદમાં વસીયો, પુન્ય ઉદયે નિકસીયો; ચાર ગતિમાં ભ્રમણ કરીને, લાખ ચોરાશી ફર ભીયો. ચાલોને૦ ૧ દેવ નારકી તિર્યંચ માંહી વળી દુ:ખ

[૨૬]

અખાત્રીજ-અક્ષયતૃતીયાનું સ્તવન

શ્રી ઋષભ વરસોપવાસી, પૂરવની પ્રીત પ્રકાશી; શ્રેયાંસ બોલે શાબાશી-બાબાજી વિનતિ અવધારો. મારે મંદિરીએ પાઉ ધારો, બાબાજી વિનતિ અવધારો. ૧. શેલડી રસ સુજતો વ્હોરો, નાથજી ન કરાવો નહોરો, કરિસણ કુલ આપો દોરા-બાબાજી૦ ૨. પ્રભુએ તવ માંડી પસલી, આહાર લેવાની ગતિ અસલી; પ્રગટી (નવ) દુર્ગતિ વસલી-બાબાજી૦ ૩. અજુવાલી ત્રીજ વૈશાખી, પંચ દિવ્ય થતાં સુર સાખી; એ તો દાનતણી ગતિ દાખી-બાબાજી૦ ૪. એમ યુગાદિ પર્વ જાણો, અખાત્રીજ નામે વખાણો; સહુ કોઇ કરે ગલમાણો-બાબાજી૦ ૫. સહસ વરસે કેવલ પાયો, એક લાખ પૂરવ અરચાયો; પછી પરમ મહોદય પાયો-બાબાજી૦ ૬. એમ ઉદય વદે ઉવજ્ઝાયા, પૂજો શ્રી ઋષભના પાયા; આદિ ધર્મ ઓળખાયા-બાબાજી૦ ૭.

(૨૭)

વિમલાચલ વિમલા પાણી,શીતલ તરુછાયા ઠરાણી; રસવેધ કંચનખાણી, કહે ઇંદ્ર સુણો ઇન્દ્રાણી સનેહી સંત ! એ ગિરિ સેવો ચઉદ ક્ષેત્રમાં તીર્થ ન એવો. સ૦ ૧ છહરી પાલી ઉલ્લ સીએ, છઠ્ઠ અટ્ઠમ કાયા કસીએ; મોહમલ્લની સામા ધસીએ વિમલાચલ વેગે વસીએ. સ૦ ૨ અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ; પાછલ પ્રદક્ષિણા ફરીએ લધિ હેલા તરીએ. સ૦ ૩ શિવમંદિર ચઢવા કાં

સોપાનની પંક્તિ વિરાજે, ચઢતા સમકિતિ છાજે, દુરભવ્ય અ- ભવ્ય તે લાજે સ૦ ૪ પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરતા, પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચલ સિદ્ધા અનંતા સ૦ ૫ ષટ્માસી ધ્યાન ધરાવે, શુકરાજ તે રાજ્ય નિપાવે; બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે સ૦ ૬ પ્રણિધાને ભજે ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો; મોહ રાયને લાગે તમાચો, શુભવીર વિમલગિરિ સાચો સ૦ ૭

(૨૮)

વિવેકી વિમલાચલ વસીયે, તપ જપ કરી કાયા કસીયે; ખોટી માયાથી ખસીયે,-વિવેકી વિમલાચલ વસીયે વળી દુર્ધ્યાનથી ખસીયે, વિવેકી૦ ૧ માયામોહિનીએ મોહ્યો કોણુ રાખે રણમાં રોયો, આ નરભવ એળે ખોયો વિવે કી૦ ૨ બાળલીલાએ ફુલરાવ્યો, યૌવન યુવતિયે ગાયો, તોયે તૃપ્તિ નવિ પાયો વિવેકી૦ ૩ રમણી ગીત વિષય રાચ્યો, મોહની મદિરાએ માચ્યો, નવ નવ વેષ કરી નાચ્યો, વિવેકી૦ ૪ આગમવાણી સમી આમી, ભવજળધિમાંહી વામી, દેહિન મત્સ્ય સમા થાની વિવેકી૦ ૫ મોહની જાળને સંહારે, આપ કુટુંબ સકલ તારે, વરણુવીયે તે સંસારે વિવે કી૦ ૬ સંસારે ફુટી માયા, પય ગિરે પથી આયા, મૃગ તૃષ્ણા જળને ધાયા વિવેકી૦ ૭ ભવ દવ તાપ લહી આયા, પૌદ્ગલ પરિહર મુનિરાયા; શીતલ સિદ્ધાચલ છાયા વિવેકી૦ ૮ ગુરુ ઉપદેશ સુણી આવે, સંઘ દેશોદેશથી આવે, ગિરિ વર દેખી ગુણ ગાવે વિવેકી૦ ૯ સવન અહાર પરિહારીને

ાન ઉન્નત એકાદશીએ; વાંદ્યા પ્રભુજી વિગડવગીએ.
વિવેકી० ૧૦ જાત્રા નવાણું અમે કરીએ, ભવ ભવ પાતિ
કડાં હરીએ; તીર્થ વિના કહો કેમ તરીએ ? વિવેકી० ૧૧
હંસ મયૂર ઇહ્ ઠાગે, ચકવા શુક કોયલ પરિણામે; દર્શને
દેવગતિ પામે. વિવેકી० ૧૨ શેત્રુંજી નદીએ ન્હાઇ, કટે
સુરસાન્નિધ્ય દાઈ; પાયસય ચાપ ગુફા ઠાઇ. વિવકી० ૧૩
રયણમય પડિમા જે પૂજે, તેનાં પાતિકડાં ધ્રુજે; તે નર
સીઝે ભવ ત્રીજે, વિવેકી० ૧૪ સાસયગિરિ રાયણ પગલાં,
ચઉમુખ આદિ ચૈત્ય ભલાં; શ્રી શુભવીર નમે સઘલાં.
વિવેકી० ૧૫

(૨૯)

તુમે તો ભલે બીરાજોજી, સિદ્ધાચલકે વાસી, સાહિબ ! ભલે
બિરાજોજી. (એ આંકણી) મરૂદેવીનો નંદન રૂડો, નાભિ
નરિંદ મલ્હાર; જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂર્વ નવાણુ
વાર. તુમે તો० ૧. મૂળનાયકની સન્મુખ રાજે, પુંડરી
ગણધાર; પંચ ક્રોડશું ચૈત્રી પૂનમે, વરીઆ શિવવધૂ સા
તુમે તો० ૨. સહસ્રકૂટ દક્ષિણ બિરાજે, જિનવર સહ
ચોવીશ; ચઉદસેં બાવન ગણધરના, પગલા વામ જગી
તુમે તો० ૩ પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ; અષ્ટા
ચોવીસ જિનેશ્વર, સમ્મેત વીશ જિણંદ. તુમે તો० ૪. ગ
પર્વત ચૈત્ય ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક; બાવન જિનાલય
દેવળ નિરખી, હરખ લહુ અતિરેક. તુમે તો० ૫. સહઅકૂણા
ને શામળા પાસજી, સમવસરણ મંડાણ; છીપાવસી ને
ી કાંઇ પ્રેમાવસી પરમાણ. તુમે તો० ૬. સંવત

અઢાર ઓગણપચ્ચાસે, ફાગણ અષ્ટમી દિન, ઉજ્જવળ પક્ષે
ઉજ્જવળ હુઓ કાઈ, ગિરિ ફરસ્યા મુજ મન તુમે તો૦ ૭
ઈત્યાદિક જિનબિંબ નિહાળી, સાંભળી સિદ્ધની શ્રેણ; ઉત્તમ
ગિરિવર કેણી પેરે વિસરે, પદ્મવિજય કહે જેણ તુમે તો૦ ૮

(૩૦)

અબ તો પાર ભયે હમ સાધો !, શ્રી સિદ્ધાચલ દરસ કરી રે. અબ તો૦ [એ ટેક] આદિ જિનેશ્વર મહેર કરી અબ, પાપ પટલ સબ દૂર ભયો રે, તન મન પાવન ભવિજન કેરો, નિરખી જિનદ ચદ સુખ થયો રે અબ તો૦ ૧ પુંડરીક પમુહા મુનિ બહુ સિદ્ધા, સિદ્ધક્ષેત્ર હમ જાય લહ્યો રે; પશુ પંખી જિહાં છિનકમે તરીયા, તો હમ દઢ વિશ્વાસ ગ્રહ્યો રે અબ તો૦ ૨ જિન ગણધર અવધિ મુનિ નાહિં, કિસ આગે મેં પોકાર કરૂં રે, જેમ તેમ કરી વિમલાચલ ભેટ્યો, ભવસાયરથી નાહીં ડરૂં રે અબ તો૦ ૩ દૂર દેશાંતરમેં હમ ઉપને, કુગુરુ કુપથકો જાલ પર્યો રે; શ્રી જિન-આગમ હમ મન માન્યો તબ હી કુપથકો જાલ જર્યો રે અબ તો૦ ૪ તો તુમ શરણ વિચારી આયો, દીન અનાથકું શરણ દીયો રે; જયો વિમલાચલ-મંડન સ્વામી; જનમ જનમકો પાપ ગયો રે અબ તો૦ ૫ દુરભવી અભવ્ય નજરે ન દેખે સુરિ ધનેશ્વર એમ કહ્યો રે; જે વિમલાચલ ફરસે પ્રાણી, મોક્ષ મહેલ તેણે વેગે લહ્યો રે; અબ તો૦ ૬ જયો જગદીશ્વર તું પરમેશ્વર, પૂર્વ નવાણું વાર થયો રે; સમવસરણ રાયણતલે

તેરો; નિરખી ગમ ભ્રમ દૂર ગયો રે. અબ તો૦ ૭ શ્રી વિમલાચલ મુજ મન વસીયો, માનું સંસારનો અંત થયો રે; યાત્રા કરી મન તોષ પાયો અબ, જનમ મરણ દુઃખ દૂર ગયો રે. અબ તો૦ ૮ નિર્મલ મુનિજન જે તેં તાર્યાં, તે તો પ્રસિદ્ધ સિદ્ધાંતે કહ્યો રે; મુજ સરીખા નિંદક જો તારો, તારક બિરૂદ એ સાચ લહ્યો રે. અબ તો૦ ૯ જ્ઞાનહીન ગુણ રહિત વિરોધી, લંપટ ધીટ્ઠ કપાટી ખરો રે; તુમ બિન તારક કોઇ ન દીસે, જયો જગદીશ્વર સિદ્ધગિરો રે. અબ તો૦ ૧૦ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ભવસાયરકી પીડ હરી રે; આતમરામ અનઘ પદ પામી, મોક્ષવધૂ અબ વેગે વરી રે. અબ તો૦ ૧૧ સંવત બત્રીસ ઓગણીસે, માસ વૈશાખ આનંદ ભયો રે; પાલીતાણા શુભ નગર નિવાસી, ઋષભજિનંદચંદ દરશ થયો રે. અબ તો૦ ૧૨

(૩૧)

જિણંદા તોરે ચરણકમલકી રે, હું ચાહું સેવા પ્યારી; તો નાસે કર્મ કઠારી, ભવભ્રાંતિ મીટ ગઈ સારી. જિણંદા૦ ૧ વિમલગિરિ રાજે રે, મહિમા અતિ ગાજે રે; વાજે જગ ડંકા તેરા, તું સચ્ચા સાહિબ મેરા, હું બાલક ચેરા તેરા. જિણંદા૦ ૨ કરૂણાકર સ્વામી રે, તું અંતરજામી રે; નામી જગ પૂનમ-ચંદા, તું અજર અમર સુખકંદા, તું નાભિરાય કુલ નંદા. જિણંદા૦ ૩ ઈણ ગિરિ સિદ્ધા રે, મુનિ અનંત પ્રસિદ્ધા રે; પ્રભુ પુંડરીક ગણધારી, પુંડરીકગિરિ નામ

દકારી, યહ સબ મહિમા હે થારી જિણંદા૦ ૪ તારક જગ દીઠા રે, પાપ પંક સહુ નીઠા રે, હિર્દા મો મનમે આરી મે કીની સેવા થારી, હુ માગ રહ્યો શુભ ચારી જિણંદા૦ ૫ અગ મોહે તારો રે, બિરુદ નિહારો રે, તીરથ જિનવર દો ભેગી, મે જન્મ જરા દુ ખ મેટી, હુ પાયો ગુણની પેટી જિણંદા૦ ૬ દ્રાવિડ વારિખિલ્લા રે, દશ કોડી મુનિ મિલ્યા રે, હુએ મુક્તિરમણી ભરતારા, કાર્તિક પૂનમ દિન સારા, જિનઆ સન જગ જયકારા જિણંદા૦ ૭ સંવત શિખિ ચારા રે, નિધિ ઇંદુ ઉદારા રે, આતમકો આનંદકારી, જિનશાસનકી બલિહારી, પાગ્યો ભવજલધિ પારી જિણંદા૦ ૮

(૩૨)

તું ત્રિભુવન સુખકાર, ઋષભજિન! તું ત્રિભુવન સુખ કાર; શત્રુંજય-ગિરિ શણગાર ઋષભ૦, ભૂષણ ભરત મઝાર-ઋષભ૦, આદિ પુરૂષ અવતાર ઋષભ૦ [એ આંકણી] પ્રભુ ચરણે પાવન કર્યું રે, પૂર્વ નવાણું વાર, તેણે તીરથ સમરથ થયું રે, કરવા જગત ઉદ્ધાર ઋષભ૦ ૧ અવર તે ગિરિ પર્વતે વડા રે, એહ થયો ગિરિરાજ; સિદ્ધ અનંતા ઈહાં થયા રે, વળી આવ્યા અવર જિનરાજ ઋષભ૦ ૨ સુંદરતા સુરસદનથી રે, અધિક જિહાં પ્રાસાદ, બિંબ અનેક નવી શોભતો રે, દીઠે ટળે વિખવાદ ઋષભ૦ ૩ એટલુ કાજે ઉમહ્યા રે, આવે સવિ ભવિ લોક, કલિમલ તસ આડો નહિ રે, જાુ સોવન ઘન રોક ઋષભ૦ ૪ જ્ઞાનવિમલ પ્રભુ જલ ધિરે રે, તસ ખસે ભવ પરવાદ, કરતલમત શિવસુંદરી રે, મળે સહજ ધરી ઉન્માદ ઋષભ૦ ૫

જગીશ રે. નમો૦ ૫ ભરત વિભાગે આઠ સહસ સમ, સાધ્યાં દેશ અનેક રે; હવે હું તાત પ્રત્યે જઈ પુછું, સંઘપતિ તિલક વિવેક રે. નમો૦ ૬ સમવસરણે પહોતા ભરતેસર, વાંદી પ્રભુના પાય રે; ઇંદ્રાદિક સુર નર બહુ મળીયા, દેશના દે જિનરાય રે. નમો૦ ૭ શત્રુંજય સંઘાધિપ યાત્રા, ફળ ભાખે શ્રી ભગવંત રે; તવ ભરતેસર કરે રે સજાઈ, જાણી લાભ અનંત રે. નમો૦ ૮

(૩૬)

(કનક કમલ પગલાં ઠવે એ—એ દેશી.)

નયરી અયોધ્યાથી સંચર્યો એ, લેઈ લેઈ ઋદ્ધિ અશેષ ભરતનૃપ, ભાવશ્યું એ; શત્રુંજય યાત્રા રંગ ભરે એ આવે, આવે ઉલટ અંગ ભરત૦ ૧. આવે આવે ઋષભનો પુત્ર, વિમલગિરિ યાત્રાએ એ; લાવે લાવે ચક્રવર્તિની ઋદ્ધિ ભરત૦ મંડળીક મુગટબદ્ધ ઘણા એ, બત્રીશ સહસ નરેશ. ભરત૦ ૨. ઢમ ઢમ વાજે છંદશ્યું એ, લાખ ચોરશી નિશાન, ભરત૦ લાખ ચોરાશી ગજ તૂરી એ, રત્ને જડિત પલાણ. ભરત૦ ૩. લાખ ચોરાશી રથ ભલા એ, વૃષભ ધોરી સુકુમાલ ભરત૦ ચરણે ઝાંઝર સોના તણા એ, કોટે સોવન ઘુઘરમાલ. ભરત૦ ૪. બત્રીશ સહસ નાટક સહી એ, ત્રણ લાખ મંત્રી દક્ષ, ભરત૦ દીવીધરા પાંચ લાખ કહ્યા એ, સોલ સહસ સેવે યક્ષ. ભરત૦ ૫. દશ કોડી આલંબ ધજાધરા એ, પાયક છન્નુ કોડ, ભરત૦ ચોસઠ સહસ અંતેઉરી એ, રૂપે સરખી જોડ. ભરત૦ ૬. એક લાખ સહસ અઠ્ઠાવીશ ત્રી, ભરત૦ શેષ તુરંગમ સવિ મલી

એ, કોડી અઢાર નિહાળી ભરત૦ ૭ ત્રણ કોડી સાથે વ્યાપારીઓ એ, બત્રીશ કોડી સૂથાર, ભરત૦ શેઠ સાથવાહ સામગ્ર એ, રાય રાણાનો નહિ પાર ભરત૦ ૮ નવ નિધિ ચૌદ રયણરયુ એ, લીધા લીધા સવિ પરિવાર, ભરત૦ સંઘપતિ તિલક સોહામણુ એ, ભાલે ધરાવ્યું સાર. ભરત૦ ૯ પગે પગે કર્મ નિકંદતા એ, આવ્યા આવ્યા આસન્ન જામ, ભરત૦ ગિરિ દેખી લોચન ઠર્યો એ, ધન્ય ધન્ય શત્રુંજય નામ ભરત૦ સોવન ફૂલ મુક્તાફલે એ, વધાવ્યા ગિરિરાજ ભરત૦ દીએ પ્રદક્ષિણા પાગથીએ એ, સિધ્યા સઘળાં કાજ ભરત૦ ૧૧

(૩૭)

(રાગ-પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદ શું)

શોભા શી કહું રે શેત્રુંજા તણી,
જીહાં વગીયા છે પ્રથમ તીર્થંકર દેવ જો;
ફરીરે રાયણ તળે ઋષભ સમોસર્યા,
ચોસઠ સુરપતિ સારે પ્રભુની સેવ જો, શોભા૦-૧
નિરખ્યો તે નાભિરાય કેરા પુત્રને,
માતા મરુદેવી કેરા નંદ જો;
ફરીરે વિનીતા નગરીનો ધણી,
મુખડું સોહિયે શરદ પૂનમનો ચંદ જો શોભા૦-૨
નિરખોને નારી કંથને વિનવે,
પિયુડા મુજને પાલીતાણા દેખાડ જો;
એ ગિરિ પૂર્વ નવાણું સમોસર્યા,
માટે મુજને આદીશ્વર ભેટાવ જો શોભા૦-૩

૨. નયણાં નીરખ્યોરે નાભિ નરિંદનોરે, નંદ તે કરૂણારસનો કંદ; આંખલડી જોઈ રે કમલની પાંખડીરે, મુખડું તે જાણું પૂનમ કેરો ચંદ. સુખના૦ ૩ સુરવર મુનિવર મોહ્યા રાજવીરે, વળી રે વિદ્યાધર કેરા વૃંદ; ભવોભવ કેરા રે, તાપ શમાવવારે, મુખડું તે જાણે શરદ કેરો ચંદ. સુખના૦ ૪ ધન્ય ધન્ય જગત રે ત્રિભુવન જિનેશ્વરુ રે, ધન્ય ધન્ય શત્રુંજય ગિરિરાય; રૂપની કીર્તિરે ચરણ પસાઉલેરે, એમ સાધુ માણેક ગુણ ગાય. સુખના૦ ૫

(૪૧)

(રાગ દેશાખ-અમે વાલા રે)

અમે નાહ્યા રે અમે નાહ્યા રે, સૂરજકુંડમાં નાહ્યા રે, શ્રી સિદ્ધાચલની ભેટી ન હોય, ત્યાં લગે ભવ સઘળોએ વાહ્યા રે. અમે૦ ૧ તીરથ બહુ અવનીતળે નિરખ્યાં, તે મનમાં ન સુહાયા રે; નાભિનરેસરનંદ નિરખત, ધર્મ સકલ આરાહ્યા રે. અમે૦ ૨ કોડિ અનંત મુનિવર સિધ્યા, તપ સઘળાએ સરાહ્યા રે; ભાવસહિત જે ગિરિવર ફરસે, તસ શિવસુખ કર આયારે. અમે૦ ૩ દોય અટ્ઠમ સાત છઠ્ઠ કરીને, લાખ નવકાર જ ધ્યાયો રે; ઇણિપરે વિધિશું શત્રુંજય સેવે, તસ દુઃખદુરિત ગમાયો રે. અમે૦ ૪ જે નર શ્રીરિસહેસર ભેટે, ધન્ય તે જનની જાયા રે; જ્ઞાનવિમલ ગિરિધ્યાન ધરંતા, સમકિત ગુણનિધિ પાયા રે. અમે૦ ૫

(૪૨)

મોરા આતમરામ કુણ દિને શેત્રુંજે જાશું;

ંજા કેરી પાજે ચઢંતા, ઋષભતણા ગુણ ગાશું. મોરા૦ ૧

એ ગિરિવરનો મહિમા સુણી, હિયડે સમકિત વાસ્યુ,
જિનવર ભાવસહિત પૂજીને, ભવેભવે નિર્મળ થાશું મો૦ ૨
મન વચ કાય નિર્મળ કરીને, સુરજકુંડે નહાશું;
મરુદેવીનો નંદન નીરખી, પાતિક દૂરે પલાશું મોરા૦ ૩
ઇણગિરિ સિદ્ધ અનંત હુઆ, ધ્યાન સદા તસ ધ્યાશું,
સાર્થક જનમમાં એ માનવભવ, લેખે કરીય સરાશું મો૦ ૪
સુરવરપૂજિત પદકજ રજ, મિલવટે તિલક ચઢાવશું;
મનમાં હરસી ડુંગર ફરસી, હેઠે હરખિત થાશું મોરા૦ ૫
સમકિતધારી સ્વામી સાથે, સદ્ગુરુ સમકિત લાશું;
છ'રી પાળી પાપ પખાલી, દુર્ગંતિ દૂરે પલાશું મોરા૦ ૬
શ્રી જિનનામી સમકિત પામી, લેખે ત્યારે ગણાશું;
જ્ઞાનવિમલ કહે ધનધન તે દિન, પરમાનંદપદ પાશું મોરા૦ ૭

(૪૩)

એ ગિરિઓ ગિરિરાજીઓ, પ્રણમીજે ભાવે,
ભવભવ સંચિત આકરા, પાતકડા જાવે ૧
વજ્રલેપ સમ જે હોવે, તે પણ તસ દૂર,
એહનું દર્શન કીજીએ, ધરી ભક્તિ પડૂર ૨
ચંદ્રશેખર રાજા થયો, નિજ ભગિની લુબ્ધો;
તે પણ એ ગિરિ સેવતા ક્ષણમાંહે સિધ્યો ૩
શુકરાજા જય પામીઓ, એહને સુપસાયે;
ઓહત્યાદિક પાપ જે, તે દૂર પલાયે ૪
અગમ્ય અપેય અભક્ષ્ય જે, કીધા જેણે પ્રાણી;
તે નિર્મલ ઇણ ગિરિ થયા, એ જિનવર વાણી ૫

વાગ સર્પ પ્રભુઆ પાશ, તે પણ શિર પાગ્યા;
એ તિરશ ભેગ્યા ગણી, સુનિ પાતક વાગ્યા. ૬

ભેરી ગુનગે વંદતાં, ટળે દુઃખ કલેશ;
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, હોય સુજસ વિશેષ. ૭

(૪૮)

(આદિત્યે અરિહંત અમઘર આવોને)

તમે ચાલો સજ્જન આજ; જિનઘર જઈએ રે;
નીરખીને પ્રભુ દેદાર, પાવન થઈએ રે. તમે૦

માતા મરૂદેવીનો નંદ, નાભિકુલ ચંદો રે;
આગમની રીતે એહ, ભવિક જન વંદો રે. તમે૦

દ્રવ્યથી વિધિ સંયોગ, આશાતના ટાળો રે;
ભાવે કરી એકણુ ચિત્ત, સાધ્ય નિહાળો રે. તમે૦

અનુભવરસ ભંડાર. ભવથી અળગો રે;
અનુપમ આતમભાવ, એહને વળગો રે. તમે૦

ધારી એહ સ્વરૂપ, પૂજા કીજે રે;
મારાં ભવભવ સંચિત પાપ, પૂરવનાં ખીજે રે. તમે૦

એહીજ છે જગસાર, જિનવર વાણી રે;
પામી દુર્લભ યોગ, ત્યજે કુણુ પ્રાણી રે. તમે૦

જિનઆગમ ને જિનબિંબ, પંચમ આરે રે;
શ્રદ્ધા જ્ઞાન સહિત, પલકમાં તારે રે. તમે૦

તે માટે શ્રી જિનરાજ, ક્ષણુક્ષણુ ભજીએ રે;
કષાયની ટેવ, અનાદિની તજીયે રે. તમે૦

ગિરિ સિદ્ધાચલ મહાણ, જિનપતિ રાજે રે,
શ્રી ખિમાવિજય જિન નામ, ચડત દિવાજે રે   તમે૦ ૯

(૪૫)

સહુ ચાલો સિદ્ધગિરિ જઈએ, ગિરિ ભેટી પાવન થઈએ,
સોરઠ દેશે, યાત્રાનું મોટું ધામ છે   સહુ૦ ૧

જ્યાં ધર્મશાળા બહુ શોભે, જોતાં તો મનડા મોહે,
એવું સુંદર, શ્રી પાલીતાણા ગામ છે   સહુ૦ ૨

જ્યાં તળેટી પહેલી આવે, ગિરિ દર્શન વિરલા પાવે;
પ્રભુનાં પગલાં, પુનિત ને અભિરામ છે   સહુ૦ ૩

જ્યાં ગિરિવર ચઢતાં સમીપે, દેવાલય દિવ્યજ દીપે;
બ ગાળીબાબુનું, અવિચલ એતો નામ છે   સહુ૦ ૪

જ્યાં કુંડ વિસામો આવે, થાકયાનો થાક ભૂલાવે,
પરબો ફરી, પાણીની ઠામોઠામ છે   સ ુ૦ ૫

જ્યાં હડો આકરો આવે, કેડે હાથ દઈ ચઢાવે;
એવી દેવી, હિંગલાજ એનું નામ છે   સહુ૦ ૬

જ્યાં ગિરિવર ચઢતાં આવે, રામપોળ છેલ્લી આવે,
ડોળીવાળાના, વિસામાનું ઠામ છે   સહુ૦ ૭

જ્યાં નદી શેત્રુંજી વહે છે, સુરજકુંડ શોભા દે છે,
નાહ્યો નહિ, તેનું જીવન એ હરામ છે   સહુ૦ ૮

જ્યાં મોટે શાન્તિ દાતા, સોળમા જિન ત્રિભુવનત્રાતા;
પોળે જાતાં, હો પહેલા પ્રણામ છે   સહુ૦ ૯

સેવો, નહિ મળે તીરથ, એ સિદ્ધગિરિ જેવો, વિષય વાસના એવી, પામું શિવસુખ અજોડ. પ્રિયુ૦ ૫

(૫૩)

સિદ્ધગિરિ દર્શનનાં જાગ્યાં છે કોડ, ગિરિની શીતળ એ છાંયડી, મૂર્તિ જિણંદની જગમાં અજોડ, શાશ્વતગિરિની એ છાંયડી. ગિરિવરે બિરાજે મરૂદેવાનો નંદ જો, તરવા ભવપાર છુડાં સિધ્ધા અનંત જો, ક્રોધ માન માયાના બંધન છોડ. ગિરિની૦ ૧. શરણે તમારે આવ્યો, તરવા સંસાર જો સંસાર અસાર મારે, તારો આધાર જો. સાચી જિનભક્તિથી ભવ બંધ તોડ, ગિરિની૦ ૨. નિશદિન હું ગાઉં ગુણ આદિ જિણંદના, સિદ્ધાચલ વાસીયે, સિદ્ધિ દેનારના, પામ્ય શિવલક્ષ્મી જ્યાં મુનિ કોડાકોડ. ગિરિની૦ ૩.

(૫૪)

ઐસી દશા હો ભગવન્, જબ પ્રાણ તનસે નીકલે ગિરિરાજકી હો છાયા, મનમેં ન હોવે માયા; તપસે ... શુદ્ધ કાયા, જબ પ્રાણ તનસે નીકલે (૨) ઉરમેં ન મા... હોવે, દિલ એકતાન હોવે; તુમ ચરણ ધ્યાન હોવે, જ... પ્રાણ તનસે નીકલે. (૩) સંસાર દુઃખહરણાં, જૈનધર્મકા ... શરણાં; હો કર્મ ભર્મ ખરનાં, જબ પ્રાણ તનસે નીકલે. (... અનસન કો સિદ્ધવટ હો, પ્રભુ આદિ દેવ ઘટ હો; ... રાજ ભી નીકટ હો, જબ પ્રાણ તનસે નીકલે. (૫) ... દાન મુજકો દીજે, ઈતની દયા તો કીજે; અરજી સેવ... ... જબ પ્રાણ તનસે નીકલે.

શત્રુંજય ગિરિરાજની થોયો

શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકુર રામ અપાર, મંત્ર માંહે નવકાર જ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું, જળધર જળમાં જાણું, પંખીમાં જેમ ઉત્તમ હંસ, કુળમાંહે જેમ ઋષભનો વંશ, નાભિતણો એ અંશ, ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરામાં મુનિવર મહંત, શત્રુંજયગિરિ ગુણવંત ૧

ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પુનમચંદા, પદ્મપ્રભ સુખકંદા; શ્રીસુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ, વાસુપૂજ્ય મતિ શુદ્ધિ, વિમલ અનંત ધર્મ જિન શાંતિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ, મુનિસુવ્રત શુદ્ધ પાંતિ, નમિ નેમ પાસ વીર જગદીશ, નેમ વિના એ જિન તેવીશ, સિદ્ધગિરિ આવ્યા ઇશ ૨

ભરતરાય જિન સાથે બોલે, સ્વામિ શત્રુંજયગિરિ કુણ તોલે, જિનનું વચન અમોલે; ઋષભ કહે સુણો ભરતજી રાય, છરી પાલતા જે નર જાય, પાતિક ભૂકો થાય; પશુ પંખી જે ઇંણ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે, અજરામર પદ પાવે; જિનમતમેં શેત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલમાંહે આણ્યો, સુણતાં સુખ ઉર આણ્યો ૩

સંઘપતિ ભરત નરેસર આવે, સોવનતણા પ્રાસાદ કરાવે, મણિમય મૂરતિ ઠાવે, નાભિરાયા મરૂદેવી માતા બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યાતા, મૂર્તિ નવાણું ભ્રાતા; ગોમુખ જક્ષ ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્યમેવી, તપગચ્છ ઉપર

સેની; શ્રી વિજયસેનસૂરીશ્વરગાયા; શ્રી વિજયદેવસૂરિ પ્રણમી પાયા, ઋષભદાસ ગુણ ગાયા. ૪

(૨)

શ્રી શત્રુંજય મંડણ, ઋષભ જિણંદ દયાળ, મરૂદેવા નંદન વંદન કરૂં ત્રણ કાળ; એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર, આદીશ્વર આવ્યા જાણી લાભ અપાર. ૧

ત્રેવીશ તીર્થંકર, ચઢીયા ઈણ ગિરિરાય, એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાય; એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે, એ તીરથના ગુણ સીમંધર મુખ બોલે. ૨

પુંડરીકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ, વિમલાચલ ભેટી, લહિએ અવિચલ રિદ્ધ, પંચમીગતિ પહોંતા, મુનિવર કોડાકોડ, ઇણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩

શ્રી શત્રુંજય તીરથ કેરી, અહોનિશ રક્ષાકારી, શ્રી આદિ જિનેશ્વર આણ હૃદયમાં ધારી, શ્રી સંઘ વિઘનહર કવડજક્ષ ગણભૂર, શ્રી રવિબુધસાગર; સંઘના સંકટ ચૂર. ૪

(૩)

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો,
વિમલગિરિ વધાવો, મોતીચાં થાલ લાવો;
જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો,
ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો.

શુભ કેસર ઘોલી, માંહે કર્પૂર ચોલી,
પહેરી સિત પટોલી, વાસીયે ગંધ ઘુલી;
ભરી પુષ્કરનોલી ટાલિયે દુઃખ હોલી,
[illegible]નવર ટોલી, પૂજિયે ભાવ ભોલી.

શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર,
વલી મૂલ સૂત્ર ચાર, નંદી અનુયોગદ્વાર,
દશ પયન્ના ઉદાર, છેદ ષટ્ વૃત્તિ સાર,
પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિ સાર. ૩
જય જય જયનંદા, જૈનઇંદિ સૂરીંદા,
કરે પરમાનંદા, ટાલતા દુખદંદા;
જ્ઞાનવિમલ સૂરીંદા, સાકયમાકંદ કંદા,
વર વિમલગિરીંદા, ધ્યાનથી નિત્ય સદા ૪

(૪)

વિમલાચલમંડન, જિનવર આદિ જિણંદ,
નિમમ નિર્મોહી, કેવલજ્ઞાન દિણંદ;
જે પૂર્વ નવ્વાણું, આવ્યા ધરી આનંદ,
શત્રુંજય શિખરે, સમવસર્યા સુખકંદ ૧

(૫)

(રાગ—વીરજિનેસર અતિ અલસવેર)

શ્રી શત્રુંજય આદિ જિન આવ્યા, પુરવ નવ્વાણું વારજી,
અનંત લાભ ઇંહા જિનવર જાણી, સમોસર્યા નિરધારજી,
વિમલ ગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલ ઇણે ઠામજી,
કાંકરે કાંકરે અનંતા સિધ્યા, એક સો આઠ ગિરિ નામજી ૧

(૬)

પંચકોડિ મુનિ સાથે સિધ્યા, પ્રણમો પુંડરીક સ્વામીજી,
ચૈત્રી દિન મુનિ અનંતા, સિધ્યા કેવલ પામીજી,
જિન આગમમાં ગિરિવર મહિમા કહું વહુ શિરનામીજી
ચક્કેસરી જૈનશાસનદેવી ઊલટ કરો દુખ વામીજી ૧

(૭)

શત્રુંજય સાહેબ પ્રથમ જિણંદ, નાભિભૂપકુલકમલદિણંદ
મરૂદેવીનો નંદ, જસ મુખ સોહે પૂનમચંદ;
સેવા સારે ઈંદ નરિંદ, ઉન્મૂલે દુઃખ દંદ.
વાંછિતપૂરણ સુરતરુકંદ લંછન જેહને સુરભિનંદ;
ફેડે ભવ ભયફંદ; પ્રણમે જ્ઞાનવિમલ સૂરિંદ,
જેહના અહોનિશ પદ-અરવિંદ, પામે પરમાનંદ.

(૮)

શ્રી શત્રુંજય ગિરિવર વાસવ, વાસવ સેવિત પાયજી;
જયવંતા વરતો તિહું કાલે, મંગલ કમલા દાયજી;
સિરિ રિસહેસર શિષ્ય શિરોમણિ, પુંડરીકથી તે સાધ્યોજી;
ચૈત્રી પૂનમ આ ચોવીશી, મહિમા જેહનો વાધ્યોજી. ૧.

(૯)

શત્રુંજય મહિમા, પ્રગટ્યો જેહથી સાર, ચૈત્રી પૂનમ દિન, ઓપ્યો એહ ઉદાર; રિસહેસર સેવા, શિર વહો ધરી આનંદ, તિહુઅણ ભવિ કૈરવ, વિપિન વિકાસન ચંદ. ૧

(૧૦)

શ્રી શત્રુંજય મંડણ, રિસહ જિણેસર દેવ, સુર નર વિદ્યાધર, સારે જેહની સેવ; સિદ્ધાચલ શિખરે, સોહાકર શૃંગાર; શ્રી નાભિનરેસર, મરૂદેવીનો મલ્હાર. ૧

(૧૧)

પ્રણમો ભવિયાં રિસહ જિણેસર, શત્રુંજય કેરો રાયજી,
જન જસ ચરણે સોહે, સોવન વરણી કાયજી;

ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાયજી,
ચૈત્રી પૂનમને દિને જેહના, મહોટા મહોત્સવ થાયજી ૧

(૧૨)

વિમલગિરિ સહુ તીરથ રાજા, નાભિકો નંદન જિનવર તાજા, ભવ જલધિકો જહાજ, નેમિ વિના જિન તેવિસ, સમવસરે સહુ વિમલગિરિસ, ભવિજન પૂરે જગીસ; સિદ્ધ ક્ષેત્ર જિન આગમ ભાસે, દુરભવિ અભવ્ય નિરાસે, ગિરિ દરિસણુ નવિ પાસે, કવડજક્ષ ચક્રેસરી દેવી, તીરથ સાંનિધ્યકર સુખ લેવી, આતમ સફલ કરેવી ૧

(૧૩)

ચ્યાશી લાખ પૂરવ ઘરવાસે, વસિયા પરિકર યુક્તાજી, જનમ થકી પણ દેવનરૂ કૃત, હીરોદધિજલ ઓક્તાજી, મઈ શ્રુત ઓહિ નાણે સંયુક્તા, નયણ વયણ કજ ચંદાજી, ચાર સહસશુ દીક્ષા શિક્ષા, સ્વામી શ્રીઋષભ જિણંદાજી ૧

(૧૪)

ચૈત્રી પૂનમ દિન, શત્રુંજય ગિરિ અધિઠાણ, પુંડરીક વર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ; આદીશ્વર કેરા, શિષ્ય પ્રથમ જયકાર, કેવલ કમલાકર, નાભિનરિંદ મલ્હાર ૧

(૧૫)

વિમલાચલ મંડન, જિનવર આદિ જિણંદ,
નિર્મમ નિર્મોહિ, કેવળ જ્ઞાન દિણંદ,
જે પૂર્વ નવાણું આવ્યા ધરી આણંદ,
શત્રુંજય શિખર સમોસર્યા સુખકંદ. ૧

ધર્મરૂપી ગાંડવાના, સ્તંભ જેવા આપ છો,
વિશ્વમાં ઉદ્યોત કરતા, સૂર્ય જેવા આપ છો;
દયા રૂપી નદીના, આગાર નદ સમ આપ છો,
વિશ્વ વાંછિત પૂરનારા, કલ્પતરુ સમ આપ છો.
જિમ સૂર્ય વિણ ના કમળ ખીલે, તેમ તુજ વિણ માહરી
કોવે ટહી ના મુક્તિ વાવરી, માહરી એ છે આતરે
જેમ મોર નાચે મેઘને જોઈ, તિમ જોઈ હું આપ
નાચી રહ્યો હરખાઈ હું, મનમાં ધરી શુભ ભાવ
વરગ ધાડસ્તી જોડવા, શ્રુતબોધ—ચક્ષુ—દા
વરધર્મચક્રી આપ મારા, સર્વ સંકટ પા
પુરુષોત્તમ પ્રભુ આપ વળી, પુંડરીક જેવા આપ છો,
પુરુષસિંહ સમા તમે, જિનરાજ જગદાધાર છો.
તારા વિના નવ અન્ય કાંઈ, તુજ સ્મૃતિ હૃદયે વસે;
સર્વ ટાણે સર્વ સ્થાને, તુજ વિના નવ કો હશે
જ્યાં દૃષ્ટિ પડતી માહરી, ત્યાં તુંજ મુજ નજરે પડે,
તારા વિના વિશ્રાંતિનું, ના અન્ય કો શુભ સ્થળ જડે. ૩૭
હું તુજ વિષે તું મુજ વિષે, નવ ભેદભાવ જરી ગણું;
હું તું બન્યા જ્યાં એક સ્વરૂપી, મસ્ત સ્થિતિ શું વર્ણવું;
તું યોગીઓને ગમ્ય છે ને, ભક્તજનને બહુ ગમે,
મન વાણીથી ગુણ વર્ણવીશું, શિર સદા ચરણે નમે. ૩
તારા વિના આ વિશ્વમાં નવ અન્ય કાંઈ કદી ચહું,
જે ચાહતો હું પામવાને, તે જ તું નવ કો બીજું;
...ન તણી અતિ ચાહના, તું સર્વ જીવનાધાર છે;
સદા આ જીવનમાં, તું સ્નેહી સઘળો સાર છે.

આનંદદાતા વિશ્વના વળી, મુક્તિ કેરા પંથને
બતલાવનારા નાથ મારા, તારનારા ભવ્યને;
ભવદાહ ભાવરણ તણા છો, એહ ભાવ ધરી અમો,
એમ બોલીએ પ્રતિદિન પ્રભાતે, આપને જ નમો નમો ૪૦

હું સ્પષ્ટ બોલું તુજ કને, છે તાહરૂ શરણ મને,
આ લોકમાં કે સ્વપ્નમાં, નવિ ચાહતો હું અન્યને,
હે નાથ ! મારા પ્રાણના, મુજ માત તાત ખરા તમે,
મુજ સત્ય જીવિત બન્ધુ ગુરુ વળી, સાચા દેવ જ છો તમે ૪૧

તુજમાં રહેલા ગુણ અનંતા, કેમ હું બોલી શકું,
જડબુદ્ધિ હું ક્યું ભક્તિ રાગે, કાંઈક હું બોલી શકું;
જાણી શકો છો આપ મારા, ચિત્ત કેરા ભાવને,
ભવ ભવ પસાયે આપના, ગુણ ગણ તણો મળજો મને ૪૨

મષી પુંજ નીલગિરિ જેટલો, હોવે જલધિરૂપ ભાજને,
કાગળ દસાપટ સમ બનાવે, કલમ સુરતરુ શાખને,
એ સર્વ સાધનથી લખે, દેવેન્દ્ર પુરાણ સરસ્વતી,
તોયે કદી ન લખી શકાયે આપના ગુણ છે અતિ ૪૩

દરશન દરશન કરતા પ્રભુજી, આવ્યો તારે દ્વાર રે,
દેખત પ્રભુજીનું મુખડું જોતા, આનંદ અતિ ઉભરાય રે,
ચાર ગતિમાં ભટકી પ્રભુજી આવ્યો નહિ તુજ આરો રે,
જન્મ મરણના ફેરા ટાળી, ભવપાર ઉતારો રે ૪૪

ભરી ભાવના આવ્યો દરશને, ખાલી હાથ ન જવું રે
આપણાયક તરને આપો, હો ભવજલ તરી જવું રે,

આત્મદર્શન કરવા માટે, અનંત શક્તિ આપો રે,
અંતરના અંધારા કાઢી, ઝળહળ જ્યોત જગાવો રે. ૪૫

અણમોલું એ દરશન મુજને, એક વાર જો થાવે,
તો મારા ભવોભવના સંચિત, કર્મોનો ચૂરો થાવે,
ભવોભવ તુમ ચરણોની સેવા, પલ પલ તુમ ચરણોની સેવા,
ઘટ ઘટ તુમ ચરણોની સેવા, મુક્તિપુરીમેં જાવા
ઇચ્છા, પૂર્ણ હમારી કરજોજી. ૪૬

પ્રભુજી માહરા! પ્રેમથી નમું, મૂર્તિ તાહરી દેખીને ઠરું;
અરર હો પ્રભુ પાપ મેં કર્યો, શું થશે હવે માહરું પ્રભુ;
દીનાનાથજી દુઃખ કાપજો, ભવિક જીવને સુખ આપજો,
માટે હે પ્રભુ તમને વિનવું, ઉગારજો હવે પ્રભુજીને સ્તવું;
આદિનાથજી સ્વામી માહરા, ગુણ ગાઉ છું નિત્ય તાહરા. ૪૭

ન સ્વર્ગાપ્સરસાં સ્પૃહા સમુદયે નો નારકોચ્છેદને,
નો સંસારપરિક્ષિતૌ ન ચ પુનર્નિર્વાણનિત્યસ્થિતૌ;
ત્વત્પાદદ્વિતયં નમામિ ભગવન્ કિંત્વેકકં પ્રાર્થયે,
ત્વદ્ભક્તિ-ર્મમ માનસે ભવભવે ભૂયાદ્ વિભો! નિશ્ચલા. ૧

અર્થ :— હે પ્રભુ! મને સ્વર્ગની સુંદર અપ્સરાઓના સમુદાય મળે તેવી સ્પૃહા નથી, મારા નરકનાં દુઃખો નષ્ટ થાય તેવી પણ અભિલાષા નથી; મારા સંસારના પરિભ્રમણનો સર્વથા ક્ષય થાય તે માટે પણ મને ઇચ્છા નથી, મારો મુક્તિપુરીમાં સદાય વાસ થાય તેની પણ મને ચાહના નથી. પરંતુ હે દેવાધિદેવ! હું તને એક જ પ્રાર્થના કરું છું કે તારી ભક્તિ મારા અંતરમાં ભવોભવ અવિચલ રહો!!!

શ્રી સિદ્ધાચલજીનો સલોકો યા તીર્થદર્શન સ્તવન

સરસ્વતી માતા તુમ પાયે લાગું,
દેવગુરુ તણી આના રે માગું,
શ્રી સિદ્ધાચલ કેરો કહેશું સલોકો,
નવાણું યાત્રા કરો ભવિ લોકો
શત્રુંજય મહાતમમાં લખ્યું ઘણું ઘણું,
એક જીભે કેટકેટલું વખાણું
શ્રી ધનેશ્વરસૂરીશ્વર પાસે મારી અલ્પ મતિ,
મમ જિહ્વાએ વસજો માતા સરસ્વતી

પ્રભુજી બનું પાલીતાણા શહેર કે મન ઉમંગ ઘણું રે લોલ
પ્રભુજી આવ્યું પાલીતાણા શહેર કે તળેટી ભેટી રે લોલ
પ્રભુજી સોના રૂપાના ફુલડે ગિરિરાજ વધાવું રે લોલ
પ્રભુજી ગિરિવર ઉપર ચડતા મન ઉમંગ ઘણું રે લોલ ૧
પ્રભુજી આવી ધનવસી ટુંક કે બાબુના દેરે આવું રે લોલ
પ્રભુજી રતનના ભગવંત કે સહસ્રકૂટ ભગવંત નમું રે લોલ
પ્રભુજી [illegible] મંદિર ને [illegible] ભગવંત [illegible] રે લોલ
પ્રભુજી [illegible] આદીશ્વર કે [illegible] રે [illegible] રે લોલ ૨
પ્રભુજી [illegible] રે લોલ
પ્રભુજી [illegible] રે લોલ
પ્રભુજી [illegible] રે લોલ
પ્રભુજી [illegible] રે લોલ ૩
પ્રભુજી [illegible] સિદ્ધચક્ર કે [illegible] રે લોલ
પ્રભુજી ગિરિરાજ [illegible] કે મન [illegible] ઘણું રે લોલ

પ્રભુજી [illegible] રે લોલ,
પ્રભુજી [illegible] રે લોલ. ૪
પ્રભુજી આવ્યા [illegible] રે લોલ,
પ્રભુજી [illegible] હનુમાન [illegible] રે લોલ;
પ્રભુજી આવી પહેલી ટુંક કે અભિનંદન ભગવાન નમું રે લોલ,
પ્રભુજી શાંતિજિન [illegible] કે મરૂદેવી માતા નમું રે લોલ. ૫
પ્રભુજી ધન્ય ધન્ય મરૂદેવી માતા કે જેની કુખે રતન પાક્યા રે લોલ,
પ્રભુજી ચૌમુખજી દેખું ને આનંદ ઉપજે રે લોલ;
પ્રભુજી ભમતીમાં ભમું કે પાપ નિવારજો રે લોલ,
પ્રભુજી જ્યાં જ્યાં જિન ભગવંતો કે કરો મારા દર્શન [illegible] રે લોલ.
પ્રભુજી આવ્યા બીજી ટુંક કે આદીશ્વર ભગવંત નમું રે લોલ. ૬
પ્રભુજી નેમનાથ અજિતનાથ શાંતિનાથ ભગવંત નમું રે લોલ,
પ્રભુજી નંદિષેણસૂરીશ્વરે અજિતશાંતિની તિહાં રચના કરી રે લોલ;
પ્રભુજી આવ્યા ત્રીજી ટુંક કે ચિંતામણિ પાર્શ્વ પ્રભુ રે લોલ
પ્રભુજી ભમતીમાં ભમું કે પાપ નિવારજો રે લોલ,
પ્રભુજી પાંચ પાંડવ દેખું ને સહસકુટ ભગવંત નમું રે લોલ. ૭
પ્રભુજી આવ્યા ચોથી ટુંક કે નંદીશ્વરદ્વીપ નમું રે લોલ,
પ્રભુજી બસો અઠાવીસ તીર્થંકર બાવન જિનાલય નમું રે લોલ;
પ્રભુજી આવ્યા પાંચમી ટુંક કે અજિતનાથ ભગવંત નમું રે લોલ,
પ્રભુજી ભમતીમાં ભમું કે પાપ નિવારજો રે લોલ;
બે બાજુ બે દેરાસર પુંડરીકનાં દર્શન કરૂં રે લોલ. ૮
પ્રભુજી આવ્યા છઠ્ઠી ટુંક કે આદેશ્વર ભગવંત નમું રે લોલ,
પ્રભુજી ભમતીમાં ભમું કે પાપ નિવારજો રે લોલ;
પ્રભુજી દેરાણી જેઠાણીના ગોખલા કે પાર્શ્વનાથ ભગવંત નમુ રે લોલ,
પ્રભુજી પાર્શ્વજિન ભગવંત કે અરબી સમુદ્રમાંથી પ્રગટ થયા રે લોલ;
પ્રભુજી આવ્યા માણેકબાઇ મટકો કરી બેસી ગયા રે લોલ. ૯

પ્રભુજી આવ્યા અમ [illegible] આશ્ચર્ય [illegible] નહીં રે લાલ
પ્રભુજી નાનભી બાબાભાઈની કુ[illegible] કે આદેશ [illegible] રે લાલ
પ્રભુ ચાર બાજુ ચાર દેગામ કે પુ[illegible] રે લાલ
પ્રભુજી આ[illegible] મેનીશાની કુ[illegible] ધન્ય ધન્ય માનીશ [illegible] લાલ
પ્રભુજી મેં [illegible] દેગામરે [illegible] માગ [illegible] લાલ ૧૦

પ્રભુજી આવી માનીવમાં કુ[illegible] આમા બાની [illegible] લાલ
પ્રભુ મેની [illegible] આજમાન કે તેમાની જુની મની રે લાલ
પ્રભુજી પ્રેરી [illegible] પાપ નિ[illegible] લાલ
પ્રભુજી ન બિરાજા મ દેરી માનાકે [illegible] લાલ ૧૧

પ્રભુજી પુ[illegible] દેવુ કે આનંદ [illegible] રે લાલ
પ્રભુજી આજ કુ[illegible] આદેશ [illegible] લાલ
પ્રભુજી ધન્ય ધન્ય [illegible] કે દિન આનંદ [illegible] લાલ
પ્રભુજી [illegible] લાલ ૧[illegible]

પ્રભુ નરમી દાદાની કુ[illegible] કે દર્શન [illegible]
પ્રભુજી આવી [illegible] લાલ
પ્રભુ [illegible] દિન [illegible]
પ્રભુજી [illegible] ૩

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] નમું રે [illegible]
પ્રભુજી આવ્યા [illegible] નમું રે લોલ,
પ્રભુજી આવ્યા [illegible] જિન ભગવંતા નમું

પ્રભુજી આવ્યા નાંદીયા પાર્શ્વનાથ રે,
[illegible] શહેરે [illegible] નમું રે લોલ,
[illegible] નમું રે લોલ;
પ્રભુજી આવ્યા [illegible], [illegible] આદેશ્વર નમું
પ્રભુજી આવ્યા ઉદેપુર કે આવની [illegible]
પ્રથમ તીર્થંકર પદ્મનાભ નમું રે લોલ,
રે લોલ;
પ્રભુજી આવ્યા ઝગડીઆ કે એકસો આઠ પાર્શ્વનાથ નમું રે લોલ,
પ્રભુજી આવ્યા ભોયણી પાનસર સેરીસા જિન ભગવંતા નમું રે લોલ. ૨
પ્રભુજી આવ્યા કાવી, ગાંધાર, જઘડીઆની જાત્રા કરૂં રે લોલ,
પ્રભુજી આવ્યા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંત પૂજવા રે લોલ,
પ્રભુજી આવ્યા વરકાણા, સ્થંભન, અંતરીક્ષ પાર્શ્વનાથ કે
પાટણમા જિન ભગવંતા નમું રે લોલ,
પ્રભુજી આવ્યા રાજનગરે કે તમામ દેરાસરોએ દર્શન કરૂં રે લોલ,
પ્રભુજી શાંતિનાથ અદબદજી ને ચિંતામણિ પાર્શ્વ પ્રભુ નમું રે લોલ;
પ્રભુજી દુનિયાભરમા જ્યા જ્યા જિન ભગવંતો
ત્યા ત્યાં ક્રોડો મારા દર્શન હોજો રે લોલ
પ્રભુજી ગુણીયલ જૈનો ભાવે જાત્રા કરે રે લોલ,
પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે મન હરખે ઘણું રે લોલ;
એવી વીરવિજયની જોડ કે શિવસુખ આપજો રે લોલ
પ્રભુજી એવી વીરવિજયની જોડ કે મોક્ષસુખ આપજો રે લોલ. ૩

કળશ

જે કે૦ આ તીર્થ સમગ્ર યાત્રા ૦ ર । ભાવની
તે શ્રી સિદ્ધાચલની તરે દુઃખની ભાવના ૫ ।
તે તમામ તીર્થના દર્શન કીન બરના પાતિક ૭ ।।
શ્રી નર નતમ ગભુને યાત્રનું ફળ મગાવ ।

શ્રી વીરવિજય મ૦ ની પાંચ ગાથાનું સ્તવન આ
સિદ્ધાચલજીના નકશામાં મગાવ્યુ છે

શાયણ પગલાનુ સ્તવન

શ્રી આદીશ્વર અન્તરજામી, જીવન જગત આધાર, શાન્ત સુધારસ જ્ઞાને ભરીયા, સિદ્ધાચલ શણગાર, રાયણ રૂડી રે, જીહાં પ્રભુ પાય ધરે, વિમળગિરિ વંદો રે, દેખત દુઃખ હરે, પુણ્યવંતા પ્રાણી રે, પ્રભુજીની સેવા કરે ૧ પુણ્ય અનંતા ગિરિવર કેરા, સિધ્યા સાધુ અનંત, વળી રે સિદ્ધશે વાર અનંતી એમ ભાખે ભગવંત, ભાવા ભવ કેરાં ,, પાતિક દુર ટળે વિમળ૦ ૨ બાવડીયું રસકુંપા કેરી, મણી માણેકની ખાણ, રત્નખાણ બહુ રાજે સો તીરથ, એહવી શ્રી જિન-વાણી સુખના સનેહી રે, બંધન દુર કરે વિમળ૦ ૩ પાંચ કોડીશું પુંડરીક સિધ્યા ત્રણ કોડીશું રામચંદ્ર કોડીશું પાંડવ મુક્તિ, સિદ્ધક્ષેત્રે સિદ્ધ ઠામ, મુનિવર મોટા રે અનંતા મુક્તિ વરે વિમળ૦ ૪ એસો તિરથ ઓર ન જગમેં ભાખે શ્રી જિન આપ, દુર્ગતિ કાપે ને પાર ઉતારે આપે કેવળનાણ ભવિજન ભાવે રે, જે એનું ધ્યાન ધરે
વિમળ૦ ૫ દ્રવ્ય ભાવશું પુજા કરતાં, પુજે શ્રી જિનચંદ,
ગાનંદ સુખ આતમ વરી ઉદ્યોતિત ઉદ્યોત જિનચંદ,
ત એહન્દરે, માહિક મુક્તિ કરે વિમળ૦ ૬

कंतार-चोर-सावय-समुद्द-दारिद्द-रोग-रिउ-रुद्दा ।
मुच्चंति अविग्घेणं, जे सेत्तुंजं धरंति मणे ॥२४॥

જેઓ શ્રી શત્રુંજય તીર્થનું મનમાં ધ્યાન ધરે છે, તેઓ અરણ્ય, ચોર, સિંહ, સમુદ્ર, દારિદ્ર, રોગ, શત્રુ અને અગ્નિ વિગેરે રૂદ્ર (આકરા) ભયોથી નિર્વિઘ્ને મૂકાય છે. અર્થાત્ તે તે ભયો તેને હાનિ કરી શકતા નથી. ૨૪

सारावलीपयन्नग-गाहाओ सुअहरेण भणिआओ ।
जो पढइ गुणइ निसुणइ, सो लहइ सित्तुंजजत्तफलं ॥२५॥

શ્રુતધરે કહેલી અને સારાવલી પયન્નામાં રહેલી આ ગાથાઓને જે મનુષ્ય ભણે, ગણે કે સાંભળે તે શ્રી શત્રુંજય તીર્થની યાત્રાનું ફળ પામે છે. ૨૫

વર્ષીતપનું સ્તવન.

દેખો માઈ આજ ઋષભ ઘર આવે (ટેક.) રૂપ મનોહર જગદાનંદન, સબહી કે મન ભાવે. દેખો માઈ૦ ૧ કેઈ મુક્તાફળ થાળ વિશાળા; કેઈ મણિ માણેક લાવે, દેખો માઈ૦ ૨ કેઈ ગય રથ પાયક બહુ કન્યા; પ્રભુજીકું વગે વધાવે. દેખો માઈ૦ ૩ શ્રી શ્રેયાંસકુમાર દાનેશ્વર; ઇક્ષુરસ વહોરાવે. દેખો માઈ૦ ૪ ઉત્તમ દાન દીપે અમૃતફળ; સાધુ કીર્તિ ગુણ ગાવે. દેખો માઈ૦ ૫



સિદ્ધાચલ મંડન શ્રી આદિનાથ ભગવાનનાં સ્તવનો.

(૧)

(રાગ—અવિગ સિદ્ધચાપદ વંદો અથવા ઘર આજા મેરા)

સિદ્ધગિરિમંડન પાય નમીજે, રિસહેસર જિનરાય;
નાભિભૂપ મરુદેવી નંદન, જગતજંતુ સુખદાય રે.
સ્વામી તુમ દરિસન સુખકાર, સ્વામી તુમ દરિસન સુખકાર,
તુમ દરિસનથી સમકિત પ્રગટે, નિજગુણ ઋદ્ધિ ઉદાર રે ૧
આરે કર્મી પણ તે તાર્યો, ભવજલધિથી ઉગાર્યો;
મુજ સરિખા કિમ નવિ સંભાર્યો, ચિત્તથી કિમ ઉતાર્યો રે ૨
પાપી અધમ પણ તુમ સુપસાયે, પામ્યા ગુણ સમુદાય;
અમે પણ તરશું શરણ સ્વીકારી, મહેર કરો મહારાય રે. ૩
તરણ તારણ જગમાંહિ કહાવો, હું છું સેવક તારો;
અવર આગળ જઈને કેમ માગું, મહિમા અધિક તુમારો રે ૪
મુજ અવગુણ સામું મા જુઓ, બિરુદ તમારું સંભાળો;
પતિતપાવન તુમ નામ ધરાવો, મોહ વિટંબના ટાળો રે ૫
પૂરવ નવાણું વાર પધારી, પવિત્ર કર્યું શુભ ધામ,
સાધુ અનંતા કર્મ ખપાવી, પહોંચ્યા અવિચલ ઠામ રે ૬
શ્રી નયવિજય વિબુધપય સેવક, વાચક જસ કહે સાચું;
યશાચલ ભૂષણ સ્તવનથી આનંદ રસભર માચું રે ૭

(૨)

દઈ તસ માનને અપ સમાન રે, જો તારે દેહ અંપે રે,
' અજના રે. કોઈ કોઈ સિદ્ધગિરિરાજ બતાવે રે

સોહાવે રે, વધાવે રે, ગવરાવે રે, નાગર સજ્જના રે. ૧. કોઇ અતિ ઉમગો ને, બહુ જિન નરીઓ રે, આનંદના વૃંદ આવે રે. નાગર૦ ૨. મળ્યા દેવાંગીના ને સુરપતિ ગણીયા રે, ચારેદિશિ પાગ ચઢાવે રે. નાગર૦ ૩. નાટક ગીત ને તૂર વાગે રે. મનગમ નાદ સુણાવે રે. નાગર૦ ૪. શ્રી જિન નિરખીને હરખિત હોવે રે, તૃષિત ચાતક જલ પાવે રે નાગર૦ ૫ સકલ તિરથ માંહિ સમરથ એ ગિરિ, કેઈ આગમ પાઠ બતાવે રે. નાગર૦ ૬ ધનધન એ ગૃહપતિ ને નરપતિ, કોઈ સંઘપતિ તિલક ધરાવે રે. નાગર૦ ૭ ઘેર બેઠાં પણ એહિજ ધ્યાવો રે, ગિરિ ગુણ ગાવો રે, જ્ઞાનવિમલ ગુણ ગાવે રે. નાગર૦ ૮.

(૩)

આપો આપોને લાલ મોંઘા મૂલાં મોતી, લાવો લાવોને લાલ મોંઘા મોતી, શ્રીસિદ્ધાચલ નિરખીં વધાવું, પુરણ પુન્ય પનોતી આપો૦૧

પ્રથમ જિનેશ્વરને જઈ પૂજું પહેરી નિર્મલ ધોતી;
હરખી-હરખી જિન મુખનિરખી, મુખને મટકે જોતી. આપો૦૨

પૂર્વ સંચિત જે બહુ પાતીકડાં, દુઃખ દોહગડાં ખોતી;
પ્રભુ ગુણ ગણ મોતનકીમાલા, ભાવના ગુણમાં પ્રેરાતી. આપો૦૩

અનુભવ લીલા એેસી પ્રગટી, પહેલા કદીય ન હોતી;
ધ્યાચી ધ્યાન ક્રિયાનોઅનુભવ,પ્રગટી નિરંજન જ્યોતિ. આપો૦૪

પૂજા વિવિધ પ્રકારે વિરચિત, મણિમય ભૂષણદ્યોતિ;
નાટક ગીત કરતાં મોહંતી; વાંછિત આશા ફૂલન્તી. આપો૦૫

આદીશ્વર અજિતેશ્વર આવી ચોમાસાં,
પુણ્ય ભૂમિમાં પૂર્વ નવાણું વાર જો;
અરિહંત શ્રી અજિતેશ્વર શાંતિનાથજી,
દશી ચોમાસું જાણી શિવપુર દ્વાર જો. પ્રીત૦ ૨

સૂર્યવંશી સોમવંશી યાદવવંશના,
નૃપગણ પામ્યા નિર્મળ પદ નિર્વાણ જો;
મહામુનીશ્વર ઇશ્વરપદ પૂરણ વર્યા,
શિવપુર શ્રેણિ આરોહણ સોપાન જો. પ્રીત૦ ૩

ત્રણ ભુવનમાં તારક તુજ સમ કો નહિ,
એમ પ્રકાશે સીમંધર મહારાજ જો;
તારે શરણે આવ્યો હું ઉતાવળે,
તાર તાર ઓ ગિરિવર ! ગરીબ નિવાજ જો. પ્રીત૦ ૪

હું અપરાધી પાપી મિથ્યાડંબરી,
ફોગટ ભૂલ્યો ભવમાં વિણ તું એક જો;
હવે ન મૂકું મોહન મુદ્રા તાહરી,
એ મુજ વંકનાળની ટેક જો. પ્રીત૦ ૫

પલ્લો પકડી બેઠો બાપજી લાંઘવા,
આપ આપ તું ભક્તિ વત્સલ ભગવંત જો;
અંતે પણ દેવું રે પડશે સાહિબા;
શી કરવી હવે ખાલી ખેંચા તણા જો. પ્રીત૦ ૬
મલવિક્ષેપ ને આવરણત્રિક દૂરે કરી,
છેલ છબીલો આવ્યો આપ હજુર જો;

[illegible]
[illegible] ૮

([illegible])

[illegible] રે
[illegible] રે ૧
[illegible] રે
[illegible] રે ૨
[illegible] રે
[illegible] રે ૩
[illegible] રે
[illegible] રે ૪
[illegible] રે
[illegible] રે ૫

(વસન્તતિલકા છંદ)

[illegible]
[illegible]
શ્રી [illegible]
આનંદ

પહેલાં ત્યાંથી પહાડની શિલા પર ભાટી-મવાલી અને ડુ ચાલીની મૂર્તિઓ છે, તેનાં દર્શન કરી, રામપોળમાં પ્રવેશ કર્યો એટલે શત્રુંજયગિરિ ભૂષણ શ્રી આદીશ્વરભગવાનના પવિત્ર છાયામાં આપણે આવીએ છીએ.

નવટુંકના મૂળનાયકનાં નામ

૧ દાદાની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે.

૨ મોતીશા શેઠની ટુંકમાં પણ શ્રી આદીશ્વર ભગવાન છે.

૩ બાલાભાઈ શેઠની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે.

૪ શેઠ પ્રેમચંદ મોદીની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે.

૫ શેઠાણી ઉજમબાઈની ટુંકમાં નંદીશ્વર દ્વીપની રચના છે.

૬ હેમાભાઈ શેઠની ટુંકમાં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાન છે.

૭ શેઠ સાકરચંદ પ્રેમચંદની ટુંકમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

૮ છીપાવસીની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે.

૯ શ્રી ચૌમુખજીની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન ચૌમુખજી છે. શેઠ નરશી કેશવજીની ટુંકમાં મૂળનાયક શ્રી અભિનંદનસ્વામી છે.

ॐ ह्रीं श्री-सिद्धचक्राय नमोनमः ।

શ્રીનવપદજીની ઓળીની વિધિના દિવસોનો કાર્યક્રમ.

આ મહામંગળકારી શ્રી નવપદજીની ઓળીનો પ્રારંભ કરનારે પ્રથમ આસો માસની ઓળીથી શરૂઆત કરવી તિથિની વધઘટ ન હોય તો આસો સુદ ૭ અગર ચૈત્ર સુદ ૭ અને વધઘટ હોય તો, સુદ ૬ અગર સુદ ૮ થી શરૂ કરવી, તે સુદ ૧૫ સુધી નવ આયંબિલ કરવા અને સાડાચાર વર્ષ લાગટ નવ ઓળી અવશ્ય કરવી

નવેય દિવસ કરવાની સામાન્ય આવશ્યક ક્રિયાઓ

૧ એક પ્રહર અથવા ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠી, મંદ સ્વરે ઉપયોગથી રાઇ પ્રતિક્રમણ કરવું
૨ પદના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો
૩ લગભગ સૂર્યોદય વખતે પડિલેહણ કરવું
૪ આઠ પોષ વડે દેવવંદન કરવું
૫ શ્રી સિદ્ધચક્રજીના યંત્રની વાસક્ષેપ વડે પૂજા કરવી
૬ નવ જુદા જુદા દેરાસરે અગર નવ પ્રતિમાજી સન્મુખ નવ ચૈત્યવંદન કરવાં
૭ ગુરુવંદન કરી વ્યાખ્યાનશ્રવણ કરી પચ્ચક્ખાણ કરવું
૮ નાહી; શુદ્ધ થઈ શ્રી જિનેશ્વરની સ્નાત્ર તથા અષ્ટપ્રકારી પૂજા કરવી ×

૯ જે પદના જેટલા ગુણ હોય તેટલા સ્વસ્તિક કરવા અને તેના ઉપર ફળ નૈવેદ્ય યથાશક્તિ ચડાવવાં.

૧૦ બપોરનું આઠ થોયનું દેવવંદન કરવું.

૧૧ દરેક પદના ગુણો હોય તેટલી પ્રદક્ષિણા આપી ખમાસમણાં દેવાં.

૧૨ સ્વસ્થાનકે આવી પચ્ચક્‌ખાણ પારી આયંબિલ કરવું.

૧૩ આયંબિલ કર્યા પછી ત્યાં જ તિવિહારનું પચ્ચક્‌ખાણ કરવું પછી ચૈત્યવંદન કરી પાણી વાપરવું. ઠામચઉવિહારનું પચ્ચક્‌ખાણ કરનારને ચૈત્યવંદન કરવાની જરૂર નથી.

૧૪ સાંજે—સૂર્યાસ્ત પહેલાં પડિલેહણ કરી, આઠ થોઈએ દેવવંદન કરવું.

૧૫ દેરાસરે દર્શન કરી આરતી—મંગળદીવો કરવો.

૧૬ દેવસિક પ્રતિક્રમણ કરવું.

૧૭ જે દિવસે જે પદની આરાધના હોય તેની વીસ નવકારવાળી ગણવી.

૧૮ રાત્રે શ્રી શ્રીપાલ રાજાનો રાસ સાંભળવો.

૧૯ એક પ્રહર રાત્રિ વીત્યા બાદ સંથારાપોરિસી સૂત્રની ગાથાઓ ભણાવી સંથારે સુઈ રહેવું.

૨૦ દરરોજનો વિધિ હંમેશા સૂતા પહેલાં પૂર્ણ કરી દેવો. ઉપર મુજબ નવેય દિવસ ક્રિયા કરવાની છે.

ઓળી કરનાર ભાઇ-બહેનોને આવશ્યક સૂચનાઓ.

૧ આ દિવસોમાં જેમ બને તેમ કષાયનો ત્યાગ કરવો અને વિકથા કરવી નહિ

૨ આ દિવસોમાં આરંભોનો ત્યાગ કરવો અને કરાવવો તથા બની શકે તેટલી 'અ-મારી' પળાવવી

૩ દેવપૂજનનાં કાર્ય સિવાય સચિત્ત પાણીનો ત્યાગ રાખવો

૪ પહેલા અને પાછલા દિવસ સાથે બધા દિવસોમા મન વચન અને કાયાથી નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરવું કુદૃષ્ટિ પણ કરવી નહિ

૫ જતાં-આવતાં ઇર્યાસમિતિનો ખાસ ઉપયોગ રાખવો

૬ કોઇપણ ચીજ લેતા-મૂકતા કટાસણું, સંથારીયું પાથરતાં યતનાપૂર્વક પુંજવા-પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો

૭ થુંક, બળખો, લીંટ જેમ તેમ નાંખવા નહિ પણ રૂમાલ રાખીને તેમા કાઢવા ખાસ ઉપયોગ રાખવો તેથી પણ જીવરક્ષા સારી થઈ શકે છે

૮ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન પ્રભુપૂજન વગેરે ક્રિયા કરતાં, શાસ્ત્ર ભણતાં, આહાર વાપરતાં, માર્ગે જતાં-આવતાં સ્થંડિલ માત્રુ કરવા જતા બોલવું નહિ

૯ આયંબિલ કરતી વખતે આહાર સારો વા ખરાબ હોય તેના ઉપર રાગ-દ્વેષ કરવો નહિ વાપરતાં 'સુર સુર' 'ચબ ચબ' અવાજ નહિ કરવા અને એંઠવાડ પડે નહિ તેવી રીતે ઉપયોગપૂર્વક જમવું

૧૦ ઓઘો નિયમો તંગેશા ખાસ્વા ઉપયોગ રાખવો.

૧૧ પાણી ગાળ્યા પછી સંખારો તુરત મૂકી નાંખવો તેમ નહિ કરવાથી એ પછી ઘણી સંમૂચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે.

૧૨ થાળી વાટકા વગેરે તમામ વાસણો નામ વિનાનાં તથા વસ્ત્રો પોયેલાં વાપરવાં, સાંધેલા-ફાટેલાં ન વાપરવાં.

૧૩ ભાણાં માંડવાના પાટલાઓ ડગતા ન રહે તેનો ખાસ ઉપયોગ રાખવો.

૧૪ નવકારવાળી તથા પુસ્તક વગેરે શુદ્ધ ઉચ્ચ સ્થાનકે મૂકવાનો ઉપયોગ રાખવો. ચરવળે ભરાવી દેવાથી તથા કટાસણા ઉપર જેમ તેમ મૂકી દેવાથી આશાતના થાય છે.

૧૫ દરેક ક્રિયા ઉભાઉભા પ્રમાદ રહિત પણે કરવી.

કાઉસ્સગ્ગ કરવાનો વિધિ. (૧)

ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ (જે દિવસે જે પદ હોય તે પદ) આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં. 'વંદણવત્તિઆએ૦ અન્નત્થ' કહી, (જે દિવસે જેટલા લોગસ્સનો હોય તેટલા લોગસ્સનો) કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને પ્રગટ રીતે લોગસ્સ કહેવો.

પડિલેહણું કરવાનો વિધિ. (૨)

ખમાસમણ દેઈ, ઈરિયાવહિયં પડિક્કમી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરું ? ઈચ્છં. કહી ક્રિયામાં વપરાતા સર્વ ઉપકરણોની પડિલેહણા કરવી. પછી ઇરિયા

वहिय पडिक्कमी काले लेवो काले जोई त्यां ज ऊभा रहीने काले परठववानी इरियावहिय करी पछी 'अणुजाणह जस्सुग्गहो' कही, त्रण वखत 'वोसिरेई' कही, योग्य स्थानके काले परठववो

देववंदन करवानो विधि. (३)

प्रथम-इरियावहिय पडिक्कमी-ऊत्तरीसग नाखी खमासमण देई सकलकुशलवल्लि कही चैत्यवंदन करवुं, पछी जं किंचि नमुत्थुण सुधी कही जयवीयराय० अरधा कहेवा

पछी खमासमण देई, फरी चैत्यवंदननो आदेश मागी, चैत्यवंदन बोलवु पछी जं किंचि-नमुत्थुण कही ऊभा थई 'अरिहंत चेईयाणं० वंदणवत्ति० अन्नत्थ०' कही, एक नवकारनो काउस्सग्ग करवो पारी, 'नमोर्हत्सिद्धा० कही, पहेली थोय कहेवी, पछी लोगस्स० सव्वलोए० वंदण० अन्नत्थ०' कही, एक नवकारनो काउस्सग्ग करी, पारी, बीजी थोय कहेवी ते प्रमाणे पुख्खरवर० अने सिद्धाणं बुद्धाणं० कही अनुक्रमे त्रीजी ने चोथी थोय बोलवी चोथी थोय वखते फरी 'नमोऽर्हत बोलवु अने 'वंदणवत्ति०' ने बदले वेयावच्चगराणं० कहेवु

पछी नमुत्थुण कही प्रथमनी विधि प्रमाणे बीजी वार थोय कही नमुत्थुणं० जावंति चेइआईं० खमा० जावंत साहु० कही स्तवन बोलवु पछी जयवीयराय आखा "आभवमखंडा सुधी कहेवा)

કરે તો અરિહંત ચેઇઆણં વંદણ૦ અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી થોય કહેવી.

નવપદમંડળની રચનાનો વિધિ (૭)

શાલિ (ચોખા) પ્રમુખ પાંચ વર્ણના ધાન્ય એકઠા કરી સિદ્ધચક્રના મંડળની રચના કરવી, અરિહંતાદિક નવેય પદોને વિષે શ્રીફળના ગોળાઓ મૂકવા. બીજોરા, ખારેક, દાડમ, નારંગી, સોપારી ઇત્યાદિક ફળ ગોઠવીને મૂકવા. નવ ગ્રહ અને દશ દિક્પાળની રચના કરવી. મંડળ જેમ બને તેમ સુશોભિત થાય તેવી રીતે સોના-રૂપાના વરખથી તથા ધ્વજાઓ વગેરેથી શણગારી આકર્ષક બનાવવું. રચનાની વિશેષ ગોઠવણ તેના જાણકાર પાસેથી શીખી લેવી.

પારણાના દિવસનો વિધિ

પારણાને દિવસે ઓછામાં ઓછું બેઆસણાદિ પચ્ચક્ખાણ કરવું. હંમેશ મુજબ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, વાસક્ષેપપૂજા, ગુરુવંદન ઇત્યાદિક કરી નાહી, શુદ્ધ થઈ, સ્નાત્ર તથા સત્તરભેદી પૂજા ભણાવવી. તે દિવસે કાઉસ્સગ્ગ, સ્વસ્તિક, પ્રદક્ષિણા નવ નવ કરવા તથા ખમાસમણાં નવ નવ દેવાં. ૐ હ્રીં શ્રી વિમલેશ્વરચક્રેશ્વરીપૂજિતાય શ્રી સિદ્ધચક્રાય નમઃ એ પદની વીસ નવકારવાળી ગણવી.

(જો પૂજ્ય ગુરુ મહારાજનો જોગ ન હોય તો નીચે આપેલ ...૧૭૧ પોતે જે પચ્ચક્ખાણ કર્યું હોય તે પચ્ચક્ખાણ પોતાની મેળે લેવું જોઈએ.)

સંથારા પોરિસી સૂત્ર (૮)

નિસીહિ નિસીહિ નિસીહિ, નમો ખમાસમણાણં ગોયમાઈણં મહામુણીણં

અણુજાણહ જિટ્ઠિજ્જા ! અણુજાણહ પરમગુરુ ! ગુરુગુણરયણેહિં મંડિયસરીરા ! બહુપડિપુન્ના પોરિસી રાઇંય સંથારએ ઠામિ ૧

અણુજાણહ સંથારં, બાહુવહાણેણં વામપાસેણં;
કુક્કુડિપાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિં ૨
સંકોઇઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ કાયપડિલેહા
દવ્વાઈઉવઓગં ઊસાસનિરુંભણાલોએ ૩
જઈ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઈ રયણીએ;
આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં ૪
ચત્તારિ મંગલં–અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં;
સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં ૫

ચત્તારિ લોગુત્તમા–અરિહંતા લોગુત્તમા સિદ્ધા લોગુત્તમા
સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો ૬

ચત્તારિ સરણં પવજ્જામિ–અરિહંતે સરણં પવજ્જામિ
સિદ્ધે સરણં પવજ્જામિ સા. સાહૂ સરણં પવજ્જામિ
કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ ૭

પાણાઇવાયમલિઅં, ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં,
કોહં માણં માયં, લોહં પિજ્જં તહા

કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઇઅરઇસમાઉત્તં;
પરપરિવાયં માયામોસં મિચ્છત્તસલ્લં ચ. ૯

વોસિરિસુ ઇમાઇં, મુક્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઇં;
દુગ્ગઇનિબંધણાઇં, અટ્ઠારસ પાવઠાણાઇં. ૧૦

‘એગોહં નત્થિ મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઇ;
એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઇ.’ ૧૧

‘એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા. ૧૨

સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા;
તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો;
જિણપણ્ણત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિઅં. ૧૪

(૧૪ મી ગાથા ત્રણ વખત કહેવી, પછી સાત નવકાર ગણી
પછીની ત્રણ ગાથા બોલવી.)

ખમિઅ ખમાવિઅ મઇ ખમિઅ, સવ્વહ જીવનિકાય;
સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઇર ન ભાવ. ૧૫

સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત;
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝવિ તેહ ખમંત. ૧૬

જં જં મણેણ બદ્ધં, જં જં વાયાઇ ભાસિયં પાવં;
જં જં કાએણ કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ. ૧૭

૭ દુન્દુભિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૮ છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૯ જ્ઞાનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૦ પૂજાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૧ વચનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૨ અપાયાપગમાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ

શ્રી અરિહંતપદનું ચૈત્યવંદન.*

જય જય શ્રી અરિહંતભાનુ, ભવિ કમલ વિકાશી;
લોકાલોક અરૂપી રૂપી, સમસ્ત વસ્તુ પ્રકાશી. ૧
સમુદ્દઘાત શુભ કેવલે, ક્ષય કૃત મલ રાશિ;
શુક્લ ચમર શુચિ પાદસે, ભયો વર અવિનાશી. ૨
અંતરંગ રિપુગણ હણીએ, હુએ અપ્પા અરિહંત;
તસુ પદ પંકજમેં રહી, હીર ધરમ નિત સંત. ૩

શ્રી અરિહંત પરમાત્માનું સ્તવન.

શ્રી અરિહંત ભગવંત પરમાતમા, દેવનો દેવ ગુણ રયણ ખાણી; સાત શુદ્ધિ કરી મલિનતા પરિહરી, પૂજીએ ભવિજના પ્રેમ આણી. શ્રી૦ ૧, અરતિ રતિ મોહ નિદ્રા ને હાંસી ભય, રાગ નહીં દ્વેષ નહીં જાસ અંગે; કામ મિથ્યાત્વ અજ્ઞાન જસ ખય ગયાં, ધ્યાઈએ તે પ્રભુ અધિક રંગે.

---

* આ પુસ્તકમાં બીજાં પણ ચૈત્યવંદનો આપવામાં આવ્યા છે તેથી પણ બોલી શકાય.

ત્રીજે દિવસ

પદ-શ્રી આચાર્ય	વર્ણ-પી[illegible] ધાન્ય તે
નવકારવાળી-વીસ	[illegible]
કાઉસ્સગ્ગ-૩૬	જાપ-ૐ [illegible] ન[illegible] આયરિયાણં
પ્રદક્ષિણા-૩૬	લોગસ્સ-અને સ્વસ્તિક-
ખમાસમણા-૩૬ છત્રીશ	[illegible]

ખમાસમણનો દુહો—

...ાના આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;
...ચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે
...ર જિનેશ્વર ઉપદિશે તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
...આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦ ૧

શ્રી આચાર્યપદના ૩૬ ગુણ

૧૦ શીલગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૧ અવિચલગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૨ અવિકત્થકગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૪ અચાપલગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૪ પ્રસન્નવદનસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૫ ક્ષમાગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૬ ઋજુગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૭ મૃદુગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૧૮ સર્વાંગમુક્તિગુણસંયુતાય શ્રી આચાર્યાય નમ.

૧૯ દ્વાદશવિધતપોગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૨૦ સપ્તદશવિધસંયમગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ

૨૧ સત્યવ્રતગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૨૨ શૌચગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૨૩ અકિંચનગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૨૪ બ્રહ્મચર્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૨૫ અનિત્યભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૨૬ અશરણભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૨૭ સંસારસ્વરૂપભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

એકત્વભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

અન્યત્વભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૦ અશુચિભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમ

૩૧ આશ્રવભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમ

૩૨ સંવરભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમ

૩૩ નિર્જરાભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમ

૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમ

૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમ

૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમ

શ્રી આચાર્યપદનું ચૈત્યવંદન

જિનપદ દુગ સુખરસ અનિલ, મનરસ ગુણ ધારી;
પ્રબલ સબલ ઘન મોહકી, જિણતે ચમૂ હારી ૧

જગવાદિક જિનરાજ ગીત, નયતત્ત્વ વિસ્તારી;
ભવકૂપે પાપે પતંત, જગજન નિસ્તારી ૨

પંચાચારી જીવડે, આચારજ પદ સાર;
તીજુ વરે હીરધર્મ, અષ્ટોત્તરો વાર ૩

શ્રી નવપદજીનું સ્તવન

અહો ભવિ પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો
અહો૦

જે સિદ્ધચક્રને આરાધે, તેહનો જશ જગમાંહિ વાધે અહો૦ ૧

પહેલે પદે રે અરિહંત બીજે સિદ્ધ બહુ ધ્યાન મહંત
ત્રીજે પદે રે સૂરીશ, ચોથે ઉવજ્ઝાય ને પાંચમે મુનીશ અહો૦ ૨

[illegible] સાહેબ ૩
[illegible] સાહેબ ૩
આયંબિલ [illegible]
[illegible] સાહેબ ૪
ગુરુમુખ ક્રિયા જે કરે, દેવગુરુભક્તિ ચિત્તમાં ધરીને,
એમ કહે રામનો શિષ્યો, મોતી ઉજમણે જગીશો. સાહેબ ૫

શ્રી આચાર્યપદ—સ્તુતિ.

પંચાચાર પાલે ઉજવાલે, દોષ રહિત ગુણધારીજી,
ગુણ છત્તીસે આગમધારી, દ્વાદશ અંગ વિચારીજી,
પ્રબલ સબલ ઘન મોહ હરણકું, અનિલ સમો ગુણ વાણીજી,
ક્ષમા સહિત જે સંયમ પાલે, આચારજ ગુણધ્યાનીજી. ૧

ચોથા દિવસ

પદ—શ્રી ઉપાધ્યાય.	વર્ણ—લીલો, એક ધાન્યનું તે
નવકારવાલી—વીસ.	મગનું આયંબિલ.
લોગસ્સ, સ્વસ્તિક—૨૫.	જાપ—ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં
કાઉસ્સગ્ગ } ૨૫ પ્રદક્ષિણા }	ખમાસમણાં—૨૫

ખમાસમણનો દુહો—

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે,
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્તલાઇ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે. વી

શ્રી ઉપાધ્યાયપદના ૨૫ ગુણ

૧ શ્રી આચારાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૨ શ્રી સૂત્રકૃતાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૩ શ્રી સ્થાનાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૪ શ્રી સમવાયાંગસૂત્રપઠનગુણયુક્તાયશ્રી ઉપાધ્યાયાય નમ

૫ શ્રી ભગવતીસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

૬ શ્રી જ્ઞાતાસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૭ શ્રી ઉપાસકદશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૮ શ્રી અન્તકૃદ્દશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૯ શ્રીઅનુત્તરોપપાતિકસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાયનમ

૧૦ શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૧ શ્રી વિપાકસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૨ શ્રી ઉત્પાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૩ શ્રી અગ્રાયણીયપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૪ શ્રી વીર્ય પ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૫ શ્રી અસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૬ શ્રી જ્ઞાનપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૭ સત્યપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૮ આત્મપ્રવાદપૂર્વ પઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૧૯ કર્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમ

૨૦ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૧ વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૨ કલ્યાણપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૩ પ્રાણાવાયપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૪ ક્રિયાવિશાલપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૫ લોકબિન્દુસારપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

શ્રી ઉપાધ્યાયપદનું ચૈત્યવંદન.

ધન ધન શ્રી ઉવજ્ઝાય રાય, શાકના દાન વાંજન;
જિનવર દેશિત દુવાલસંગ, કર ફૂત જનરંજન. ૧
ગુણવન ભંજન મય ગયંદ, સુય શાખિ કિય ગંજણ;
દુલાસંધ લોય લોયણો, જત્થ ય સુખ મંજણ. ૨
મહાપ્રાણ મેં જિન લહ્યો એ, આગમસે પદ તુર્ય;
તીન પે અહનિશ હીરધર્મ, વંદે પાઠકવર્ય. ૩

શ્રી નવપદજીનું સ્તવન.

સિદ્ધચક્રને ભજીએ રે, કે ભવિયણ ભાવ ધરી,
મદ માનને તજીઓ રે, કે કુમતિ દૂર કરી,
પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેત તનુ,
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું. સિદ્ધ૦ ૧
ત્રીજે પદે પીળા રે, કે આચારજ કહીએ;
ચોથે પદે પાઠક રે, નીલ વર્ણ લહીએ. સિદ્ધ૦ ૨
મે પદે સાધુ રે, કે તપ સંયમ શુરા;
મ વર્ણે સોહે રે, કે દર્શન ગુણ પૂરા. સિદ્ધ૦ ૩

ધ્યાન ધ્યાન, ચલિત રે, કે જ્ઞ સમ શુદ્ધ થઈ
અરિહંત જિન આણી રે, હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધ૦ ૪
સિદ્ધચક્રને ધ્યાને રે, કે સઘળ અઘ ન આવે
કહે સૌભાગ્ય વાણી રે, કે અક્ષય પદ પાવે. સિદ્ધ૦ ૫

શ્રી ઉપાધ્યાયપદ-સ્તુતિ

અંગ ઈગ્યારે ચઉદે પૂર્વ ગુણ પચવીશના ધારીજી
સૂત્ર અરથધર પાઠક કહીએ, યોગ સમાધિ વિચારીજી,
તપ ગુણ શૂરા આગમ પૂરા, નય નિક્ષેપે તારીજી,
મુનિ ગુણધારી બુધ વિસ્તારી, પાઠક પૂજો અવિકારીજી

પાંચમો દિવસ

પાંચમો પદ	કાઉસ્સગ્ગ, લોગસ્સ ૨૫
ઉપાધ્યાય–વર્ણ નીલો	સાથિયા–૨૫
ધાન્ય તે મગ	ખમાસમણા તથા
નવકારવાળી વીસ ૐ હ્રીં	પ્રદક્ષિણા–૨૫
નમો ઉવજ્ઝાયાણં.	

ખમાસમણનો દુહો–

અધ્યયન જે નિત કરે નવિ હરખે નવિ રે
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે
શ્રી જિનેશ્વર ઉવદિઠ્ઠ તપ સાધકને સિ
આ સ્વી

શ્રી સાધુજીના ૨૭ ગુણ

૧ પ્રાણાતિપાતવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ

૨ મૃષાવાદવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ

૩ અદત્તાદાનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ

૪ મૈથુનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ

૫ પરિગ્રહવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ

૬ રાત્રિભોજનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ

૭ પૃથ્વીકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ

૮ અપ્કાયરક્ષકાય શ્રીસાધવે નમઃ

૯ તેઉકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૦ વાયુકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૧ વનસ્પતિકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૨ ત્રસકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૩ એકેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૪ દ્વીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૫ ત્રીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૬ ચતુરિન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૭ પંચેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ

૧૮ લોભનિગ્રહકારકાય શ્રીસાધવે નમઃ

માગુણયુક્તાય શ્રીસાધવે નમઃ

૨૦ શુભભાવનાભાવકાય શ્રીસાધવે નમ
૨૧ પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધકારકાય શ્રીસાધવે નમ
૨૨ સંયમયોગયુક્તાય શ્રીસાધવે નમ
૨૩ મનોગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમ
૨૪ વચનગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમ
૨૫ કાયગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમ
૨૬ શીતાદિદ્વાવિંશતિપરિસહસહનતત્પરાય શ્રીસાધવે નમ
૨૭ મરણાંતઉપસર્ગસહનતત્પરાય શ્રીસાધવે નમ

શ્રી સાધુપદનું ચૈત્યવંદન

દંસણ નાણ ચરિત્ત કરી, વર શિવપદગામી;
ધર્મ શુક્લ શુચિ ચાહતો, આદિમ ખય કામી ૧
ગુણ પ્રમત્ત અપ્રમત્ત તે, ભજે અંતરજામી,
પાંચ ઇંદ્રિય દમન ગુણ, શમ દમ અભિરામી ૨
સાધુ નિપુણ ગુણ રોપીએ, પંચમ પદ મુનિરાજ;
તસપદ પંકજ નમત જ, વીર ધર્મ કે કાજ ૩

શ્રી નવપદજીનું સ્તવન.

નવપદનો મહિમા સાંભળજો સહુને રામ, ટાળે જી
નવપદધ્યાન કરતા પ્રાણી ભવભવના દુઃખ વારે જી નવ૦ ૧
નવપદના મહિમાથી ત્યારે કુષ્ઠ અઢારે ઓપજી
શ્રીપાળ ને રાજની પીડા, દૂર થઈ ગઈ આપજી નવ૦ ૨

અરિ-કરિ સાગર અગ્નિ જલોદર, બંધનના ભય જાવેજી;
ચોર ચરડ ને શાકણ ડાકણ, રોગ નાસે દૂર થાશેજી. નવ૦ ૩

અપુત્રીયાને પુત્રો હોવે, નિર્ધનીયા ધન પાવેજી;
નિરાશંસપણે ધ્યાન ધરે જે, તે નર મુક્તે જાવેજી. નવ૦ ૪

શ્રીમતીને એ મંત્રપ્રભાવે, સર્પ થયો ફુલમાળાજી;
અમરકુમાર નવપદ મહિમાથી, સુખ પામ્યો સુરસાલાજી. નવ૦ ૫

મયણાવયણાએ સેવ્યા નવપદ, શ્રી શ્રીપાલે ઉલ્લાસેજી;
રોગ ગયો ને સંપદા પામ્યો, નવમે ભવે શિવ જાશેજી નવ૦ ૬

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ મહા ગુણવંતાજી;
દર્શન જ્ઞાન ચરણ તપ રૂડાં, એ નવપદ ગુણવંતાજી. નવ૦ ૭

સિદ્ધચક્રનો મહિમા અનંતો, કહેતા પાર ન આવેજી;
દુઃખ હરે ને વંછિત પૂરે, વંદન કરીએ ભાવેજી. નવ૦ ૮

ભાવસાગર કહે શ્રી સિદ્ધચક્રની, જે નર સેવા કરશેજી;
તે આતમ ગુણ અનુભવીને, મંગળમાળા વરશેજી. નવ૦ ૯

શ્રી સાધુપદની સ્તુતિ.

સુમતિ ગુપ્તિ કર સંજલ પાલે, દોષ બયાલીશ ટાળેજી;
ષટ્કાયા ગોકુલ રખવાલે, નવવિધ બ્રહ્મવ્રત પાલેજી;
પંચ મહાવ્રત સુધાં પાલે, ધર્મ શુકલ ઉજવાલેજી
ક્ષપકશ્રેણી કરી કર્મ ખપાવે, દમપદ ગુણ નીપજાવેજી

૧૧ શ્રુતવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૧૨ ધર્મવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૧૩ સાધુવર્ગવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૧૪ આચાર્યવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૧૫ ઉપાધ્યાયવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૧૬ પ્રવચનવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૧૭ દર્શનવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૧૮ 'સંસારે શ્રીજિનઃ સારઃ' ઇતિચિન્તનરૂપશ્રીસદ્દર્શનાય ન

૧૯ "સંસારે શ્રીજિનમતં સારમ્" ઇતિચિન્તનરૂપશ્રીસદ્દ
નાય નમઃ

૨૦ 'સંસારે જિનમતસ્થિતશ્રીસાધ્વાદિસારમ્' ઇતિચિન્ત
શ્રીસદ્દર્શનાય નમઃ

૨૧ શંકાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ

૨૨ કાંક્ષાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ

૨૩ વિચિકિત્સાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ

૨૪ કુદૃષ્ટિપ્રશંસાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ

૨૫ તત્પરિચયદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ

૨૬ પ્રવચનપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૨૬ ધર્મકથાપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

વાદિપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૨૯ નૈમિત્તિકપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૦ તપસ્વિપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૧ પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃતપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૨ ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૩ કવિપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૪ જિનશાસને કૌશલ્યભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૫ પ્રભાવનાભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૬ તીર્થસેવાભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૭ ધૈર્યભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૩૮ જિનશાસને ભક્તિભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૩૯ ઉપશમગુણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૦ સંવેગગુણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૧ નિર્વેદગુણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૨ અનુકંપાગુણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૩ આસ્તિક્યગુણરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૪ પરતીર્થિકાદિવંદનવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૫ પરતીર્થિકાદિનમસ્કારવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૬ પરતીર્થિકાદિઆલાપવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૭ પરતીર્થિકાદિસંલાપવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમ

૪૮ પરતીર્થિકાદિઅશનાદિદાનવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમ

અવસર૦ ૩. દેહરે જઈને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે; [illegible] પ્રભુ. ગાઈશું અરિહંત. અવસર૦ ૪. હે રૂડે પડિકમણું [illegible], દેવવંદન ત્રણ કાલે રે; શ્રી શ્રીપાલ તણી પરે સમજી, [illegible] ગાત. અવસર૦ ૫. સમ કિત પામી અંતરગતમી, આરાધો એકાંતરે; સ્યાદ્વાદ પં સંચરતા, આવે ભવનો અંત. અવસર૦ ૬. સત્તર ગોરાણ શુદિ ચૈત્રીએ, બારશે બનાવી રે, સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ ચાલીને ઘેર આવી. અવસર૦ ૭. ઉદયરત્ન વાચક ઉપદેશે જે નર નારી ચાલે રે; ભવની ભાંગઠ તે ભાંજીને, મુક્તિ પુરીમાં મહાલે. અવસર૦ ૮.

શ્રી દર્શનપદ—સ્તુતિ.

૧૭

જિનપન્નત્ત તત્ત સુધા સરધે, સમકિત ગુણ ઉજવાલેજી,
ભેદ છેદ કરી આતમ નિરખી, પશુ ટાલી સુર પાવેજી;
પ્રત્યાખ્યાને સમ તુલ્ય ભાખ્યો, ગણધર અરિહંત શૂરાજી,
એ દર્શનપદ નિત નિત વંદો, ભવસાગરકો તીરાજી.

સાતમો દિવસ

પદ– શ્રી જ્ઞાન.	કાઉસ્સગ્ગ–૫૧
વર્ણ–સફેદ, આયંબિલ એક ધાન્યનું તે ખાનું	લોગસ્સ, સ્વસ્તિક–૫૧
નવકારવાલી–વીસ. ૐ હ્રી નમો નાણસ્સ	પ્રદક્ષિણા તથા ખમાસમણાં–૫૧

ખમાસમણનો દુહો—

ાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
ગુણે એહીજ આતમા, જ્ઞાને અબોધતા જાય રે ૧
ર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
ાતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦ ૨

જ્ઞાનપદના ૫૧ ગુણ

૧ સ્પર્શનેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમ
૨ રસનેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમ
૩ ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમ
૪ શ્રોત્રેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમ
૫ સ્પર્શનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમ
૬ રસનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમ
૭ ઘ્રાણેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૮ ચક્ષુરિન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમ
૯ શ્રોત્રેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમ
૧૦ માનસાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમ
૧૧ સ્પર્શનેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમ
૧૨ રસનેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમ
૧૩ ઘ્રાણેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમ
૧૪ ચક્ષુરિન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમ

૧૫ શ્રોત્રેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ

૧૬ મન ઈહામતિજ્ઞાનાય નમઃ

૧૭ સ્પર્શનેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ

૧૮ રસનેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ

૧૯ ઘ્રાણેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ

૨૦ ચક્ષુરિન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ

૨૧ શ્રોત્રેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ

૨૨ મન અપાયમતિજ્ઞાનાય નમઃ

૨૩ સ્પર્શનેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ

૨૪ રસનેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ

૨૫ ઘ્રાણેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય મનઃ

૨૬ ચક્ષુરિન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ

૨૭ શ્રોત્રેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ

૨૮ મનોધારણામતિજ્ઞાનાય નમઃ

૨૯ અક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ

૩૦ અનક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ

૩૧ સંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ

૩૨ અસંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ

૩૩ સમ્યક્‌શ્રુતજ્ઞાનાય નમઃ

૩૪ મિથ્યાશ્રુતજ્ઞાનાય નમઃ

૩૫ સાદિશ્રુતજ્ઞાનાય નમ

૩૬ અનાદિશ્રુતજ્ઞાનાય નમ

૩૭ સપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમ

૩૮ અપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમ

૩૯ ગમિકશ્રુતજ્ઞાનાય નમ

૪૦ અગમિકશ્રુતજ્ઞાનાય નમઃ

૪૧ અંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ

૪૨ અનંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ

૪૩ અનુગામિ–અવધિજ્ઞાનાય નમઃ

૪૪ અનનુગામિ–અવધિજ્ઞાનાય નમ

૪૫ વર્ધમાન–અવધિજ્ઞાનાય નમ

૪૬ હીયમાન–અવધિજ્ઞાનાય નમ

૪૭ પ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમ

૪૮ અપ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમ

૪૯ ઋજુમતિમન પર્યવજ્ઞાનાય નમ

૫૦ વિપુલમતિમન પર્યવજ્ઞાનાય નમ

૫૧ લોકાલોકપ્રકાશકકેવલજ્ઞાનાય નમઃ

શ્રી જ્ઞાનપદનું ચૈત્યવંદન

ક્રિયાદિક સમ ધામ વદિ, જિન આદિમનાથ
આપ શ્રીમુખસે જિનજનિત, રૂપ વીર પ્રમાણ

[illegible] આદિ દોષ, [illegible] નાશ; ૨
લોકાલોક [illegible] નાશ, [illegible] કેવલ [illegible].

[illegible] નાશ પ્રકાશ; ૩
[illegible], નિત શાશ્વત અવકાશ.

શ્રી જ્ઞાનપદનું સ્તવન.

જ્ઞાનપદ ભજિયે રે જગત સુહંકરૂ, પાંચ એકાવન ભેદે રે;
સમ્યગ્જ્ઞાન જે જિનવર ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે. ૧
જ્ઞાન૦ એ આંકણી.

ભક્ષાભક્ષ વિવેચન પરગટો, ખીર નીર જિમ હંસો રે;
ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે. જ્ઞા૦૨

મનથી ન જાણે રે કુંભકરણવિધિ, તેહથી કુંભ કેમ થાશે રે?
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ વિકાશે રે. જ્ઞા૦૩

કંચનનાણું રે લોચનવંત લહે, અંધોઅંધ પુલાય રે;
એકાંતવાદી રે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞા૦૪

જ્ઞાનભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળ રે;
જ્ઞાની જ્ઞાનતણી પરિણતિથકી, પામે ભવજળ કૂળ રે. જ્ઞા૦૫

અલ્પાગમ જઈ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે;
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાયકલેશ તસ હુંત રે. જ્ઞા૦૬

જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકર પદ પામે રે;
બે શશિ મેરૂ પરે જ્ઞાન અનંતગુણી, સૌભાગ્યલક્ષ્મી
હિતકામે રે. જ્ઞા૦૭

શ્રી જ્ઞાનપદ સ્તુતિ

મતિ શ્રુત ઇંદ્રિય જનિત કહીએ, લહીએ ગુણ ગંભીરોજી,
આતમધારી ગણધર વિચારી, દ્વાદશ અંગ વિસ્તારોજી,
અવધિ મન પર્યવ કેવલ વલી, પ્રત્યક્ષ રૂપ અવધારોજી,
એ પંચ જ્ઞાનકું વંદો પૂજો, ભવિજનને સુખકારોજી ૧

આઠમા દિવસ

પદ શ્રી ચારિત્ર	કાઉસ્સગ્ગ ૭૦ લોગસ્સ,
વર્ણ-શ્વેત આયંબિલ એક ધાન્ય ચોખાનું	સ્વસ્તિક ૭૦
નવકારવાલી-ૐ હ્રીં નમો ચારિત્તસ્સ	પ્રદક્ષિણા ૭૦
	ખમાસમણા ૭૦

ખમાસમણનો દુહો—

જાણ ચારિત્ર તે આતમા, નિજસ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે ૧
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦ ૨

ચારિત્રપદના ૭૦ ગુણ

૧ પ્રાણાતિપાતવિરમણરૂપચારિત્રાય નમઃ
૨ મૃષાવાદવિરમણરૂપચારિત્રાય નમઃ
૩ અદત્તાદાનવિરમણરૂપચારિત્રાય નમઃ
૪ મૈથુનવિરમણરૂપચારિત્રાય નમઃ
૫ પરિગ્રહવિરમણરૂપચારિત્રાય નમઃ

૬ ક્ષમાધર્મરૂપચારિત્રાય નમઃ

૭ આર્જવધર્મરૂપચારિત્રાય નમઃ

૮ મૃદુતાધર્મરૂપચારિત્રાય નમઃ

૯ મુક્તિધર્મરૂપચારિત્રાય નમઃ

૧૦ તપોધર્મરૂપચારિત્રાય નમઃ

૧૧ સંયમધર્મરૂપચારિત્રાય નમઃ

૧૨ સત્યધર્મરૂપચારિત્રાય નમઃ

૧૩ શૌચધર્મરૂપચારિત્રાય નમઃ

૧૪ અકિંચનધર્મરૂપચારિત્રાય નમઃ

૧૫ બ્રહ્મચર્યધર્મરૂપચારિત્રાય નમઃ

૧૬ પૃથ્વીરક્ષાસંયમચારિત્રાય નમઃ

૧૭ ઉદકરક્ષાસંયમચારિત્રાય નમઃ

૧૮ તેજોરક્ષાસંયમચારિત્રાય નમઃ

૧૯ વાયુરક્ષાસંયમચારિત્રાય નમઃ

૨૦ વનસ્પતિરક્ષાસંયમચારિત્રાય નમઃ

૨૧ દ્વીન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ

૨૨ ત્રીન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ

૨૩ ચતુરિન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ

૨૪ પંચેન્દ્રિરક્ષાસંયમચારિત્રાય નમઃ

૫ અજીવરક્ષાસંયમચારિત્રાય નમઃ

વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, રિદ્ધિ મળે સવિ આઈ રે વીર

તપપદના ૫૦ ગુણ

૧ યાવત્કથિકતપસે નમઃ
૨ ઇત્વરકથિકતપસે નમઃ
૩ બાહ્ય-ઔનોદર્યતપસે નમઃ
૪ અભ્યન્તર-ઔનોદર્યતપસે નમઃ
૫ દ્રવ્યતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૬ ક્ષેત્રતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૭ કાલતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૮ ભાવતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૯ ...ત્યાગતપસે નમઃ
...નતપસે નમઃ
-કષાય યોગવિષયસંલીનતાતપસે નમઃ
...-પરદારાદિવર્જિતસ્થાનાવસ્થિતતપસે નમઃ
...નાપ્રાયશ્ચિત્તતપસે નમઃ
...પ્રાયશ્ચિત્તતપસે નમઃ
...પ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૧ વિવેકપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૭ કાયોત્સર્ગપ્રાયશ્ચિત્તતપસે નમઃ

[illegible] આ છે લાલ! [illegible]
તેહને [illegible] કેવલી [illegible]
આ છે લાલ! [illegible] મહિમા [illegible]. ૩. [illegible]
[illegible] આ છે લાલ! [illegible]
[illegible]; [illegible] નવપદશું નેહ,
આ છે લાલ [illegible] ગયુંજી...૪. એણી પરે
ગૌતમસ્વામ, નવનિધિ જેહને નામ, આ છે લાલ! નવપદ
મહિમા વખાણીએજી; ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશ
દિન, આ છે લાલ! નવપદ મહિમા જાણીએજી...૫.

શ્રી ચારિત્રપદ સ્તુતિ.

કર્મ અપચય દૂર ખપાવે, આતમધ્યાન લગાવેજી,
માન ન આણ; ગજ બિના ગર્જ [illegible]. [illegible] આડંમાંય.
ભૂલ્યો૦ ૬. ભવસાગર દુઃખ ન કે જાયો, ગરજો છે રે તેહ,
[illegible]માં [illegible] [illegible] [illegible], [illegible] રાવરા ને ગેહ. ભૂલ્યો૦ ૭
ઉમાપતિ છત્રપતિ ચલિ ગયા, ગયા [illegible] જે [illegible]; ગર્વ
ફરી ગાયો એનતા, સર્વ ગયા બાળી રાખ. ભૂલ્યો૦ ૮.
ઘમણ ધમંતી રે રહી ગઈ, બુઝ ગઈ લાલ અંગાર; એર
ઘુકો ડબકો મિટ્યો, ઉઠ ચાલ્યો રે લુહાર. ભૂલ્યો૦ ૯ કેવટ મારગ
ચાલતાં, જાવું પેલે રે પાર; આગળ હાટ ન વાણીયો,
સંબળ લેજો રે સાર. ભૂલ્યો૦ ૧૦. પરદેશી પરદેશમેં, કુણશું
કરો રે સનેહ; આયા કાગળ ઉઠ ચલ્યાં, ન ગણે આંધી ને
મેહ. ભૂલ્યો૦ ૧૧. કેઈ ચાલ્યા કેઇ ચાલશે, કેઇ ચાલણહાર
કેઇ બેઠા રે બૂઢા બાપડા, જાએ નરક મોઝાર. ભૂલ્યો૦ ૧૨.
જે ઘેર નોબત વાગતી, થાતાં છત્રીસે રાગ; ખંડેર થઇ
ખાલી પડયાં, બેસણ લાગ્યા છે કાગ ભૂલ્યો૦ ૧૩. ભમરો
આવ્યો રે કમળમાં, લેવા પરિમલ પૂર; કમળની વાંછાએ
માંહિ રહ્યો, જિમ આથમતે સૂર. ભૂલ્યો૦ ૧૪. રાતનો
ભૂલ્યો રે માનવી, દિવસે મારગ આય; દિવસ ભૂલ્યો રે
[illegible], ફિરફિર ગોથાં ખાય. ભૂલ્યો૦ ૧૫. સદ્‌ગુરુ કહે
વહોરિયે, જે કાંઇ આવે રે સાથ; આપણો લાભ
[illegible]ન, લેખું સાહિબ હાથ. ભુલ્યો૦ ૬.

[illegible] (૬)

[illegible]

[illegible]

[illegible]

જીરે, શકુનિ આવ્યો કામ રે. જીવડા સો૦ ૩ મયૂર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર; મરણ તણાગમ, એમ છે જીરે, નિશંક નહિ કોઈ ઠોર રે. જીવડા સો૦ ૪ કર્મે નાટક માંડીયો જીરે, જીવડો નાચણહાર, નવા નવા વેશ રંગમાં જીરે, પેટે વિવિધ પ્રકાર રે. જીવડા સો૦ ૫ નાગરી સોગાનમાં જીરે, રૂપ-રંગના ઠાઠ; તમાસા તજ ઝોકમાં જીરે, બાજીગરના પાઠ રે. જીવડા સો૦ ૬ અમોલ ગઈ થોડી રહી જીરે, પરમાત આનું રે બાંધ; સમતા સુખની વેડી જીરે, ધર્મરત્ન પદ સાધ રે. જીવડા સો૦ ૭.

વૈરાગ્ય વિષયક (૮)

તન મન જોબન કારમુંજી રે, કોના માત ને તાત; કોના મંદિર માળીયાંજી રે; જેહવી સ્વપ્નની વાત; સૌભાગી શ્રાવક! સાંભળો ધર્મ સજ્ઝાય. ૧ ફોગટ ફાંફાં મારવાજી, અંતે સર્યું નહિં કાંઈ, ઘેબર જમાઇ ખાઈ ગયોજી, કુટાઇ ગયો કંદોઈ. સૌ૦ ૨ પાપ અઢારને સેવીનેજી, લાવે પૈસો એક; પાપના ભાગી કો નહિજી, ખાવાવાળા છે અનેક. સૌ૦ ૩ જીવતાં જસ લીધો નહિજી, મૂવા પછી શી વાત; ચાર ઘડીનું ચાંદરડુંજી, પછી અંધારી રાત. સૌ૦ ૪ ધન્ય તે મોટા શ્રાવકોજી, આણંદ ને કામદેવ; ઘરનો બોજો છોડીનેજી, વીર પ્રભુની કરે સેવ. સૌ૦ ૫ બાપ દાદા ચાલ્યા ગયાજી રે, નહિં કામ; કરવી દેવની વેઠડીજી, શેખચલ્લીના સૌ૦ ૬ જો સમજો તો સાનમાંજી, સદ્ગુરુ આપે ચાહો સુખ મોક્ષનાંજી, 'ધર્મરત્ન' કરો ધ્યાન. સૌ૦૭

[illegible] વિષયક (૬)

[illegible]

[illegible] વિષયક ([illegible]

[illegible]

પરિ[illegible] રે. મરણ૦ ૪. ક્યાં [illegible] ઉતારશો, [illegible] માન રે, [illegible] આગળે, રોતા રોતા [illegible] મરણ૦ ૫. [illegible] સહુ [illegible] વહુ [illegible] રે; [illegible] સંસાર રે. મરણ૦ ૬. [illegible] આવશો, મરતા ખાલી છે હાથ રે, જીવડા [illegible] તું જગતમાં, કોઇ ન આવે છે સાથ રે. મરણ૦ ૭. નાના મોટા સહુ સંચર્યા, કોઇ નહિ સ્થિર વાસ રે; નામ-રૂપ સહુ નહિ ઠરે, 'ધર્મરત્ન' અવિનાશ રે. મરણ૦ ૮.

ઉપદેશક સજ્ઝાય. (૧૧)

તને સંસાર સુખ કેમ સાંભરે રે લોલ, દુઃખ વિસરે શું ગર્ભાવાસના જો; નવ માસ રહ્યો તું માને ઉદરે રે લોલ મળ મૂત્ર અશુચિ વિશરામ જો. તને૦ ૧. તિહાં હવા પવન નહિ સંચરે રે લોલ, નહિ સેજ તલાઈ પલંગ જો; તિહ લટકી રહ્યો ઉંધે શિરે રે લોલ, દુઃખ સહતો અપાર અનં જો. તને૦ ૨. ઉઠ કોડી સૂઇ તાતી કરી રે લોલ, સમકાળે ચાંપે કોઇ રાય જો; તેથી અનંતગણું તિહાં કને રે લોલ દુઃખ સહેતાં વિચાર તે થાય જો. તને૦ ૩. હવે પ્રસવે મુજને માવડી રે લોલ, તો કરું તપજપ ધ્યાન જો હવે સેવું સદા જિનધર્મને રે લોલ, મૂકું કુગુરુને સંગ અજ્ઞાન જો તને૦ ૪. જ્યારે જન્મ્યો ત્યારે ભૂલી ગયે રે લોલ; 'ઉઆં ઉઆં' રહ્યો ઈમ કહેવાય જો; તિહાં લાગ રમવા તણી રે લોલ, આયુ અંજલી જળ સમ જા ૦ ૫. ઈમ બાળક વય રમતે ગઈ રે લોલ, થ

[illegible] મહાત્મા [illegible] [illegible] [illegible] [illegible]
હોય, પુત્ર-પૌત્ર [illegible] [illegible]

[illegible]

રે, જે નર [illegible] [illegible], [illegible] મારે શિર ડાગ રે. મા૦ ૩ કેઈ આવ્યા કેઈ જાશે, કેતા [illegible] રે; મારગ વહે રે [illegible], પણ નહિ [illegible] રે. મા૦ ૪. અંત રે! પ્રભુનો [illegible], ન [illegible] રે; [illegible] ને ભોગવી, શનિ [illegible] વાગી [illegible] રે. મા૦ ૫ જે [illegible] નિજ એક ઘડી, રહેતા નહિ [illegible] રે, તે વિણ જન્મારો વહી ગયો, નહિ શુદ્ધિ સમાચાર રે, મા૦ ૬. જે નર ગાજી ર ઘોડતાં વાપરતા મુખ પાન રે; તે નર અગ્નિમાં પોઢીયા, કાયા કાજલ વાન રે. મા૦ ૭. ચીર પીતાંબર પહેરતાં, કંઠે કનકના હાર રે; તે નર કાઢી માટી થયા, જોજો અથિર સંસાર રે. મા૦ ૮. જે શિર છત્ર ઢળાવતા, ચડતા હાથીને ખંધ રે; તે નર અંતે રે લઇ ગયા, દેઇ દોરડાના બંધ રે. મા૦ ૯. કોડી મણની શિલા કર ગ્રહી, ગિરિધર કહાવે નામ રે; તરસે તરફડે નિકમ્યા, નહિં કોઇ પાણી પાનાર રે. મા૦ ૧૦. ચોસઠ સહસ અંતેઉરી, પાયક છન્નુ કરોડ રે; તે નર અંતે રે એકલો, સૂતો ચીવર ઓઢ રે. મા૦ ૧૧. જે જિહાં તે તિહાં રહ્યો, પાપ ને પુણ્ય બે સાથ રે; અહો! એવો સ્વરૂપ દેખીને, પુણ્ય કરો નિજ હાથ રે. મા૦ ૧૨. જે નર હસી હસી બોલતા, કરતા ભોજન સાર રે; તે નર અંતે માટી થયા, ઘડતા પાત્ર કુંભાર રે. મા૦ ૧૩. ચંપાવરણી રે દેહડી, કદલી કોમળ જાંઘ રે; તે નર સૂતા રે કાષ્ટમાં, પડે ધડોધડ રંગ રે. મા૦ ૧૪ દેહ વિડંબણા નર સુણો, ન કરો તરલોભ રે; જરાસંધ સરખા રે રાજવી, અંતે ન રહ્યા રે. મા૦ ૧૫ અથિર સંસાર જાણી કરી, મમતા ન

સિદ્ધની સઝાય (૧૭)

[illegible] નહિ [illegible] નહિ, [illegible] નહિ [illegible] હો. ગૌ૦ શિ૦ ૧૦ [illegible] નહિ, નહિ [illegible] નહિ [illegible] હો૦ ગૌ૦ [illegible] નહિ. નહિ ર. [illegible] ગાર હો૦ ગૌ૦ શિ૦ ૧૧ [illegible] નહિ [illegible] નહિ, નહિ કઠોર નહિ [illegible] હો, ગૌ૦ મુનિએ [illegible] નહિ, નહિ [illegible] વડાઈ [illegible] હો૦. ગૌ૦ શિ૦ ૧૨. [illegible] રહ્યા, આરૂપી જ્યોતિ પ્રકાશ હો; ગૌ૦ [illegible] સુખ સારીયો, સાધુને [illegible] વાસ હો, ગૌ૦ શિ૦ ૧૩ અનંતા સિદ્ધ મુક્તે ગયા, ફેર અનંતા જાય હો૦ ગૌ૦ ઓર જગ્યા રૂંધે નહિ, જ્યોતમેં જ્યોત સમાય હો૦ ગૌ૦ શિ૦ ૧૪. કેવલ જ્ઞાન સહિત છે, કેવળ દરિસણ પાસ હો; ગૌ૦ ક્ષાયક સમકિત દીપતા, કદીય ન હોવે ઉદાસ હો. ગૌ૦ શિ૦ ૧૫ સિદ્ધસ્વરૂપ જે કોઈ ઓળખે, આણી મનવૈરાગ હો; ગૌ૦ શિવરમણી વેગે વરે, નય કહે સુખ અથાગ હો. ગૌ૦ શિવ૦

કર્મ પચ્ચીસી (૧૪)

દેવ દાનવ તીર્થંકર ગણધર, હરિહર નરવર સબળા; કર્મસંયોગે સુખ દુઃખ પામ્યા, સબળ હુઆ મહા નબળા રે પ્રાણી ! કર્મ સમો નહિ કોય, કીધા કર્મ વિણ ભોગવ્યાં છુટ[illegible] બારો ન હોય રે પ્રાણી! કર્મસમો નહિ કોય. ૧. આદીશ્વરને અંતરાય વિડંબ્યો, વર્ષ દિવસ રહ્યા ભુખે; વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કુખે રે પ્રાણી૦ ૨. સાઠ સહસ્ર સુત એક દિન મુઆ, સામંત શૂરા જેસા; સગર હુઓ વિ[illegible] [illegible]ત્રે [illegible]:ખિઓ, કર્મ તણાં ફળ એસા રે. પ્રાણી૦ ૩. બત્રી[illegible]

[illegible] સાતમી [illegible] , [illegible]
[illegible] ૨. પ્રાણી૦
[illegible] ; ૧૬. [illegible] પણ [illegible] , [illegible] કાયો;
[illegible] , તેને પણ કર્મે [illegible] રે.
પ્રાણી૦ ૧૭. [illegible] , મુંજરાયે માંગી ભીખ;
[illegible] કોણિક [illegible] , માની ન કોઈની શીખ રે.
પ્રાણી૦ ૧૮. ગજસુકુમાલના શિર ઉપર સગડી, સાગરદત્ત
બાળ્યું શીશ; મેતારજ વાધરે વીંટાણા, દયા ન આણી રીશ
રે. પ્રાણી૦ ૧૯. પાંચસે સાધુ ઘાણીમાં પીલ્યા, રોષ ન
આણ્યો લગાર; પૂરવ કર્મે ઢંઢણ ઋષિને, ષટ્ માસ ન મળ્યો
આહાર રે. પ્રાણી૦ ૨૦. ચૌદ પૂરવધર કર્મ તણે વશ, પડયા
નિગોદ મઝાર; આર્દ્રકુમાર અને નંદિષેણ, ફરી વાસ્યો ઘર
બાર રે. પ્રાણી૦ ૨૧. કળાવતીના કર છેદાણા, સુભદ્રા પામી
કલંક; મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મ તણા એ વંક
રે. પ્રાણી૦ ૨૨. દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફોડયું કૃષ્ણે ઠામ;
વીરના કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે.
પ્રાણી૦ ૨૩. કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મઝાર;
મેરુશિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગાર રે. પ્રાણી૦ ૨૪.
એવાં કર્મ જીત્યાં નરનારી, પહોંચ્યાં શિવપુર ઠાય; પ્રભાતે
ઉઠી નિત નિત વંદો, ભક્તિએ તેહનાં પાય રે. પ્રાણી૦ ૨૫.
એમ અનેક નર ખંડ્યા કર્મે, ભલભલેરા જે સાજ, ઋષિ
હરખ કર જોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે. પ્રાણી
[illegible] મો નહીં હોય. ૨૬.

[illegible] રે, [illegible]
[illegible] રે [illegible]
[illegible] રે, [illegible]
[illegible] રે, મમ૦ પ
[illegible] રે; [illegible]
[illegible] રે. મમ૦ [illegible]
[illegible]
રે; [illegible] પરે [illegible], [illegible]
રે. મમ૦ ૭.

અન્યત્વ ભાવનાની સઝાય (૧૭)

પાંચમી ભાવના ભાવીયે રે, જીવ અન્યત્વ વિચાર; આ
સ્વારથી એ સહુ રે, મિલીયો તુજ પરિવાર સંવેગી સુંદર
બૂઝમાબૂઝ ગમાર ૧. તારું કો નહિ ઇણ સંસાર, તું કેહનો ન
નિરધાર. સંવેગી૦ ૨. પંથ શિરે પંથી મળ્યા રે, કી
કિણહીશું પ્રેમ?; રાત્રિ વસે પ્રહ ઉઠી ચલે રે; નેહ નિવ
કેમ. સંવેગી૦ ૩. જિમ મેળો તીરથે મલે રે, જન જ
વણજની ચાહ; કે ત્રોટો કે ફાયદો રે, લેઈ લેઈ નિજ ઘ
જાય. સવેગી૦ ૪. જિહાં કારણ જેહનાં સરે રે, તિહાં
દાખે નેહ; સૂરીકાંતારાણી પરે રે, છટકી દેખાડે છેહ. સં
ગી૦ ૫. ચૂલણી અંગજ મારવા રે, કૂડું કરે જતુગે
ભરત બાહુબલિ ઝુઝિયા રે, જૂઓ જૂઓ નિજના ને
વેગી૦ ૬ શ્રેણિકપુત્રે બાંધીયો રે; લીધું વહેંચી રા
મ લીધું બહુ તાતને રે, દેખો સુતનાં કાજ. સવેગી૦

ક્ષ ભાવના શિવ-પદ લહે રે, શ્રી મરૂદેવી માય; વીર-
શિષ્ય કેવલ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય સવેગી૦ ૮

જીવદયાની સજ્ઝાય (૧૮)

ચતુર નર! જીવદયા ધર્મ સાર, જેથી પામીયે ભવનો
પાર, ચતુર નર! જીવદયા ધર્મ સાર ૧ ગજભવે સસલો
ઉગારીયો રે, કરુણારસ આણી અપાર, શ્રેણિકને ઘેર ઉપન્યો
રે, અંગજ મેઘકુમાર ચતુર૦ ૨ વીર વાણી વાણી સુણી
રે, લીધો સંજમભાર, વિજયવિમાને ઉપન્યો રે, સિદ્ધશે
મહાવિદેહ મઝાર. ચતુર૦ ૩ નેમપ્રભુ જાયા પરણવા રે,
સુણી પશુડાનો પોકાર, પશુડાની કરુણા ઉપની રે, તજી
રાજમતિ નાર. ચતુર૦ ૪ શરણે પારેવો ઉગારીયો રે, જુઓને
મેઘ રાય, શાન્તિનાથ ચક્રી થયા રે, દયાતણે સુપસાય
ચતુર૦ ૫ માસખમણને પારણે રે, ધર્મરુચિ અણગાર, કીડી
ઓની કરુણા ઉપની રે. કીધો કડવા તુંબાનો આહાર ચતુર૦ ૬
સર્વાર્થસિદ્ધમાં ઉપન્યા રે, સિધ્યા વિદેહ મોઝાર; ધર્મ ઘોષના
શિષ્ય થયા રે, રૂડી દયાતણા એ પસાય. ચતુર૦ ૭ અર્જુન
માલી જાણીએ રે, લીધો સંયમભાર, કર્મ છ માસે ક્ષય કરી
પહોંચ્યા મુગતિ મઝાર. ચતુર૦ ૮ દેવકીનંદન સોહામણા
રે, ગજસુકુમાલ, ધનધાવી સમતા સહી રે, આણી
ક્ષમા અપાર ચતુર૦ ૯ એ ધર્મ છે સુરતરુસમો રે, જેહની
શીતળ છાંય, સેવક જન નિત સેવજો રે, એહ છે મુગતિનો
ચતુર૦ ૧૦

ક્રોધની સજ્ઝાય (૧૯)

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે, રીસતણો રસ
જાણીએ, હલાહલ તોલે. ક્રો૦ ૧. ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમ
ફળ જાય; ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય,
ક્રો૦ ૨. સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ્ય; શિષ્યના
ક્રોધ થકી થયો; ચંડકોશીયો નાગ. ૩ આગ ઉઠે જે ઘર
થકી. તે પહેલું ઘર બાળે; જળનો જોગ જો નવિ મળે, તે
પાસેનું પ્રજાળે. ક્રો૦ ૪. ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળ
નાણી. હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. ક્રો૦ ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી; કાયા કરજો નિર્મળી
ઉપશમરસે નાહી. ક્રો૦ ૬.

માનની સજ્ઝાય (૨૦)

રે જીવ ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે ? રે૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે. રે૦ ૨
વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે; માને ગુણ જાય
ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ૩. માન કર્યું જો રાવણે
તે તો રામે માર્યો રે; દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે
રે. રે૦ ૪. સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫.

માયાની સજ્ઝાય (૨૧)

સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત; સાચામાં
સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ રે પ્રાણી ! મ કરી

માયા લગાર ૧ (એ આંકણી) ખમુ મીઠો જૂઠો મને જી,
કૂડ કપટનો રે કોટ, જીભે તો જી જી કરે જી, ચિત્તમા તાકે
ચોટ રે. પ્રા૦ ૨ આપ ગરજે આવો પડે જી, પણ ન ધરે
વિશ્વાસ, મનશુ રાખે આતરો જી, એ માયાનો પાસ રે
પ્રા૦ ૩ જેહશુ બાધે પ્રીતડીજી, તેહશુ રહે પ્રતિકૂળ, મેલ
ી છડે મન તણો જી, એ માયાનુ મૂળ રે પ્રા૦ ૪ તપ
ાપી માયા કરી જી, મિત્રશુ રાખ્યો રે ભેદ, મલ્લિ જિને
ર જાણજો જી તો પામ્યા સ્ત્રીવેદ રે પ્રા૦ ૫ ઉદયરત્ન
સાભળો જી, મેલો માયાની બુદ્ધ, મુક્તિપુરી જાવા તણો
એ મારગ છે શુદ્ધ રે પ્રા૦ ૬

લોભની સજ્ઝાય (૨૨)

તુમે લક્ષણ જોજો લોભના રે, લોભે મુનિજન પામે ક્ષોભના
રે, લોભે ડાહ્યા મન ડોળ્યા કરે રે, લોભે દુર્ઘટ પંથે સચરે
તુ૦ ૧. તજે લોભ તેહનાં લેઉ ભામણાં રે, વળી પાયે
મીને કરુ ખામણા રે, લોભે મરજાદા ન રહે કેહની રે, તુમે
ગત મેલો તેહની રે. તુ૦ ૨ લોભે ઘર મેલી રણમાં
ા ભરે રે, લોભે ઉચ તે નીચુ આચરે રે, લોભે પાપ ભણી
૩ લોભે મનડુ ન રહે નિર્મળુ રે, લોભે સગપણુ
વેગળુ રે; લોભે ન રહે પ્રીતિ ને પાવડુ રે, એકડુ રે, તુ૦ ૪ લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે,
લે હત્યા પાતક નવિ ગણે રે, તે તો દામતણે લોભે કરી રે લોભે
ઉપર દુખિયર થાયે તે મરી રે તુ૦ ૫. એવા લોભનો થોભ દીસે
નહી રે, એવુ સૂત્ર સિદ્ધાંતે કહ્યુ સહી રે, લોભે સહી

[illegible]

એકાદશીની સજ્ઝાય (૨૩)

આજ મારે એકાદશી રે, નણદલ! મૌન કરી મુખ રહીએ;
પૂછ્યાનો પડિઉત્તર પાછો, કેહને કાંઈ ન કહીએ. આજ૦ ૧

મારો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો;
ધુમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો. આજ૦ ૨

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જતાં પાલવ ઝાલે, તે મુજને દેખાડો. આજ૦ ૩

માગશર શુદિ અગિયારસ મોટી, નેવું જિનનાં નિરખો;
દોઢસો કલ્યાણક મોટાં, પોથી જોઈ જોઈ હરખો. આજ૦ ૪

સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીઓ;
પાવક પુર સઘળો પરજાળ્યો, એહનો કાંઈ ન દહીઓ. આજ૦ ૫

આઠ પહોરના પોસહ કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન-વચ-કાયા જો વશ કરીએ, તો ભવસાયર તરીએ આ૦ ૬

ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નરનારી રહેશે;
પોસહમાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે. આજ૦ ૭

રે જીવ જૈનધર્મ. (૨૪)

રે જીવ જૈનધર્મ કીજીએ, ધર્મના ચાર પ્રકાર; દા
શિયલ તપ ભાવના, જગમાં એહીજ સાર. રે જીવ૦

૫૫ દિવસને પારણે, આદીશ્વર સુખકાર, ઇક્ષુરસ વોહરાવીઓ શ્રી શ્રેયાંસકુમાર રે જીવ૦ ૨ ચંપાપોળ ઉઘાડવા ચાળણીએ કાઢયું નીર, સતીય સુભદ્રા સુયશ થયો, શિયલે સુર નર ધીર રે જીવ૦ ૩ તપ કરી કાયા શોષવી, અરસ નીરસ આહાર, વીરજિણંદે વખાણીયો, ધન ધન્નો અણગાર રે જીવ૦ ૪ અનિત્ય ભાવના ભાવતા, ધરતા નિર્મળ ધ્યાન, ભરત આરીસાભવનમાં, પામ્યા કેવળજ્ઞાન. રે જીવ૦ ૫ જૈન ધર્મ સુરતરુ સમો, જેની શીતલ છાયા, સમયસુંદર કહે સેવતા, મનવંછિત ફળ પાયા, રે જીવ૦ ૬

આઠ મદની સજ્ઝાય (૨૫)

મદ આઠ મહા મુનિ વારિયે, જે દુર્ગતિના દાતારો રે! શ્રીવીર જિણંદ ઈમ ઉપદિશે ભાખે સોહમ ગણધારો રે! મદ આઠ૦ ૧ હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીએ કીધો રે, ચંડાળ તણે કુળ ઉપન્યો, તપથી સવિ કારજ સીધો રે. મદ આઠ૦ ૨ હાંજી કુળમદ બીજો દાખીઓ, મરિચી-ભવે કીધો પ્રાણી રે, કોડાકોડિ સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઈમ જાણી રે મદ આઠ૦ ૩ હાંજી બળમદથી દુઃખ પામીયા શ્રેણીક-વસુભૂતિ-જીવો રે; જઈ સોગ્યા દુઃખ નરકતણા, બૂમ પાડતા નિત રીવો રે મદ આઠ૦ ૪ હાંજી સનતકુમાર નરેસરુ સુર આગળ રૂપ વખાણ્યું રે, રોમ રોમ કાયા બગડી ગઈ મ૦ ચોથાનું એ ટાણું રે, મદ આઠ૦ ૫ હાંજી મુનિવર સંયમ પાળતાં, તપનો મદ મનમાં આયો રે, થયા કુરગડુ ઋષિરાજિયા, પામ્યા તપનો અંતરાયો રે, મદ આઠ૦ ૬ હાંજી દેશ દશા

ન[illegible] [illegible] [illegible] [illegible] આહાર, સાધુને દેજે સુવિચાર. ૭. [illegible] કરજે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], કરજે તાસ [illegible] [illegible] [illegible]. ૮. [illegible] અનુસારે દેજે દાન, [illegible] મ કરે અભિમાન; ગુરુને મુખ લેજે આખડી, ધર્મ ન મૂકીશ એકે ઘડી. ૯ વારુ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર; ન ભરે કોઈની કૂડી સાખ, કૂડા જનશું કથન મ ભાખ. ૧૦. અનંતકાય કહ્યાં બત્રીસ, અભક્ષ્ય બાવીશે વિશ્વાવીસ; તે ભક્ષણ નવિ કીજે કિમે, કાચાં કૂણાં ફલ મત જિમે. ૧૧. રાત્રિભોજનના બહુ દોષ, જાણીને કરજે સંતોષ; સાજી સાબુ લોહ ને ગળી, મધુ ધાવડી મત વેચીશ વળી. ૧૨. વળી મ કરાવે રંગણ પાસ, દૂષણ ઘણાં કહ્યાં છે તાસ; પાણી ગળજે બેબે વાર, અણગળ પીતાં દોષ અપાર. ૧૩. જીવાણીનાં કરે જતન્ન, પાતિક છોડી કરજે પુન્ય; છાણાં ઇંધણ ચૂલે જોઈ, વાવરજે જિમ પાપ ન હોઇ. ૧૪. ઘૃતની પરે વાવરજે, નીર, અણગળ નીર મ ધોયે ચીર; બ્રહ્મવ્રત સુધા પાળજે, અતિચાર સઘળાં ટાળજે. ૧૫. કહિયા પનરહ કર્માદાન, પાપતણી પરિહરજે ખાણ; શીશ ન લેજે અનરથદંડ, મિથ્યા મેલ મ ભરજે પિંડ. ૧૬. સમકિત શુદ્ધ હિયડે રાખજે, બોલ વિચારીને ભાખજે; ઉત્તમ ઠામે ખરચે વિત્ત, પર ઉપગાર કરે શુભ ચિત્ત. ૧૭. તેલ તક્ર ઘૃત દૂધ ને દહીં, ઉઘાડા મત મેલે સહી; પાંચ તિથિ ન કરે આરંભ, પાલે શીલ તજે મન દંભ. ૧૮. દિવસચરિમ કરજે ચોવિહાર, ચારે આહારતણો પરિહાર; દિવસતણાં આલોએ પાપ, જિમ ભાંજે

સઘળા સંતાપ ૧૯ સંધ્યા આવશ્યક સાચવે, જિનવર ચરણ શરણ ભવનવે, ચારે શરણ કરી દઢ હોય, સાગારી અણસણ લે સોય ૨૦ કરે મનોરથ મન એહવા, તીરથ શેત્રુંજે જાયવા, સમેતશિખર આબૂ ગિરનાર, ભેટીશ હું ધન ધન અવતાર ૨૧ શ્રાવકની કરણી છે એહ, એહથી થાયે ભવનો છેહ, આઠે કર્મ પડે પાતળા, પાપતણા છૂટે આમળા ૨૨ વારુ લહીએ અમર વિમાન, અનુક્રમે પામે શિવપુર ધાન, કહે જિનહર્ષ ઘણે સસનેહ, કરણી દુઃખહરણી છે એહ ૨૩

શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય (૨૮)

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર ! પ્રણમું તુમારા પાય, (એ આંકણી) રાજ્ય છોડી રળીયામણું રે, જાણી અથિર સંસાર, વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર પ્રસન્ન૦ ૧ સ્મશાને કાઉસગ્ગ રહ્યા રે, પગ ઉપર પગ ચઢાય, બાહુ બે ઉંચા કરી રે, સૂરજ સામી દ્રષ્ટિ લગાય પ્રસન્ન૦ ૨ દુર્મુખ દૂત વચન સુણી રે કોપ ચડ્યો તત્કાળ, મનશું સંગ્રામ માંડીઓ રે જીવ પડ્યો જંજાળ પ્રસન્ન૦ ૩ શ્રેણિક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામી ! એહની કુણ ગતિ થાય, ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય પ્રસન્ન૦ ૪ ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વાર્થસિદ્ધ વિમાન; વાગી દેવની દુંદુભિ રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન પ્રસન્ન૦ ૫ પ્રસન્નચંદ્ર ઋષિ મુક્તે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય, રૂપ વિજય કહે ધન્ય છે રે, જેણે દીઠા એ પ્રત્યક્ષ પ્રસન્ન૦ ૬

[illegible] મેતારજ૦ ૭. [illegible] મેતારજ૦ ૮. [illegible] કેવલ લહી મુગતે ગયાજી, [illegible] મેતારજ૦ ૯. પાપી પાતકે [illegible] અંગડ ચેલા આઠમેજી, [illegible] મેતારજ૦ ૧૦. [illegible] મેતારજ ઋષિરાય; અંતગડ હુવા કેવલીજી, વંદો મુનિના પાય. મેતારજ૦ ૧૧. ભારી કાષ્ટની સ્ત્રીએ લિધાંજી, ડાળી નાંખી તેણિવાર, ધબકે પંખી જાગીયોજી, જવલા કાઢયા તિવું સાર. મેતારજ૦ ૧૨. દેખી જવલા વિષ્ટમાંજી, મન લાજ્યો સોનાર, ઓઘો-મુહપત્તિ સાધુતાંજી, લેઇ થયો અણગાર. મેતારજ૦ ૧૩. આતમ તાર્યો આપણોજી, થિર કરી મન વચ કાય; રાજવિજય રંગે ભણેજી, સાધુતણી એ સજ્ઝાય. મેતારજ૦ ૧૪.

શ્રી જંબૂસ્વામીની સજ્ઝાય. (૩૨)

રાજગૃહી-નયરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે; તસ સુત જંબૂ-કુમર નમું, બાલપણે બ્રહ્મચારી રે ૧ જંબૂ કહે જનની! સુણો, સ્વામી-સુધર્મા આવ્યા રે"; દીક્ષા લેશું તેહ કને, અનુમતિ દ્યો મોરી માયા રે. જંબૂ૦ ૨ માય કહે-"સુણ બેટડા, વાત વિચારી કીજે રે; તરુણપણે તરુણી વરી, છાંડી કેમ છૂટીજે રે? જંબૂ૦ ૩ આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘર આવ્યા રે; નાટકણી નેહે કરી, અષાઢાભૂતિ ભોળાયા રે જંબૂ૦ ૪ વેશ્યા વશ પડીયા પછી, નંદિષેણ નગીનો

રે, આર્દ્રક દેશનો પાટવી, આર્દ્રકુમાર કા કીનો રે જબૂ૦૫ સહસ વરસ સંજમ લીના, તો એ પાર ન પાયા રે, કંડરીકને કરમે કરી, પછી ઘણું પસ્તાયા રે જબૂ૦ ૬ મુનિવર-શ્રી રહનેમિજી, નેમિજિનેસર ભાઈ રે, રાજિમતિ દેખી કરી, વિષયતણી મતિ આઈ રે જબૂ૦ ૭ દીક્ષા છે વત્સ ! દોહિલી, પાળવી ખાંડાની ધાર રે, અરસ-વિરસ-અન્ન જિમવું સુવું ડાભ-સથાર રે. જબૂ૦ ૮ દીક્ષા છે વત્સ ! દોહિલી, કહ્યું અમારું કીજે રે, પરણો પનોતા પદ્મિણી, અમ મનોરથ પૂરીજે રે જબૂ૦ ૯ જબૂ કહે ' જનની ! સુણો, ધન ધન્નો-અણગાર રે, મેઘ-મુનિસર મોટકો, શાલિભદ્ર સભારો રે જબૂ૦ ૧૦ ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધો રે, ષટ્-માસી-તપ પારણે, ઢંઢણે કેવલ લીધો રે. જબૂ૦ ૧૧ દશાર્ણભદ્ર સંયમ લહી, પાય લગાડ્યો ઈંદો રે, પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યા છે પરમ આણંદો રે જબૂ૦ ૧૨ એમ અનેક-મુનિવર હુવા, કહેતાં પાર ન પાય રે, અનુમતિ દ્યો મોરી માવડી ! ક્ષણ લાખિણી જાય રે જબૂ૦ ૧૩ પાંચશો-સત્તાવીશશું, જબૂકુમાર પરવરિઓ રે, પંચ-મહાવ્રત ઉચ્ચરી, ભવજલ સાયર તરીયો રે. જબૂ૦ ૧૪ જબૂ ચરમજ કેવળી, તાસ તણા ગુણ ગાયા રે, પંડિત લલિતવિજયતણા, હેતવિજય સુખદાયા રે. જબૂ૦ ૧૫

શ્રી જબૂસ્વામીની સજ્ઝાય (૩૩)

સરસ્વતી સામિની વિનવું, સદ્ગુરુ લાગું પાય, ગુણ રે ગાશું જબૂસ્વામીના, હરખ ધરી મન માય ધન ધન જબૂસ્વામિને ૧ ચારિત્ર છે વત્સ દોહિલું, વ્રત છે

[illegible] ધન૦ ૨. [illegible] ૩. [illegible] ધન૦ ૩. [illegible] ધન૦ ૪. [illegible] ધન૦ ૫. પરણીને રુંજી પરિહરે, હાથ મેરવાનો સંબંધ; પછી રે ફરશો સ્વામી ભોરતો, જિમ કીધો મેર બુદ્ધિ. ધન૦ ૬. જંબૂ કહે રે નારી સુણો, અમ મન સંયમ ભાવ; સાચો સ્નેહ હરી દેખવો, તો સંયમ લ્યો અમ સાથ. ધન૦ ૭. તેહ્યે સમે પ્રભવોજી આવીઓ, પાંચશે ચોર સંઘાત, તેને પણ જંબૂસ્વામીએ બુઝવ્યો, બુઝવ્યા માત ને તાત. ધન૦ ૮. સાસુ સસરાને પણ બુઝવ્યા, બુઝવી આઠે નાર, પાંચશે સત્તાવીશશું, લીધોજી સંયમભાર ધન૦ ૯. સુધર્માસ્વામી પાસે આવીયા, વિચરે મનને ઉલ્લાસ; કર્મ ખપાવી કેવળ પામીયા, પહોંચ્યા છે મુક્તિ મોઝાર. ધન૦ ૧૦

(૩૪) શ્રી રૂક્મિણીની સજ્ઝાય

વિચરંતા ગામો ગામ, નેમિ–જિણેસર સ્વામ; આ છે લાલ ! નયરી-દ્વારામતી આવીયાજી. ૧. કૃષ્ણાદિક–નરનાર, સહુ મળી પર્ષદા બાર; આ છે લાલ ! નેમિ–વંદન તિહાં આવીયાજી. ૨. દીએ દેશના જિન–રાય, આવે સહુને દાય આ છે લાલ ! રુક્મિણી પૂછે શ્રી–નેમિનેજી. ૩. " પુત્રનો માહરે વિયોગ, શો હશે કર્મ સંયોગ ?; આ છે લાલ !

ભગવંત ! મુજને તે કહોજી " ૪ તુ હતી નૃપની નાર, પૂરવ ભવ એક વાર; આ છે લાલ ! ઉપવન રમવા સંચર્યાજી ૫ ફરતા વન મોઝાર, દીઠો એક સહકાર, આ છે લાલ ! મોરલી વિયાણી તિહાં કનેજી ૬ સાથે હતો તુજ નાથ, ઈંડાં ઝાલ્યાં હાથ આ છે લાલ કુંકુ ભવરણા તે થયાજી ૭ નવિ ઓળખે તિહાં મોર, કરવા લાગી શોર, આ છે લાલ ! ચૌ-દિશિ ચમકે વિજળીજી ૮ પછી વુઠયો તિહાં ઈંડા ધોવાણા તેહ, આ છે લાલ ! સોલ-ઘડી પછી સેવિયાંજી હસતા તે બાંધ્યા કર્મ, નવિ ઓળખ્યો જૈનધર્મ, આ છે લાલ ! રોતા ન છૂટે પ્રાણીયાજી, ૧૦ તિહાં બાંધી અંતરાય ભાખે શ્રી જિન રાય; આ છે લાલ ! સોલ ઘડીનાં વરસ સોલ થયાંજી ૧૧ " દેશના સુણી અભિરામ, રુકૃમિણી રાણી તામ, આ છે લાલ ! સૂધો તે સંયમ આદર્યોજી ૧૨ થિર કરી મન-વચન-કાય, કેવળનાણ ઉપાય, આ છે લાલ ! કર્મ ખપાવી મુગતે ગયાજી ૧૩ તેહનો છે વિસ્તાર, અંતગડ સૂત્ર મોઝાર, આ છે લાલ ! રાજવિજય રંગે ભણેજી ૧૪

(૭૫) શ્રી શાલીભદ્રની સજ્ઝાય

(રાગ-કાલિંગડો)

બોલો બોલો રે, શાલિભદ્ર ! દેવરિયા ! દેવરિયાં દો-ચાર વરિયાં ! બોલો ૧૦ માયા તુમારી ખરીય પુકારે, વહુ-અર સબ આગે ખરીયાં બોલો૦ ૨ પોઢયો પુત્ર શિલા-પટ પેખી, આંખે આસુ જળ-ઝળીયાં બોલો૦ ૩ કુલની શય્યા જેહને ખુંચતી, તેણે સંથારો શિલા કરીયા બોલો૦ ૪ પૂરવ-ભવ-માડી આહીરણી, આહાર કરી અણસણ કરીયાં.

ક્ષોભાવ્યો તેણે કામ રે! દિલડું ખોભાયું જાણી રાજુલ ભાખે, રાખો સ્થિર મન શુભના ધામ રે! દેવરિયા૦ ૨ જાદવ કુલમાં જિનજી નેમ નગીનો, વમન કરી છે મુજને તેણે રે! બંધવ તેહના તમે શિવાદેવી–જાયા, એવડો પટંતર કારણ કેણ રે! દેવરિયા૦ ૩ પરદારા સેવી પ્રાણી નરકમાં જાય, દુલભ–બોધિ હોય પ્રાય રે! સાધવી સાથે ચૂકી પાપ જે બાંધે, તેહનો છૂટકારો કદીય ન થાય રે! દેવરિયા૦ ૪ અશુચિ કાયા રે મળમૂત્રની ક્યારી તમને કેમ લાગી એવડી પ્યારી રે! હું રે સંયમી તમે મહાવ્રતધારી, કામે મહાવ્રત જાશો હારી રે! દેવરિયા૦ ૫ ભોગ વમ્યા રે! મુનિ મનથી ન ઇચ્છે, નાગ અગંધન કૂલના જેમ રે!, ધિક્ કુલ નીચા થઇ નેહથી નિહાળે, ન રહે સંયમ શોભા એમ રે! દેવ રિયા૦ ૬ એહવા રસિલા રાજુલ વયણ સુણીને, બુઝયા રહનેમિ પ્રભુજી પાસ રે!, પાપ આલોઇ કરી સંજમે લીના, અનુક્રમે પામ્યા શિવ આવાસ રે! દેવરિયા૦ ૭ ધન્ય ધન્ય જે નર નારી શિયલને પાળે, સમુદ્ર તર્યા સમ વ્રત છે એહરે; રૂપ કહે રે એહના નામથી હોવે, અમ મન નિર્મળ સુંદર દેહરે દેવરિયા૦ ૮

(૩૮) શ્રી ઢંઢણઋષિની સજ્ઝાય

ઢંઢણઋષિજીને વંદણા, હું વારીલાલ, ઉત્કૃષ્ટો અણ ગાર રે, હું વારી૦ અભિગ્રહ લીધો આકરો, હું વારી૦ લબ્ધે લેશું આહાર રે. હું વારી૦ ૧ દિન પ્રત્યે જાવે ગોચરી, હું વારી૦ ન મલે શુદ્ધ આહાર રે, હું વારી૦

[illegible] ભાo વિo ૪ [illegible] જી, [illegible]
[illegible] જી, [illegible] ભo વિo ૫
[illegible] જી, [illegible]
[illegible] જી, [illegible] તેમ. ભo વિo ૬ ચંદ્ર તણી
પરે ઉજળી જી, કીરતિ તેહ લહંત; વિનય [illegible] જી,
જે નર વિનય વહંત. ભo વિo ૭ વિજયદેવગુરુ પાટવી
જી, શ્રી વિજયસિંહસૂરીંદ, શિષ્ય ઉદય વાચક ભણે જી,
વિનય સયળ સુખકંદ ભo વિo ૮.

૪૩ વૈરાગ્યની સજ્ઝાય.

કાતરિયારે કાઢી નાખો, અરિહંત પદ મુખથી ભાખો; જે કોઇ કહે તેહનું સાંખો રે કાતરિયા૦ ૧ તમે જુઠી નવિ બોલો વાણી, સુખીયા થાશો સહુ પ્રાણી; પંચ બોલે તે પ્રમાણી રે. કાતરિયા૦ ૨ તમે ખમીયા થઇને સહુ ખમજો, પ્રભુજી તણા રંગમાં રમજો; ઝપટી લઇ જાશે જમડો રે. કાતરિયા૦ ૩ તમે ખારિલા થઇને નવિ ખાટો, કોઇ સાથે નવિ રાખો આંટો, તો નડશે કટકતણો કાંટો રે. કાતરિયા૦ ૪ એ ક્રોધ કષાયને દુર કરીએ, ક્ષમા ખડગ કરમાં ધરીએ, શિવસુંદરી ઝટપટ વરીએ રે. કાતરિયા૦ ૫ તમે માયા-લોભને વિસારો, મિત્રતા-સંતોષ દિલ ધારો; વશીકરણ મહામંત્ર સારો રે. કાતરિયા૦

સમતા સરોવરીયે ઝીલો, કર્મ ખીલો કરજો ઢીલો, તો શિવ સુંદરી સહેજે મીલો રે કાતરિયા૦ ૭ પાંચ ચોર પચવીશ નારી, તમે મનથી મૂકો વિસારી, તો સદ્દગતિ થાશે તમારી રે કાતરિયા૦ ૮ જ્ઞાનવિમલ ગુણના દરિયા, તપ સંયમ ગુણના ભરીયા, શિવસુખ મારગ અનુસરીયા રે કાતરિયા રે કાઢી નાખો, અરિહંત પદ મુખથી ભાખો ૯

૪૪ ઉપદેશની સજ્ઝાય

આતમધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપમાં રહેવું, કર્મા-ધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું આતમ૦ ૧. કોઈ જન નાચે, કોઈ જન ખેલે, કોઈ જન યુદ્ધ કરતા, કોઈ જન જન્મે, કોઈ જન રૂવે દેશાટન કોઈ કરતા આતમ૦ ૨ વેણુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે, બાવળીઓ વાવીને કેરી, આંબારસ શું ચાખે આતમ૦ ૩ રાગીથી તો રાગ ન કીજે, દ્વેષીથી નહી દ્વેષ, સમભાવે સહુ જીવને મળીએ, તો શિવસુખનો લેશ આતમ૦ ૪ બૂઠી જગની પુદ્ગલબાજી, ત્યાં નવી રહિએ રાજી, તન ધન જોબન સાથ ન આવે, આવે ન માત પિતાજી આતમ૦ ૫ ભલા ભલા પણ ઉઠી ચાલ્યા, જોને કોઈક ચાલે, બીલાડીની દોટે ચડીયો, ઉંદરડો શું મહાલે આતમ૦ ૬ કાળઝપાટા સહુને વાગે, યોગીજન જટ જાગે, ચિદાનંદઘન આતમઅર્થી, રહેજો સૌ વૈરાગે. આતમ૦ ૭

૪૫ નિંદાનિવારકની સજ્ઝાય

નિંદા ન કરશો કોઈની પારકી રે, નિંદાના બોલ્યા મહા પાપ રે, વેર વિરોધ વધે ઘણા રે, નિંદા કરતો ન ગણે માય ને

[illegible] રે. નિંદા ન કરજો૦ ૧. દૂર બળંતી કાં દેખો તુમે રે, પગમાં બળતી દેખો સહુ કોય રે, પરના મેલમાં ધોયાં લૂગડાં રે, કહો કેમ ઊજળાં હોય રે. નિંદા ન કરજો૦ ૨ આપ સંભાળો સહુકો આપણો રે, નિંદાની મૂકો પડી ટેવ રે; થોડે ઘણે અવગુણે સહુ ભર્યા રે, કેહનાં નળીયાં ચૂવે કેહનાં નેવ રે. નિંદા ન કરજો૦ ૩ નિંદા કરે તે થાયે નારકી રે, તપ જપ કીધું નિષ્ફળ જાય રે, નિંદા કરો તો કરજો આપણી રે, જેમ છુટકબારો થાય રે. નિંદા ન કરજો૦ ૪. ગુણ ગ્રહજો સહુકો તણા રે, જેમાં દીઠો એક વિચાર રે; કૃષ્ણ પરે સુખ પામશો રે, સમયસુંદર સુખકાર રે. નિંદા ન કરજો કોઈની પારકી રે. ૫

પરનિંદાનિવારક સજ્ઝાય (૪૬)

મ કર હો જીવ પરતાંત દિન રાત તું, આપણો વાંક નયણે ન દેખે; તિલ સમ પારકા દોષ હોવે જીકે, તેહ કરી દાખવે મેરૂ લેખે. મ કર૦ ૧. જે કરે પરતણી અતિહી નિંદા ઘણી, તેહ તો તેહનો મેલ ધોવે; તાસ ઉજ્જવલ કરે, પિંડ પાપે ભરે, મૂઢ તે માનવી સુગુણ ખોવે મ કર૦ ૨. બહુલ મચ્છરપણે ગુણ તજી પરતણા, સંત અણુસંત જે દોષ ભાખે; બાપડો જીવડો તેહ મૂરખપણે, ગજપર નિજ શિરે ધૂળ નાંખે. મ કર૦ ૩. દ્રાક્ષ સાકર સરસ વસ્તુ સવિ પરિહરિ, કાક જેમ ચાંચશું મેલ ચૂંથે; નિંદકી તેમ ગુણ કોડિ છોડી કરી, ચિત્તમાં પર તણા દોષ ગૂંથે. મ કર૦ ૪. અંગ જેમ ગોપવી મીનને મારવા, બગ રહે તાકી જીમ નીર નાકે; નીચ તેમ

છિદ્ર ગોપવી કરી આપણા, રાત દિન પારકાં છિદ્ર તાકે મ કર૦ ૫. નિપટ લપટ પણે લપટી કૂતરો, વમન દેખી કરી નફટ નાચે, દોષ લવલેશ પામી તથા પાતકી, અધમ જન સબલ મનમાહિ માચે મ કર૦ ૬ એક સજ્જન હોયે સેલડી સારિખા, ખડે ખડે કરી કોઈ કાપે, તોહિ પણ પીલતા આપ ઉત્તમ પણે, સરસ રસ વસ્તુનો સ્વાદ આપે મ કર૦ ૭ દોહિ અવગુણ પણ છોડી જે ગુણ ગ્રહે, દેશ-પર દેશ તે સુખ પાવે, દેખ પ્રત્યક્ષપણે કૃષ્ણપરે તેહનાં, દેવ રાજેન્દ્ર પણ સુયશ ગાવે મકર૦ ૮ દેવ-ગુરુ-ધર્મ આરાધ તું શુદ્ધ મને, પારકે પેટમાં મૂઢ કાને, સકલ સુખ કારિણી દુરિત દુ:ખ વારિણી, ભાવના એહ શિખ માને મકર૦ ૯

૪૭ મનડાને વશ કરવાની સજ્ઝાય

મનાજી તુ તો જિન ચરણે ચિત્ત લાય, તેરો અવસર વિત્યો જાય, મનાજી તુ તો જિનચરણે ચિત્ત લાય, ઉદર ભરણ કે કારણે રે, ગૌઆં વનમે જાય, ચારો ચરે ચિહુ દિશી ફરે રે, વાકુ ચિત્તડુ વાછરીયા માય. મનાજી૦ ૧ ચાર પાંચ સાહેલી મળીને, હીલ મીલ પાણી જાય, તાલી દિયે રે ખડખડ હસે રે, વાકુ ચિત્તડુ ગગરીયા માંય મનાજી૦ ૨ નટવા નાચે ચોકમાં રે, લખ આવે લખ જાય, વાંસ ચઢી નાટક કરે રે, વાકુ ચિત્તડુ દોરડીયા માંય મનાજી૦ ૩ સોની સોનાના ઘાટ ઘડે રે, વળી ઘડે રૂપાના ઘાટ, ઘાટ ઘડી મન રીઝવે રે, વાંકુ ચિત્તડુ સોનૈયા માય મનાજી૦ ૪ જુગારીયાને મન જુગટુ રે, કામિનીને મન કામ, આનંદઘન એમ વિનવે

પામ્યા, લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનોવાંછિત ફળ થાય. ભવિક૦ ૨. તીર્થંકર પદ પામીએ રે, નાસે સઘળાં રોગ; રૂપ લીલા સુખ સાહ્યબી રે, લહીએ તપ સંયોગ. ભવિક૦ ૩ તે શું છે સંસારમાં રે, તપથી જે નવિ થાય, જે જે મનમાં ×કામીએ રે, સફળ ફળે સવિ તેહ. ભવિ૦ ૪. અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાળે તત્કાળ; અવસર લહીને તેહનો રે, ખપ કરજો ઉજમાળ. ભવિક૦ ૫ બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર; હોજો તેહની ચાલમાં રે, જેમ ધન્નો અણગાર. ભવિક૦ ૬. ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનૂર; સ્વર્ગ હુવે ઘર આંગણે રે, દુર્ગતિ જાવે દૂર. ભવિક-જન, તપ કરજો મન શુદ્ધ. ૭.

સત્સંગની સજ્ઝાય (૫૧)

સત્સંગનો રસ ચાખ, તું તો સત્સંગનો રસ ચાખ; પ્રથમ લાગે તીખો ને કડવો, અંતે આંબા કેરી શાખ. પ્રાણી૦ ૧ મેડી ને મંદિર માલ ખજાના; પડયા રહેશે ઘર-બાર. પ્રાણી૦ ૨ આ રે કાયાનો ગર્વ ન કરશો, અંતે થવાની છે રાખ. પ્રાણી૦ ૩ જુગતિ જોઇને રાચમાં જરીયે, ખોટો બધો છે આ ખેલ. પ્રાણી૦ ૪ ચારગતિમાં જીવ તું ભમિયો; પંચમી ગતિ સંભાળ. પ્રાણી૦ ૫ તન ધન જોબન તે નથી તારા; અંતે માટીમાં મલનાર પ્રાણી૦ ૬ મારૂં મારૂં કરી દાન દીધું; સાથે આવે ન તલભાર. પ્રાણી૦ ૭ રાય પ્રદેશી રાજ્યમાં ખૂંત્યો; ગુરુ સંગત જુઓ સાર. પ્રાણી૦૮

× કામીએ એટલે ઈચ્છીએ.

ગુરુ ઉપદેશથી રાય પરદેશી, પામશે મોક્ષ દુવાર પ્રાણી૦ ૯ શ્રેણિક રાજા સમકિત પામ્યા, ગુરુ અનાથિ મુનિરાય પ્રાણી૦ ૧૦ દાસનો દાસ તુ તો જીવ અભાગીયો, જ્ઞાન વિમલ ધરો ધ્યાન પ્રાણી૦ ૧૧

સ્વારથની સજ્ઝાય (૫૨)

જગત હે સ્વાથકા સાથી, સમજ લે કૌન હે અપના, એ કાયા કાચકા કુંભા, નાહક તું દેખકે ફુલતા જગત૦ ૧ મનુ ષ્યકી એસી જીંદગાની અબી તુ ચેત અભિમાની, જીવનકા ક્યા ભરોસા હે, કરી લે ધમકી કરણી જગત૦ ૨ ખજાના માલ ને મિલ્કત, તુ કયુ કહેતા મેરા મેરા, ઇહા સબ છોડ જાના હે, ન આવે સાથ અબ તેરા જગત૦ ૩ કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા, નિકલ જબ +હંસ જાયેગા, ઉસી દિન હે સભી ન્યારા જગત૦ ૪ ઇસી સંસાર સાગરમે, જપે જો નામ જિનવરકો, કહે ખાન્તિ એહી પ્રાણી, હઠાવે કર્મ જંજીરકો જગત હે સ્વાથકા સાથી સમજ લે કૌન હે અપના૦ ૫

અન્યત્ર સંબંધની સજ્ઝાય (૫૩)

કેહના રે સંપણ કેહની રે માયા, જીવ રહ્યો છે લોભાઈ રે; અસ્થિર સંસારમાં કોઈ નથી તાહરૂં, સાચી ધમ સગાઈ રે કેહના૦ ૧ શ્રેણિક રાયને પિંજરમાં પૂર્યો, કોણીકે રાજ્ય લોભાઈ રે; પુત્રે પિતાને અતિ દુઃખ દીધુ, તો ક્યાં રહી પુત્ર સગાઈ રે. કેહના૦ ૨ ભરત બાહુબલી રાજ્યને માટે,

+ હંસ એટલે આત્મ-જીવ.

માંહો માંહે લડાઈ રે, [illegible] નિજ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રે. કેહના૦ ૩ [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] રે, [illegible] [illegible] [illegible] તો ક્યાં ગઈ ભાઈ [illegible] રે. કેહના૦ ૪ [illegible] નિજ પુત્રને [illegible], [illegible] [illegible] [illegible] રે, [illegible] મારવા કાજે, તો ક્યાં ગઈ પુત્ર સગાઈ રે. કેહના૦ ૫ [illegible] [illegible], [illegible] [illegible] [illegible] રે. [illegible] [illegible] [illegible] નારીએ, [illegible] [illegible] પાઈ રે કેહના૦ ૬ ચુલણી માતા નિજ પુત્રને બાળે, લાખનું ઘર બનાઈ રે; વિષયમાં અતિ લંપટ થઈને, તો ક્યાં ગઈ માત સગાઈ રે, કેહના૦ ૭ શેઠાણી નિજ શેઠને કહે, પુત્રને ઊંડા કુવાની માંહી રે, કર્મ તણી જોજો વિચિત્રતા, ક્યાં ગઈ પત્ની સગાઈ રે. કેહના૦ ૮ નિજ અંગજના અંગજ છેદે, કુણો સહુ કેતુ કમાઈ રે; સહુ સહુને નિજ સ્વારથ વ્હાલો, કોણ ગુરુને કોણ ભાઈ રે. કેહના૦ ૯ સુભૂમ પરશુરામ જ દોઈ. માંહો માંહે વેર બનાઈ રે; ક્રોધ કરીને નરકે પહોંચ્યા, તો ક્યાં રહી તાત સગાઈ રે. કેહના૦ ૧૦ ચાણક્યે તો પર્વત સાથે; કીધી મિત્ર ઠગાઈ રે, મરણ પામી તે મનમાં હરખ્યો, તો ક્યાં રહી મિત્ર સગાઈ રે. કેહના૦ ૧૧ આપ સ્વારથ સહુને વ્હાલો, કોણ સજ્જન કોણ માઇ રે; જમરાજાનો તેડો આવ્યો, ટગ મગ જુવે ભાઈ રે. કેહના૦ ૧૨ કોની માતા ને કોના પિતા, કોના ભાઈને ભોજાઈ રે; મ્હારૂં મ્હારૂં સહુ કહે છે ત્હારું પ્રાણી કોઇ ન સહાઈ રે. કેહના૦ ૧૩ સજ્જન વર્ગ કોઈ સાથ ન આવે, આવે આપ કમાઈ રે; વિનયવિજય

પંડિત એમ બોલે જૈનધર્મ સાચો ભાઇ રે કેહના રે સગપણ, કેહની રે માયા૦ ૧૪

૫૪ પુણ્ય ફળની સજ્ઝાય

એક ઘેર ઘોડા હાથીયાજી, પાયક સંખ્યા ન પાર, મ્હોટા મંદિર માળીયાજી, વિશ્વ તણો આધાર રે જીવડા! દીધાનાં ફળ જોય વીણ દીધા કેમ પામીએજી, હૃદય વિચારી જોય રે જીવડા! દીધાના ફળ જોય ૧ ભરીયાને સહુ કો ભરેજી, પુઠચા વરસે મેહ, સુખીયાના સહુ કોઇ સગાજી દુખીયાશું નહીં નેહરે જીવડા૦ ૨ બેઉ નર સાથે જનમીયાજી, એવડો અંતર આજ, એક માથે ભાર વહેજી, એક તણે ઘર રાજરે જીવ૦ ૩ એક સુખીયા દીસે સદાજી, દુખીયા એકજ હોય, સુખદુખ બેઉ ભ્રાતરૂજી પુણ્ય તણા ફળ જોય રે. જીવડા૦ ૪ સેવ સુંવાળી લાપસીજી ભોજન કુર કપૂર, એકને કુકશ ઢોકળાજી, પેટ ન પહોચે પૂર રે જીવડા૦ ૫ એક ઘર આંગણ મલપતીજી, નીઠા બોલી રે નાર, એક ઘર કાળી કુબડીજી, કોઇ ન ચડે ઘર દ્વાર રે જીવડા૦ ૬ એક ચડે ઘોડે હાલતેજી, એક આગળ ઉભાય, એક નર પોઢે પાલખીજી, એક ઓઝાતે પાય રે. જીવડા૦ ૭ એક ઘર બેટા સુંદરૂજી, રાખે ઘરના સૂત્ર, એક નર દીસે વાંઝીયાજી એક કુળ ખાપણ કુપુત્ર રે જીવડા૦ ૮ એક પાય ×પટોળી પહેરેજી, પહેરણ ચાક જમાગ, એક તણે નહી પહેરવાજી, પહેરવા નહિ પીત રે જીવડા૦ ૯ એક ચિંકુ માડે બાંધીયેજી, વિશ્વમાંહે +ચોવાળ,

---

× ઉત્તમ જાતિનું કપડું + જારે જાણું

[illegible]

૫૫ ઉપદેશની સજ્ઝાય

જાવું જરૂર મરી જીવડા રે, તારે જાવું જરૂર મરી; અનંત કાળથી ભવમાં ભટકતાં, પુન્યે નર દેહ ધરી, જીવડા૦ મળ મૂત્રમાં ઉંધે શીર લટકયો, જ્યું વડે વાગુળી જીવડા૦ ૧ ગર્ભવાસની અંદર તુજને, વેદના અનંતી પરી; જન્મ ટાણે મહાકષ્ટ સહ્યાં, તે તો જાણે એક હરી જીવડા૦ ૨ સંસારનો જબ વાયુ વાયો તબ, વેદના ગયો વિસરી; પયપાન માતાનું કરીને, જોબન વય વરી. જીવડા૦ ૩ કામિની સાથે પ્રેમ કરીને, કર્મ બંધનો કરી; માત–પિતાથી જુદો પડીને, વસ્તુ ઘરમાં ભરી. જીવડા૦ ૪ છોરૂ પ્રિયાની ટાપટીપ તું, કરતો પળ પળ ધરી; સદ્ગુરુથી નિત્ય દૂરે ફરતો, જ્યું સાધુ સંતથી

---

* ચોખા–ચાવલ. ÷ દાન વગર. + આજ્ઞા.

ઠરી જીવડા૦ ૫ ગયો જોબન ને આયો બુઢાપણ, શરીર ગયો જરજરી, ઝાંખી આંખના દેવ થયા વળી, ઉજડ કરણ પુરી જીવડા૦ ૬ ઉંબર ડુંગર પાદર પરદેશ, ગોળી નગા સરી, હૃષ્ટ પુષ્ટ કાયા ઘટીને, નબળાઇ દેહે વરી જીવડા૦ ૭ વૃદ્ધા વયમાં કુટુંબ કબીલે, ચાકરી નવિ કરી, અંતકાળે જિનનામ ન લીધું, મારૂં મારૂં કરી જીવડા૦ ૮ મરતી વખતે ખુરે હલાલે, જીવ ગયો નીસરી, જન્મ-મરણુની વેદના સુણતાં, ધ્રુજે જાય થરથરી જીવડા૦ ૯ વીતરાગનું નામ વિસારી, દુર્ગતિ હાથ ધરી, નરક-નિગોદના કારા ટહમાં, બેસીશ કેમ તું ઠરી. જીવડા૦ ૧૦ ધર્મમાર્ગ મૂકીને પામ્યો, લાખ ચોરાશી પરી, વીરમુનિ કહે ધર્મ કરો તો, સંસાર આવો તરી જીવડા રે ત્હારે જાવું જરૂર મરી. ૧૧

૫૬ મનુષ્યભવનું ટાણું તેની સજ્ઝાય

મનુષ્યભવનું ટાણું, કાલે વહી જાયે રે; અરિહંતના ગુણ ગાવો નરનાર, રત્ન ચિંતામણિ આવ્યો રે હાથમાં, ભગવંતના ગુણ ગાવો નર-નાર મનુષ્ય૦ ૧ બળદ થઈ ધીલાએ ચાલચો રે, ચઢયો વળી ચોરાશીની ચાલ, ચોકડું બાંધીને ઘાણીએ ફેરવ્યો રે ઉપર બેસી મુરખ દેશે માર. મનુષ્ય૦ ૨ કુતરા થઈ ઘર ઘર ભટકયો રે, ઘરમાં નહીં પેસવા દે કોઈ, કાનમાં કીડા રે પડયે અતિ ઘણા રે, ઉપર પડ્યો લાકડીઓના માર. મનુષ્ય૦ ૩ ગધેડા થઈને ગલીઓમાં ભટકયો રે, ઉપાડયો અણુતોલ ભાર, કુંભારની ઓથે રે જઈને ભૂકયો રે, સાંજ પડે ધણી નવિ દીયે સંભાળ.

મનુષ્ય૦ ૪ ભૂંડ થઈને ચાટે અશુચિ રે, [illegible] ખાખુંરિના આહાર; [illegible] ને [illegible] કોઈએ નહિ ગણે રે, ઉપર પડશે પત્થરના પ્રહાર. મનુષ્ય૦ ૫ [illegible] ઉપાડશો રે, ચરશો વળી [illegible], [illegible] ઘર સેના થાશો રે, ઉપર પડશે ચાબુકના પ્રહાર. મનુષ્ય૦ ૬ ઘોડા થઈને ગાડીએ જોતરાશો રે, ઉપર પડશે ચાબુકના પ્રહાર; સોકડું બાંધી ફેરવશે રે, રાખનારા અસવાર. મનુષ્ય૦ ૭ ઝાડ થઈને વનમાં ઝુલશો રે, સહશો વળી તડકો ને ટાઢ, ડાળે ને ડાળે પંખી માળા ઘાલશે રે, ઉપર પડશે કુહાડાના ઘાત. મનુષ્ય૦ ૮ ઉત્તમ નરભવ ફરી ફરી આતમા રે, મેળવવો છે મુશ્કેલ; હીરવિજયની ઓળી પરે શીખડી રે, સાંભળો અમૃતવેલ. મનુષ્યભવનું ટાણું, કાલે વહી જાશે રે ૯

૫૭ આત્મોપદેશની સજ્ઝાય

હું તો પ્રણમું સદ્દગુરુ રાયા રે, માતા સરસ્વતીના વંદું પાયા રે; હું તો ગાઉં આતમ રાયા, જીવનજી બારણે મત જાજો રે, તુમે ઘેર બેઠા કમાવો; ચેતનજી બારણે મત જાજો રે૦ ૧ તાહરે બાહેર દુર્મતિ રાણી રે, કે તાસું કુમતિ કહેવાણી રે; તુને ભોળવી બાંધશે તાણી. જીવનજી બારણે મત જાજો રે૦ ૨ તાહરા ઘરમાં છે ત્રણ રતન્ન રે, તેનું કરજે તું તો જતન્ન રે; એ અખુટ ખજાનો છે ધન્ન. જીવનજી૦ ૩ તારા ઘરમાં પેઠા છે ધુતારા રે, તેને કાઢોને પ્રીતમ પ્યારા રે; એથી રહોને તુમે ન્યારા. જીવનજી૦ ૪ સત્તાવનને કાઢો ઘરમાંથી રે, ત્રેવીશને કહો જાઓ ઈહાથી રે; પછી વ જાગશે માંહેથી જીવનજી૦ ૫ સોળ કષાયને દીયો

ર પાપસ્થાનકને મગાવો ભીખ રે, પછી આઠ
ભીક જીવનજી૦ ૬ ચારને કરોને ચકચૂર રે,
નંઓ હજુર રે, પછી પામી આનંદ ભરપુર
વિવેક દીવે કરો અજુવાળો રે, મિથ્યાત્વ
અંધકારને ટાળો રે, પછી અનુભવ સાથે મ્હાલો જીવનજી૦
૮ સુમતિ સાહેલીશુ ખેલો રે, કુમતિનો છેડો મેલો રે,
પછી પામી મુક્તિ ગઢ હેલો જીવનજી૦ ૯ મમતાને કેમ
ન મારો રે, જીતી બાજી કાંઈ હારો રે, કેમ પામી ભવનો
પારો જીવનજી૦ ૧૦ શુદ્ધ દેવગુરુ સુપસાય રે, મ્હારો જીવ
આવે કાંઈ ઠામ રે, પછી આનંદઘન મય થાય. જીવનજી
આરંભે મત જાજો રે ૧૧

૫૮ ઉત્તમ મનોરથની સજ્ઝાય.

ધન ધન તે દિન કયારે આવશે, જપશું જિનવર નામ;
કર્મ ખપાવી રે જે થયા કેવલી, કરશુ તાસ પ્રણામ ધન
ધન૦ ૧ મન વચન કાયા રે આપણા વશ કરી, લેશુ સંયમ
યોગ, સમતા ધરશુ રે સમરસ અર્મા, રહીશુ છંડી રે લોન.
ધન ધન૦ ૨ વિનય વૈયાવચ્ચ ગુરુ સાથે કરી, કરશુ જ્ઞાન
અભ્યાસ, પ્રવચન માતા રે આઠ આદરી, ચાલશુ પથ
વિહાર ધન ધન૦ ૩ પરિમિત વસતી રે વસ્ત્ર ને પાત્રમાં,
આડંબર અહંકાર, મૂકી મમતા રે લોકની વારતા, ચાલશુ
શુદ્ધે આચાર ધન ધન૦ ૪ તપ તપી દુર્બલ દેહ કરી ઘણુ,
સહીશુ શીત ને તાપ, પુદ્ગલ પરિણતિ રસ નિવારીને,
રમશુ નિજ ગુણ આપ. ધન ધન૦ ૫ સહેશું સાબરે ભૂખને
દોહલા, સુખ વળુ સુખ નાસ, ખોળે નરતક મૂકી ઉપરે,

આણી મન નિઃશંક. ધન ધન૦ ૬ પ્રસન્નચંદ્ર ઋષી નિર્મલા [illegible] ધરશું, પામ્યું આતમ ધ્યાન, કૂરગડુમુનિ કેવલી થઈ કરી, સાધ્યું પોતાનું કામ. ધન ધન૦ ૭ [illegible] આકરી, યોગિ આચારી રે [illegible] જીવો પ્રતિ, કર્યું સદ્ગુરુ સાથ. ધન ધન૦ ૮ એવા મુનિ વર આગે જે થયા, સમરી ગજ [illegible], પરિસહ સહિયું રે ધીરજપણું ધરી, કર્યું કર્મનો ઘાત. ધન૦ ધન૦ ૯ વાધરક વીંટ્યો રે ડોળા નિસર્યા, ધન મેતારજ સાધ; ખંધક શિષ્યો રે ઘાણી પીલીયા, રાખી સમતા અગાધ. ધન ધન૦ ૧૦ માથે પાળી કરી સઘડી ભરી, ભરિયા માંહી અંગાર; ગજસુકુમારે રે શિર બળતું સહ્યું, તે પામ્યા ભવનો પાર ધન ધન૦ ૧૧ સિંહ તણી પરે રે સામા ચાલિયા, સુકોશલ મુનિરાય; વિરુઇ વાઘણ ધસતી ખાયવા, વોસિરાવી નિજકાય. ધન ધન૦ ૧૨ દેવ પરીક્ષા રે કરતાં વલી, ચક્રી સનતકુમાર; તેને પીડયો રે વરસ સાતસે, ન કરી દેહની સાર. ધન ધન૦ ૧૩ નિશદિન એવી રે ભાવના ભાવતાં, સરે નિજ આતમકાજ; મુનિવિજય બુધ બોલે પ્રેમશું, ભાવના ભવોદધિ જહાજ. ધન ધન૦ ૧૪

૫૯ ભાવની સજ્ઝાય

રે ભવિ ભાવ હ્રદયે ધરો. જે છે ધર્મનો ધોરી; એકલ મલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી. રે ભવિ૦ ૧ દાન શિયલ તપ ત્રણ એ, પાતક મળ ધોવે; ભાવ જો ચોથો નવિ

* લીની ચામડાની પટી.

મળે, તો તે નિષ્ફળ હોવે રે ભવિ૦ ૨ વેદ પુરાણ સિદ્ધાન્તમાં, ષટદર્શન ભાખે, ભાવ વિના ભવ સતતિ, પડતા કોણ રાખે રે ભવિ૦ ૩ તારક રૂપ એ વિશ્વમાં, જપે * જગભાણ ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ રે ભવિ૦ ૪ ઔષધ આય ઉપાય જે, મત્ર તત્ર ને મૂળી, ભાવે સિદ્ધ હોવે સદા, ભાવ વિણ સહુ ધૂળી રે ભવિ૦ ૫ ઉદયરત્ન કહે ભાવથી, કોણ કોણ નર તરીયા, શોધી જોજો સૂત્રમાં, સજ્જન ગુણ દરિયા રે ભવિ ભાવ હૃદયે ધરો, જે છે ધર્મ નો ધોરી રે ભવિ૦ ૬

૬૦ શ્રી ઘડપણની સજ્ઝાય

ઘડપણ તું કાં આવિયો રે, તુજ કુણ જોયે છે વાટ, તું સહુને અળખામણો રે, જેમ માંકડ ભરી ખાટ રે. ઘડપણ૦ ૧ ગતિ ભાંજે તુજ આવતાં રે, ઉદમ ઉઠી જાય, દાંતલડા પણ ખસી પડે રે, લાળ પડે મુખમાય રે. ઘડપણ૦ ૨ બલ ભાગે આંખો તણો રે, શ્રવણે સુણિયો ન જાય, તુજ આવે અવગુણ ઘણા રે, વળી ધવલી હોવે રોમરાય રે. ઘડપણ૦ ૩ કેડ દુખે ગુડા રહે રે, મુખમાં શ્વાસ ન માય, ગાલે પડે કરોચલી રે, રૂપ શરીરનું જાય રે. ઘડપણ૦ ૪ જીભલડી પણ લડથડે રે, આણ ન માને કોય, ઘરે સહુને અળખામણો રે, સાર ન પૂછે કોય રે. ઘડપણ૦ ૫ દીકરા નાશી ગયા રે, વહુઅર દીએ છે ગાલ; દીકરી નાવે ઢુંકડી રે, સબલ પડ્યો છે જંજાલ. ઘડપણ૦ ૬ કાને તો કાંઇ

---

* જગભાણ એટલે અરિહંત ભગવાન.

[illegible] રે, [illegible] નહિ [illegible] રે [illegible] એ તો કોઈ ન [illegible]. ઘડપણ૦ ૭ [illegible] રે, [illegible] રે, [illegible] બુઢિઓ [illegible] રે. ઘડપણ૦ ૮ ઘડપણ [illegible] રે, ઘડપણ [illegible], ઘડપણ [illegible] રે, બુઢિઆ [illegible] રે. ઘડપણ૦ ૯ ઘડપણ તું [illegible] રે, [illegible] મા વેરી; જોગણીયું [illegible] રે, [illegible] તું [illegible] કરેમ. ઘડપણ૦ ૧૦ [illegible] તું અભાગિયા રે. જોબનનો તું કાલ, રૂપરંગને ભાંગી જતો રે, તું તો મહોટો ચંડાલ રે. ઘડપણ૦ ૧૧ નીસાસે ઉસાસમેં રે, દેવને દીજીએ ગાળ; ઘડપણ તું કાં સરજીઓ રે, લાગ્યો મહારે નિલાડ રે. ઘડપણ૦ ૧૨ ઘડપણ તું સદા વડો રે, હું તુજ કરું રે જુહાર; જે મેં કહી છે વાતડી રે, જાણજે તાસ વિચાર રે. ઘડપણ૦ ૧૩ કોઇ ન વછે તુજને રે," તું તો દૂર વસાવ; વિનયવિજય ઉવઝાયનો રે, રૂપવિજય ગુણ ગાય. ઘડપણ૦ ૧૪

૬૧ શિખામણની સજ્ઝાય

ચોવીસ જિન પ્રણમી કરી, સુગુરુને સુપસાયજી; સજ્ઝાય કહું રે સોહામણી, ભણતાં સુણતાં સુખ થાયજી. સુણજો સાજન શીખડી૦ ૧ સુદેવ, સુગુરુ, સુધર્મની, પરીક્ષા ન કરી લગારજી, દષ્ટિરાગે રે મોહી રહ્યો, તેણે રૂલ્યો સંસારજી. સુણજો૦ ૨ લાખ ચોરાશી યોનિમાં, ભમ્યો કાલ અનંતજી, જન્મ-મરણ દુઃખ ભોગવ્યાં, તે જાણે ભગવંતજી સુણજો૦ ૩ મનુષ્યજન્મ પામી કરી, પાપ કુટુંબ શું ધરી પ્રીતજી, ધર્મ કુટુંબ નવિ ઓળખ્યો, કામ કર્યાં વિપરીતજી. સુણજો૦

૪ પાપનુ મૂળ તે ક્રોધ છે, પાપનો બાપ તે લોભજી, માતા હિંસારે પાપની, પુત્ર લાલચ અશુભજી સુણજો૦ ૫ કુબુદ્ધિ પાપની સ્ત્રી છે, પાપની બેન તે રીસજી, જુઠ ભાઈ તે પાપનો, પુત્રી તૃષ્ણા તે કૃશજી સુણજો૦ ૬ પાપકુટુંબને પરિહરી, ધમકુટુંબ શુ ધરો નેહજી, નામ બતાવુ રે તેહના, જેહથી લહીએ ભવ છેહજી સુણજો૦ ૭ ધર્મનુ મૂળ તે ક્ષમા છે, બાપ નિર્લોભતા જાણુજી, માતા દયા તે ધમની, પુત્ર સંતોષ સુજાણજી સુણજો૦ ૮ ધર્મની સ્ત્રી તે સંજમ છે, પુત્રી સમતા શુ રાચજી, સુબુદ્ધિ બેન તે ધમની, ધમનો ભાઈ તે સાચજી સુણજો૦ ૯ પાચે ઇન્દ્રિય જે વશ કરે, જગતમા તેહિ જ સુરજી, પર ઉપકાર કરે તે પનવત, કુલક્ષણ ન સેવે તે ચતુરજી સુણજો૦ ૧૦ ધમમત આદરીને જે પાળે, જ્ઞાની તેહ કહાયજી, પદ્મવિજય સુપસાયથી, જીવ નમે તેહના પાયજી સુણજો૦ ૧૧

૬૨ શ્રી સજ્જનદીની સજ્ઝાય

સજ્જનન્દી રે આતમા, સૂતો કાંઈ નિશ્ચિંત રે, મોહ તણા રણીયા ભમે, જાગ જાગ નવિવત રે, લૂટે જગતના જવરે, નાખી વાંક અત્યન્ત રે, નરકાવાસ ઠવન્ત રે, કોઈ વિરલા ઉગરવ રે સ૦ ૧ રાગ-દ્વેષ પરિણતિ ભજી, માયા કપટ કરાય રે, કાશકુસુમપરે જીવડો, હોગટ જનમ ગમાય રે, માથ ભય જમરાય રે, દો મન સવ ધરાય રે, સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે. સ૦ ૨ રાવણ સરિખા રે રાજવી, નામ ચાલ્યા વિણુધામ રે, દશ માથાં દશનાં રડવડ્યા, ચાચ દીયે શિર કાગ રે, દેવ ગયા નવિ

બાગ રે, ન રહી માનનો ગાન રે, કહિ હાથે હરખા નિગાન રે, તો તે બાહુબલના [illegible] રે. સ૦ ૪ કેઈ [illegible] કેઈ આગળે, જેના આગળ [illegible] રે; [illegible] [illegible] રે [illegible] એનાં [illegible] [illegible] રે, [illegible] [illegible] [illegible] રે, તે નર એહ સંસાર રે. [illegible] [illegible] [illegible] રે. ન [illegible] [illegible] [illegible] રે. સ૦ ૩ નારાયણપુરી દ્વારિકા, બળતી દીઠી નિરધાર રે, રત્નમાં તે એકઠા, નાઠા દેઈ આશાશ રે, કિહાં તઠ્યાધા આવાસ રે, જગ જગ કરી ગયો સાસ રે, ગજમદ સરોવર પાસ રે, મુનિ પાંડવ શિવવાસ રે. સ૦ ૫ રાજી ગાજી રે બોલતા, કરતા હુકમ ઉેરાન રે, પોઢ્યા અગ્નિમાં એકઠા, કાયા રાખ સમાન રે, બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે. એ ઋદ્ધિ અથિર નિદાન રે, જેવું પીંપળ પાનરે, મ ધરો મૂઢ ગુમાનરે. સ૦ ૬ વાલેશર વિના એક ઘડિ, નવિ સોહાતું લગાર રે; તે વિણ જનમારો વહી ગયો, નહિ કાગળ સમાચાર રે, નહિ કોઇ કોઇનો સંસાર રે. સ્વારથિયો પરિવાર રે, માતા મરૂદેવી સાર રે, પહોંત્યા મોક્ષ મોઝાર રે. સ૦ ૭ માતા પિતા સુત બાંધવા, અધિકો રાગ વિચાર રે, નારી અસારી રે ચિત્તમાં, વંછે વિષય ગમાર રે, જૂઓ સૂર્યકાંતા જે નાર રે, વિષ દીધો ભરતાર રે, નૃપ જિનધર્મ આધાર રે, સજ્જન નેહ નિવાર રે. સ૦ ૮. હસી હસી દેતા રે તાલીયો, શય્યા કુસુમની સાર રે, તે નર અંતે માટી થયા, લોક ચણે ઘરબાર રે, ઘડતા પાત્ર કુંભાર રે, એહવું જાણી અસારરે, છોડ્યો વિષય વિકાર રે. ધન્ય તેહનો અવતાર રે. સ૦ ૯. થાવચ્ચાસુત શિવ વર્યો, વળી ઈલાચીકુમાર રે, ધિક્ ધિક્ વિષયી રે જીવને, લઈ વૈરાગ્ય રસાળ રે,

મેટી મોહજ બાગ રે, ઘેર રમે કેવળબાળ રે, ધન્ય કરક ડુ ભૂપાળ રે. સ૦ ૧૦ શ્રી શુભવિજય સુગુરુ લહી, ધર્મરયણ ધરો છેક રે, વીર વચન રસ ગોવડી, ચાખે ચતુર વિવેક રે, ન નમે તે નર એક રે, ધરતા ધર્મની ટેક રે, ભવજળ તરીયા અનેક રે સ૦ ૧૧

૬૩ વૈરાગ્યવર્ધક સજ્ઝાય

હોરે ચેતન ચેતજો –

પરખદા આગે દિયે મુનિ દેશના, જુઓ સંસારના રૂપ હો; જગમાં જોતા કો કોઇનુ નહિ, અરથી લાગે અનૂપ હો હો૦ ૧ સ્વારથ લગે સહુ ખુશ ખમે, જેમ દુઝણી ગાયની લાત હો, ભૂપે મારે બૂઢીને જુઓ, એમ અનેક અવદાત હો હો૦ ૨ ધૂતા વડે પીરી જિન્હા લગે, તિહાં લગે દિયે છે જવાર હો; નાથે ઝાલી ધી પાયે વળી, પછી ન નીર ચાર હો હો૦ ૩ સુતને ધવરાવે માતા સ્વારથે, સ્વારથે સુત ધાવત હો; લેવું દીજે રે દેવું દીજીયે, ભાખે એમ ભગવત હો હો૦ ૪ સગપણ સઘળાં રે સબધ લગે જે કરે પુન્ય ને પાપ હો, નવાનો ઉધારો જૂના ભોગવે, કુણ બેટો કુણ બાપ? હો હો૦ ૫ પહોતી અવધિ કોઇ પડખે નહિ, કીજે કોટી ઉપાય હો; રાખ્યુ તે કોઇનું નહિ રહે પાકા પાનનો ન્યાય હો હો૦ ૬ મોહની ભર્ખે સહુ મુઝી રહ્યા, એક રાગ ને બીજો દ્વેષ હો, ભગવત ભાખે બધન એ કહ્યા, તે માટે રાગ વિશેષ હો હો૦ ૭ જે જેમ કરે તે તેમ ભોગવે, કરમ ફ્રમવિપાક હો, વિષયનો

[illegible] ૧૦ [illegible] સંસારમાં [illegible] ૧૧.

૬૪ વૈરાગ્યની સજ્ઝાય

(રાગ ભુજંગી)

ઘણા મંદિર માળીઆ ગોખ મેડી, ઘણા બાગ ને બંગલા મોજ પેટી; સ્મસાને સૂકા કાષ્ટમાં વાસ લેવો, અરે આવશે એક તો દિન એવો. ૧ ઘણી વેર સેના ઘણા હાથી-ઘોડા, ઘણી જુગતીવાળા બન્યા ખેત જોડા, ઘડીમાં થશે સ્વપ્નનો સાજ જેવો, અરે આવશે એક તો દિન એવો. ૨ હશો ગામમાં સીમમાં કે કસીમાં, હશો ખેઠમાં કે હશો કો ખુશીમાં; કહો કોણ જાણે હશે કાળ કેવો, અરે આવશે એક તો દિન એવો. ૩ નહિ આગળે કાગળેથી જણાવે, નહિ કોઈ સાથે સંદેશો કહાવે; અજાણ્યો અકસ્માત આશ્ચર્ય જેવો, અરે આવશે તો એક દિન એવો. ૪ પૂરા થઈ શક્યા તે થશે કામ પૂરા, અધુરા રહ્યા તે રહેશે અધુરા; તડાકો તમે તોપનો જેમ ટેવો, અરે આવશે એક તો દિન એવો. ૫ રહ્યા મિત્ર સંબંધી તે સર્વ રોશે, જરા જોર ચાલે નહિ દ્રષ્ટિ જોશે; જશે ખાખ થઈ ઉડી તો આ અવેવો, અરે

આવશે એક તે દિન એવે ૬ ભર્યો પેટીમા રાચ રૂડા રૂપાળા, રહ્યા તેમના તેમ દીધેલ તાળા, નથી કુચીનો વમખો હાથ લેવે, અરે આવશે એક તે દિન એવે ૭

૬૫ વૈરાગ્યની સજ્ઝાય

મહેલ ઝરૂખાને માળિયા, હાડી ઝુમર ઠાઠમાઠજી, હીંચકતા હીંડાળે સુવર્ણના, જ્યોતિ દીપક ઝગમાગજી, એક દિન જાવું છોડી એકલા૦ ૧ હય ગય વર રથ પાલખી બેસી કરતા કહલોલજી, ચિઠ્ઠી ફરી જમરાયની, તે ઘર થની રડારોડજી એક૦ ૨ નિશદિન નોબત વાગતી, નાટક ગીત ને નાદજી, તે ઘર ખાલી ખ ડેર પડયા, કાને પડે કા ાસાદજી એક૦ ૩ શ્રીમ ત નામ ધરાવતા, જેનુ રહેવુ સાત માળજી, તેવા નરને ઉપાડીને હોળીઓ કરી ાખો કાળજી એક૦ ૪ આનદ મોજ ઉડાવતા, દેતા અદગાફ દાનજી, દુ ખ દેખ્યુ નથી દીલમા, તે પણ પહોચ્યા સમશાનજી એક૦ ૫ વાસુદેવ બળદેવ ચક્રવર્તી, ઈંદ્ર નાગેન્દ્ર જે હોયજી કાળે કોઈને મૂક્યા નહિ, અમર હુ નહીં કોઈજી એક૦ ૬ માત-પિતા સુત બાંધવા, પુ ી ભગિનીનો સાથજી, જ ામા કોઈ કોઈનુ નહીં કેમ બરી બેઠા છો બાથજી એક૦ ૭ હુ ને મારૂ કરી મેળવ્યુ, જનમા ભાગી દિન-રાતજી, અ તકાળે જતા જીવને એકલા, આવ્યુ કોઈ નહિ સ ગાતજી એક૦ ૮ પ્રયાણ થતા પરલોકના ભાવુ જીવને જરૂરજી, આવાગમન છે એકુ પુન્ય અને પાપ હજુરજી એક૦ ૯ ધન રહેશે દાટયુ ભાગમે પાદર સુપી સૌ સ ગાતજી, સ્વજન વા સમશાન લગી, જનની જુઓ રીત-ભાતજી એક૦ ૧૦ સબ રૂદન કરે સ્વાર્થનુ,

[illegible] ૧૧ [illegible] ૧૨ [illegible] આત્મનાથજી. [illegible] ૧૩ [illegible] ૧૪ [illegible] ૧૫

૬૬ વૈરાગ્યની સજ્ઝાય

એક દિવસના ગાદ્દુ ડેરામાં, સિર પર વાગે ઢાલ.જો, આવેગા જમડા લઈ જાય, જેમ તેતર ઉપર બાજજો. હો મન પંખીયા તું તો મત પડીશ ભવ પીંજરે સંસાર માયા જાળ. હો મન પંખીયા૦ ૧ કાચો તી કુંભ જળે ભર્યો, તેને વિણસતાં કેટલી વારજો, એવી રે કાયા તારી જાજરી તે તો અંતે થાશે ખાખજો હો મન૦ ૨ કુંભ રૂપી આ શરીર છે, નીર રૂપી તેમાં રોગજો, શુભ અશુભ કર્યાં હશે, તેનો આગળ પડશે ભોગ. હો મન૦ ૩ જ્યારે સરોવર નીર ભર્યાં હતાં, ત્યારે ન બાંધી પાળ જો, નીર હતાં તે વહી ગયાં, પછી હાથ ઘસે શું થાય. હો મન૦ ૪ આઉખા રૂપી નીર જાણવું, ધર્મ રૂપી તેને પાળ જો, આવો રે અવસર જે ચૂકશે, તેને જ્ઞાનીએ કીધો ગમાર. હો મન૦ ૫ સાડા ત્રણ હાથનું કાપડ મંગાવ્યું, શ્રીફળ લાવ્યા ચારજો, ખોખરી હાંડલીમાં આગ મંગાવી, તેને લઈ ચાલ્યા સમશાન. હો મન૦ ૬

ચેરી લગી સગી સુદગી, ઝાપા લગી માય અને બાપ જો, સમશાન લગી બધવો આવે, તે તો ખોળી બાળે હાડ જો, હો મન૦ ૭ હાડ બળે જેમ લાકડી, કેશ બળે જેમ ઘાસ જો, કચનવરણી તારી કાયા બળશે, ત્યારે કોઈ ન આવે સાથ જો હો મન૦ ૮ ચૂવા ચદન અગ વિલેપન, નિત નિત નવલા શણગાર જો, સાવ કચન જેવી કાયા તારી, અતે થાશે નાખ જો હો મન૦ ૯ માતા રૂવે તારી ઘડી ઘડી, બહેની રૂવે ખટ માસ જો, ઘરની ત્રિયા તારી તેર દિવસ રૂવે, પછી પૂરે બેઞી આય. હો મન૦ ૧૦

૬૭ આત્મજ્ઞાનની સજઝાય

શી કહુ કથની મારી વીર, શી કહુ કથની મારી; જન્મ પહેલા મેં આપની પાસે, કીધો છે કોલ કરાર, અનતા જન્મના કમ મિટાવવા, મનુષ્ય જન્મ મેં દીલધારી. શી૦ ૧ સસાર વાયરાની લ્હેરથકી હુ, વિસર્યો છુ આજ્ઞા તુમારી બાલપણામા હુ રહ્યો અજ્ઞાની, મનુષ્યજન્મ ગયો અવહારી શી૦ ૨ જોબન વયમા વિષય વિકારી રાચી રહ્યો હુ દીલ ધારી, ધન ન પાડ્યો ધમ ન સાધ્યો, ધમને મેલ્યો મેં વિસારી શી૦ ૩ જોતજોતામા ઘડપણ આવ્યુ, શક્તિ ગઈ સહુ મારી, ધનદોલતની આશાએ વળગ્યો ગયો મનુષ્યભવ હારી શી૦ ૪ ભરતભૂમિમા પચમકાળે, નહિ કોઈ કેવળ ધારી, સદેશ સઘળા કોણની પાસે મતિ મુઝાય છે હવે મારી. શી૦ ૫ ઉદયરત્ન કરજોડી કહે છે, કરો હો મહેર મોરરી, ભક્તિવત્સલ બહુ સહાય કરીને, લેજો મુજને ઉગારી. શી૦ ૬

[illegible]

[illegible] જ્યારે આવશે રે, ત્યારે રહેશે તાહરી કુણ લાજ. શું મુખ૦ ૨ અહીં આંખો દેખાડતા બીતો નથી રે, શું કુદે છે મન નથી લાજ; સુરશશિના [illegible] જોર છે રે, રખે જાણતો પોપાબાઈનું રાજ. શું મુખ૦ ૩

સંસારનું નાટક. (૧૯)

હું તો નટવો થઈને નાટક એવા નાચ્યો હો જિનવરિયા. પહેલાં નાચ્યો પેટમાં, માતાના બહુવાર; ઘોર અંધારી કોટડી કોણ સુણે પોકાર, જ્યાં માથું નીચું ને છાતી ઉંચી હો જિનવરિયા. હું તો૦ ૧. હાડ–માંસનો પીંજરો, ઉપર મઢીયો ચામ; મળ–મૂત્ર માંહે ભર્યો, માન્યો સુખનો ધામ. ત્યાં નવ નવ મહિના ઉંધે માથે લટકયો હો જિનવરિયા. હું તો૦ ૨. ઉઠ ક્રોડ રોમ રોમમાં, કરી ધગધગતી સોય; કોઈ ભોંકે જો સામટી, કષ્ટ અષ્ટગણું હોય. પછી માતાને મેં જમના દ્વાર દેખાડયા હો જિનવરિયા. હું તો૦ ૩ બાંધી મુઠી હોયમાં, લાવ્યો પુણ્ય ને પાપ; ઉવા ઉવા કરી હું રહું, જગમાં હર્ષ ન માય. પછી પરદામાંથી રંગભૂમિ

૫૧ આવ્યો હો જિનવરિયા ૬ તો૦ ૪ પારણીયામા પોઢીયો, માતા હાલો ગાય, ખરડાવ્યો મળમૂત્રમા, અશુચી મુખ જાય પછી ભીનામાથી સુકામા સુવાડયો હો જિન વરીયા ૬ તો૦ ૫ છોટાનો મોટો થયો, રમતો પૂલીમાય; પિતાએ પરણાવીયો, માતા હરખે ન માય પછી નારીનો નચાવ્યો, થેઈ થેઈ નાચ્યો હો જિનવરિયા ૬ તો૦ ૬ કુટુબ ચિંતા કારની, ચૂટ કલેજા ખાય, એથી તો બની હાકિણી, મનડુ માહિ મુઝાય પછી કોશીગનો દીરો ઝાઝ ઝુપાયો હો જિનવરીયા ૬ તો૦ ૭ દાઢા ને દાનો પડ્યા, નીચા હળીવા નેણ, આખોની લાલી ગઈ, ખુ ખુ થઈ નઈ દેણ પછી ડોસો થઇને ડામાડામગ ચાલ્યો હો જિનવરીયા. ૬ તો૦ ૮ ચાર ગતિ ચોગાનમા નાચ્યો નાચ અપાર; ભ્યાવસાગર નાચ્યો નહિ, રત્નત્રયીને દ્વાર પણ કુમતિનો ભરાવ્યો, કાંઇ નવિ સમજ્યો હો જિનવરીયા ૬ તો૦ ૯

રત્નચિંતામણિની સજ્ઝાય (૭૦)

આ ભવ રત્નચિંતામણિ સરિખો વારોવાર ન મળશેજી, ચેતી શકે તો ચેતજે જીવડા આવો સમય નહિ મળશેજી આ ભવ૦ ૧ ચાર ગતિ ચોરાશી યોનિ, તેમા તુ ભની આયોજી, પુણ્યસંયોગે સ્વપ્નની સગતે માનવનો ભવ પાયોજી આ૦ ૨ વહેલો થા તુ વહેલો જીવડા, લે જિન વરનુ નામજી, કુગુરુ કુદેવ કુધર્મને છડી કીજે આતમ કામજી આ૦ ૩ જેમ કઠીયારે ચિંતામણિ લઈ, કુદરતે સંયોગજી; કાકરાની પરે નાંખી દીધો, ફરી નહિ મળ્યા એમજી આ૦ ૪ તેહની પરે તુ જો જીવડા, કમ આહિં

[illegible] (૫૫)

[illegible]

બનું, વીજલી આસમાનકી. ખબર૦ ૨. કૂડ કપટ કર માયા જોડી, કરી બાતાં છલકી, કરી૦ પાપકી પોટલી બાંધી શિર પર, કૈસે હોય હલકી. ખબર૦ ૩. યા જુગ હૈ સૂપનેકી માયા, જૈસે બુંદ જલકી; જૈસે૦ વિણસંતા તો વાર ન લાગે દુનિયા જાય ખલકી. ખબર૦ ૪. માત તાત પ્રિયા સુત બાંધવ, સબ જગ મતલબકી; સબ૦ કાયા માયા નાર હવેલી, એ તેરી કબકી. ખબર૦ ૫ માન માનવ તન ચંચલ હસ્તી, મસ્તી હે બલકી; મસ્તી૦ સદ્ગુરુ અંકુશ ધરો શિર પર, ચલો માર્ગ સતકી. ખબર૦ ૬. જબ લગે હંસા રહે દેહમેં, ખુશીયાં મંગલકી; હંસા છોડ ચલ્યા જબ દેહી, મિટિયાં જંગલકી. ખબર૦ ૭. પર ઉપગાર સમો નહિ સુકૃત, ધર સમતા સુખકી; ધર૦ પાપ વલી પર પ્રાણી પીડન, હર હિંસા દુઃખકી. ખબર૦ ૮. કોઈ ગોરા કોઈ કાલા પીલા, નયને નીરખનકી; નયને૦ એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્ગલકી. ખબર૦ ૯. અનુભવજ્ઞાને આતમ બૂઝી, કર બાંતા ઘરકી; કર૦ અમરપદ અરિહંતકું ધ્યાના, પદવી અવિચલકી. ખબર૦ ૧૦.

શિખામણની સજ્ઝાય. (૭૩)

ગર્ભાવાસમાં ચિંતવે રે, હવે ન કરશું મે પાપ કે, જબ જાયો તબ વિસર્યો રે, માંડયો માંડયો ઘણો સંતાપકે સુણ રે ચંચલ જીવડા, તું તો પરભવ કેશો લઈ શકે, સુણ રે ચંચલ જીવડા ર. ૧ જો નવકાર ગણાવીયે તો, નયણે નિંદ ભરાય કે, નાટક ચેટક નિરખતા તો, જાય જાય રયણી વિહાય કે સુણ રે૦ ર જો સામાયિક કરાવીયે તો, લાગે વાર અપાર કે, વાતો સાચે જો મિલે તો, કરે કરે પહોર બે ચાર કે સુણ રે૦ ૩ ઉભા કાઉસ્સગ્ગ કરાવીયે તો, કહે દુખે મેરા પાય કે; માથે પોટકું મુકીયે તો, દોડયો દોડ્યો મારગ જાય કે સુણ રે૦ ૪ જો ઉપવાસ કરાવીએ તો, લાગ ભૂખ અપાર કે, લેણા કારણ રોકાયે તો, લાપે લાપે દો દિન ચાર કે સુણ રે૦ ૫ ધર્મને કાજે માગીએ તો, એક બદામ ન દેય કે; રાજક દેવક રોકી લ્યે તો, પૂણે બેસી ગણી દેય કે સુણ રે૦ ૬ લોભને વશ થઈ પ્રાણીયો રે, મેલે ઘણેરી આથ કે, દાન સુપાત્રે દેયતા તો, થર થર ધ્રુજે છે હાથ કે સુણ રે૦ ૭ નવ વરષ આરાધીયે તો, જપીએ શ્રી નવકાર કે; ખીમાવિજય ગુણ જાણીએ તો, પહોંચે મુક્તિ મોઝાર કે સુણ રે ચંચલ જીવડા૦ ૮

ધોબીડાની સજ્ઝાય. (૭૪)

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે, રખે રાખતો મેલ લગાર રે; એણે રે મેલે જગ મેલો કર્યો રે, અણધોયું ન રાખે લગાર રે. ધો૦ ૧ જિનશાસન સરોવર સોહામણું રે,

[illegible] રે, [illegible] રે, [illegible] રે. [illegible] [illegible] [illegible] રે. ધી૦ ૨. નિંદા [illegible] મુનિવર [illegible] રે, [illegible] રે; [illegible] સાધે તે કિરિયા રે, નિંદા [illegible] આતમ [illegible] રે. ધી૦ ૩. તપસ્યે તપ [illegible] કરી રે, [illegible] રે, [illegible] ઉડાડે પાપ અઢારના રે; એમ ઉજળું કીધો [illegible] રે. ધી૦ ૪. આલોયણા સાધુડા સૂધા કરે રે, [illegible] આવે માયા [illegible] રે; નિશ્ચય પવિત્રપણું રાખજો રે, પછે આપણા નિયમ સંભાળ રે. ધી૦ ૫. રુપે મુક્તો મન મોકળું રે, પડ મેલીને સંકેત રે; સાગરમુંદરની શીખડી રે, સુખડી અમૃતવેલ રે. ધી૦ ૬.



આધ્યાત્મિક પદો

આશા ઓરનકી કયા કીજે. (૭૫)

આશા ઓરનકી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે આશા૦ ભટકે દ્વાર દ્વાર લોકનકે, કુકર આશાધારી, આતમ અનુભવ રસકે રસીયા, ઉતરે ન કબહુ ખુમારી આશા૦ ૧ આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા, આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા આશા૦ ૨ મનકા પ્યાલા પ્રેમ મશાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી, તન ભાઠી અવટાઈ પીવે કસ, જાગે અનુભવ લાલી આશા૦ ૩ અગમ પિયાલા પિયો મતવાલા, ચીન્હે અધ્યાતમ વાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા આશા૦ ૪

અબ હમ અમર ભયે (૭૬)

અબ હમ અમર ભયે ન મરેગે અબ૦ યા કારન મિથ્યાત દીયો તજ, કયું કર દેહ ધરેગે અબ૦ ૧ રાગ દેષ જગબંધ કરત હે, ઉનકો નાશ કરેગે; મર્યો અનંત કાલ તે પ્રાની સો હમ કાલ હરેગે અબ૦ ૨ દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેગે, નાશી જાસી હમ થીરવાસી, ચોખે બહી નિખરેગે અબ૦ ૩ મર્યો અનંતવાર બીન સમજ્યો, અબ સુખ દુખ બિસરેગે; આનંદઘન નિકટ નિપટ અક્ષર દો, નહિ સમરેગે સો મરેગે. અબ૦ ૪

[illegible]

[illegible] (૭૭)

[illegible] કથની તો જગ મજૂરી રહુની, તો કે ખાંડ કસ્તૂરી; કથની સાકરનામ મીઠી. રહુની અતિ લાગે અનીઠી—કથ૦ ૪. જબ રહુનીકા નર પાવે, કથની તબ ગિનતી આવે; અબ ચિદાનંદ ઇમ જોઈ, રહુણીકી સેજ સોઈ—કથ૦ ૫.

(૭૮)

લઘુતા મેરે મન માની, લેઇ ગુરુગમ જ્ઞાનનિશાની. લઘુ૦ એ ટેક. મદ અષ્ટ જિનોને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે, દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની. લઘુ૦૧ શશી સૂરજ બડે કહાવે, તે રાહુકે બસ આવે; તારાગણ લઘુતા ધારી, સ્વરભાનુ ભીતિનિવારી. લઘુ૦ ૨. છોટી અતિ જોયણગંધી, લહે ખટરસ સ્વાદ સુગંધી; કરટી મોટાઇ ધારે, તે છાર શીશ નિજ ડારે. લઘુ૦ ૩. જબ બાલચંદ્ર હોઈ આવે, તબ સહુ જગ દેખણ ધાવે; પૂનમદિન બડા કહાવે, તવ ક્ષીણ કલા હોઈ જાવે. લઘુ૦ ૪. ગુરુતાઈ મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે; અંગમાંહે લઘુ કહાવે, તે

